२४६९०

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મશિલ્પની કેળવણી

: લેખક :

કનૈયાલાલ માણેકલાલ મુનશી

: અનુવાદક :

ચંદ્રશંકર પ્રાણશંકર શુકલ

२० ग
१२

ગૂર્જર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

naj Foundation C

આત્મશિલ્પની કેળવણી

in. Gurukul Kan

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या 20 ग/92

पञ्जिका-संख्या 28680

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. મુનશી હીરકમહોત્સવ
ગ્રંથાવલિ : ગ્રંથ નં. ૧૯

●

આત્મશિલ્પની
કેળવણી

CHECKED 1973
Initial ......

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુનશી દંપતીનું સાહિત્ય

વેરની વસૂલાત
પાટણની પ્રભુતા
કોનો વાંક?
નવલિકાઓ
ગુજરાતનો નાથ
વાવાશેઠનું સ્વાતંત્ર્ય
પૃથિવીવલ્લભ
રાજાધિરાજ
પુરંદરપરાજય
અવિભક્ત આત્મા
સ્વપ્નદ્રષ્ટા
તર્પણ
બે ખરાબ જણ
ભગવાન કૌટિલ્ય
કેટલાક લેખો ભાગ ૧-૨
ગુજરાતના જ્યોતિર્ધરો
આજ્ઞાંકિત
કાકાની શશી
ધ્રુવસ્વામિની દેવી
પુત્રસમોવડી
બ્રહ્મચર્યાશ્રમ
સ્નેહસંભ્રમ
શિશુ અને સખી
થોડાંક રસદર્શનો
લોપામુદ્રા ભા. ૧ (વિશ્વરથ)
લોપામુદ્રા ભા. ૨ (શંબરકન્યા)
લોપામુદ્રા ભા. ૩ (દેવે દીધેલી)
નરસૈંયો ભક્ત હરિનો
આદિવચનો ભાગ-૧
લોપામુદ્રા ભા. ૪ (વિશ્વામિત્ર ઋષિ)
પીડાગ્રસ્ત પ્રોફેસર
Gujarat & Its Literature
નર્મદ : અર્વાચીનોમાં આદ્ય
જય સોમનાથ
I Follow the Mahatma
Early Aryans in Gujarat
અડધે રસ્તે
Akhand Hindustan
આદિવચનો ભા. ૨
મારી બિનજવાબદાર કહાણી
The Indian Deadlock
The Aryans of the West Coast
The Imperial Gurjarsa
લોમહર્ષિણી
અખંડ હિંદુસ્તાન (ગુ. ભાષાંતર)
ભગવાન પરશુરામ
The Ruin that Britain Wrought
The Bhagwadgita and Modern Life
ડૉ. મધુરિકા
The Creative Art of Life
The Changing Shape of Indian Politics
Gandhi; The Master
છીએ તે જ ઠીક
Linguistic Provinces & the future of Bombay.
Bhagavad Gita-An Approach
આત્મશિલ્પની કેળવણી
ગીતાનો અમર સંદેશ

શ્રીમતી મુનશી :

રેખાચિત્રો અને બીજા લેખો
કુમારદેવી
જીવનમાંથી જડેલી
રેખાચિત્રો, જૂનાં અને નવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. મુનશી હીરકમહોત્સવ ગ્રંથાવલિ : ગ્રંથ નં. ૧૯

મુનશી ક્રમાંક ૫૧

આત્મશિલ્પની કેળવણી

[The Creative Art of Life

નો અધિકૃત અનુવાદ]

: લેખક :

કનૈયાલાલ માણેકલાલ મુનશી

: અનુવાદક :

ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ

: પ્રકાશક :

ભારતીય વિદ્યા ભવન તરફથી

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધીરસ્તો : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવૃત્તિ પહેલી : ૧૯૫૦
કિંમત : બે રૂપિયા

પ્રકાશક :
ભારતીય વિદ્યા ભવન તરફથી
શંભુલાલ જગશીભાઈ શાહ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરસ્તો : અમદાવાદ.

મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ
શારદા મુદ્રણાલય, જુમ્મા
મસીદ સામે, પાનકોર નાકા,
અ મ દા વા દ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं०...............
आगत सं०...............
तिथि०...............
गुरुकुल कांगड़ी.

અનુક્રમ

વિષય	પૃષ્ઠ
૧ પ્રાસ્તાવિક	૩
૨ ભારતનો વિદ્યાર્થી	૧૧
૩ અર્વાચીન કેળવણીની અપૂર્ણતા	૧૬
૪ ઘડતરની કેળવણી	૨૩
૫ પશ્ચિમવાદને પડકાર	૩૧
૬ વ્યક્તિત્વનો વિકાસ	૩૬
૭ સંસ્કૃત : સાંસ્કારિક નવરચનાનું આવશ્યક અંગ	૪૦
૮ ઘડતરની કેળવણીમાં સંસ્કૃતનું સ્થાન	૪૫
૯ સંકુચિત સાક્ષરતાનાં જોખમો	૫૧
૧૦ ભારતીય સંસ્કૃતિની એકતા	૫૪
૧૧ ઘડતરમાં વાણીનું સ્થાન	૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨ સ્વાધ્યાયની સર્જનશક્તિ ૬૪

૧૩ શિક્ષક : સંસ્કૃતિનો સંદેશવાહક ૭૧

૧૪ વિદ્યાર્થી : આત્મશિલ્પનો કલાકાર ૭૫

૧૫ સર્વોત્તમ જીવનકલા ૮૩

૧૬ સર્વોત્તમ જીવનસ્વામીઓ ૯૦

૧૭ અર્વાચીન જીવનસ્વામીઓ ૧૦૧

૧૮ એ જીવન્ત જ્યોતિર્ધરો ૧૦૯

૧૯ સંસ્કૃતિનો સચોટ આવિર્ભાવ ૧૧૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મશિલ્પની
કેળવણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

પ્રાસ્તાવિક

ભારતીય વિદ્યા ભવન એ સંસ્થા નથી. એ તો એક હિલચાલ છે; સંસ્કારયજ્ઞ છે; ભાવનાસિદ્ધિની સાધના છે. તેના ઉદ્દેશો, છેક શરૂઆતથી, આ પ્રમાણે હતા: ભારતીય સંસ્કૃતિના સર્વ અંગઉપાંગોના અભ્યાસને ઉત્તેજન આપવું; એ સંસ્કૃતિની નવરચના અર્થાત્ તેના પુનર્વિધાનમાં સહાયતા કરવી; અને આર્ય સંસ્કૃતિના પાયામાં રહેલાં મૂલ તત્ત્વોનું અધ્યયન કરી તેનો પ્રચાર કરવો. ભવનની સ્થાપના વખતે આપેલા ભાષણમાં મેં કહ્યું હતું:

'સાહિત્ય સંસદે ઘણાં વરસથી એક સ્વપ્ન સેવ્યું છે — તેના સર્વ કાર્યને એકત્રિત કરી એક એવું કેન્દ્ર સ્થાપવાનું, જ્યાં પ્રાચીન યુગની વિદ્યા અને અર્વાચીન યુગની બૌદ્ધિક આકાંક્ષાઓ મળીને નવું સાહિત્ય, નવો ઇતિહાસ, તથા નવી સંસ્કૃતિ નિર્માણ કરે. સંસદનો એ સંકલ્પ આ ભવનરૂપે ફળીભૂત થાય છે. ભવન એવાં સક્રિય કેન્દ્રો ઊભાં કરશે જ્યાં પ્રાચીન આર્યવિદ્યાનું અધ્યયન થશે; અને જ્યાં અર્વાચીન ભારતીય સંસ્કૃતિ માટે ઐતિહાસિક પૂર્વભૂમિકા પૂરી પાડવામાં આવશે.'

ત્યારપછી તો ભવને ઝપાટાભેર પ્રગતિ કરી છે. તેણે થોડા જ વખત પર પોતાની સર્વ સંસ્થાઓમાં ઘણા સુધારાવધારા કર્યા છે; અને આર્ટ્સ કૉલેજ તથા વૈજ્ઞાનિક શિક્ષણની સંસ્થા કાઢવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૈયારી ચાલી રહી છે. * એટલે હવે એક પ્રશ્ન સહેજે ઉપસ્થિત થાય છે: ભવનની સંસ્થાઓમાં અપાતી કેળવણીની અન્તર્ગત ભાવના, તેમજ તેની પ્રક્રિયા અથવા પદ્ધતિ, બીજી સંસ્થાઓના જેવી જ હોવી જોઈએ કે કેમ?

આ વિષયમાં ભવનની વૃત્તિ ઘણી સ્પષ્ટ છે. તે એવી કેળવણી આપવા ઇચ્છે છે જેનો પ્રાણ ભારતીય હોય. એવી કેળવણી આપણી પોતાની સંસ્કૃતિના ચીલાને અનુસરનારી જ હોવી જોઈએ. આ સંસ્કૃતિ નથી કેવળ ધર્મનો વિષય; નથી કોઈ ખાસ સામાજિક વ્યવસ્થા; નથી નરી ફિલસૂફી. એ તો જીવનપથ છે. આપણું ઈશ્વરનિર્મિત ભાવિ એ સંસ્કૃતિમાં રહીને અને તેના દ્વારા જ સિદ્ધ થઈ શકે એવું છે.

ભવનના ઉદ્દેશોમાં કેળવણી વિષેના જે આદર્શોને સ્થાન અપાયું છે તે આદર્શોના પાયા પર જ આ સંસ્કૃતિની ઈમારત ચણાયેલી છે; અને એ સંસ્કૃતિ જો એ આદર્શોનું અનુશીલન કરે, તો જ અર્વાચીન સંયોગો સાથે બંધ બેસે એવી રીતે એની નવરચના થઈ શકે. એ આદર્શો વિનાની કેળવણી વ્યર્થ છે, અને વન્ધ્યા છે. એ આદર્શોનું અનુશીલન થાય, તો જ કેળવણી પ્રસવશીલ અર્થાત્ સર્જનાત્મક બને, અને તો જ ભારતવર્ષના બળમાં વૃદ્ધિ થાય.

ભારતીય કેળવણીના આ આદર્શો ભવનના ઉદ્દેશોમાં મુકાયા ત્યારે તેનો ખરડો ઘડવામાં મારો પણ કંઈક હાથ હતો. પ્રાચીન તેમજ અર્વાચીન ભારતમાં તેમજ પરદેશોમાં સર્જનાત્મક કેળવણીના જે સિદ્ધાંતો ને પદ્ધતિઓ પ્રચલિત હતાં અને છે, તેનો વિચાર એ ખરડો ઘડતી વખતે કરવામાં આવ્યો હતો. ભવનમાં અધ્યાપકો તથા છાત્રોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે; અને તેમની સાથે નિકટનો સંપર્ક સાધવાનું મારાથી બની શકે એવું નથી. તેથી મેં વિચાર કર્યો કે

* જે બંને આ પછી નીકળી ચૂક્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવનના ઉદ્દેશોમાં જે સર્જનાત્મક કેળવણીનો 'ભારતીય કેળવણી' નામથી નિર્દેશ કરવામાં આવ્યો છે તેનો સાચો અર્થ, તેની અસર, અને તેના ધ્યેય વિષે મારા મનમાં રહેલી કલ્પનાઓ મારે વિશાળ શ્રોતાવર્ગ સમક્ષ રજૂ કરવી એ સારું છે.

ત્રીસ વરસથી કેળવણીનાં અનેક અંગો જોડે મારે કંઈક ને કંઈક સંબંધ રહ્યો જ છે — મુંબઈની યુનિવર્સિટી જોડે; કોલેજો, હાઈસ્કૂલો તથા પાઠશાળાઓ જોડે; તેમજ ડેવિડ સાસૂન ઉદ્યોગશાળા, ચેંબુરના વિદ્યાર્થીગૃહનું ઉદ્યોગાલય, તથા મનસુખલાલ છગનલાલ કૃષિ અને પશુપાલન વિદ્યાલય જેવી સંસ્થાઓ જોડે. હું પોતે શિક્ષક નથી, પણ સર્વ કક્ષાના શિક્ષકો જોડે હું સમાગમમાં આવ્યો છું. પણ એથીયે મોટી વાત તો એ કે યુનિવર્સિટીની કેળવણીમાંથી જે ફાલ ઊતરે છે તેનો હું એક નમૂનો છું. એ કેળવણીએ મારા પર જે પકડ જમાવેલી તેમાંથી છૂટવા, અને ખરેખરી સર્જનાત્મક કેળવણીનું મહત્ત્વ સમજવા, મારે વરસો સુધી મથામણ કરવી પડી છે.

હિંદને ગયાં દોઢસો વરસથી જે કેળવણી મળી રહી છે તે નથી હિંદી, કે નથી સર્જનાત્મક. એ કેળવણીનું ભલે સારામાં સારું રૂપ લઈએ, તો તેને 'પશ્ચિમી' કહી શકાય એવું પણ નથી. એ શરૂ તો કરાયેલી એક રાજદ્વારી યુક્તિ કે કરામતરૂપે. પછી ચાલુ રખાઈ, તે એક હંગામી વસ્તુ તરીકે. તે જેવી હતી તેવી રાખીને તેનાથી જ આજ સુધી કામ ધકાવવામાં આવ્યું છે. મેકોલેએ જ્યારે હિંદમાં અર્વાચીન કેળવણીનો પાયો નાંખ્યો, ત્યારે તેણે સ્પષ્ટ શબ્દોમાં કહેલું કે 'અમારે તો આ કેળવણી દ્વારા એવા માણસો પેદા કરવા છે જે અંગ્રેજી અમલનાં સગવડિયાં સાધન બનીને રહે.'

એનો એ હેતુ અચૂક ફળીભૂત થયો. આ કેળવણીએ અંગ્રેજી જાણનારા હિંદીઓનો એક એવો વર્ગ નિર્માણ કર્યો છે જે હિંદને કેવળ પોતાના માલિકોની આંખે જ જુએ છે; એ ઉપરાંત એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદ વિષેનું જ્ઞાન નહીંજેવું છે. આવા હિંદીઓને અંગ્રેજોના 'માનસપુત્ર' કહેવામાં આવ્યા છે, તે વર્ણન સાચું છે. આ વર્ગના માણસો પરદેશી અમલની હૂંફે તાગડધિન્ના કરતા; એ અમલ 'ઈશ્વરે ડહાપણ વાપરીને હિંદમાં મોકલ્યો છે,' એમ માનતા; અને પોતાના દેશબંધુઓ જાણે કંઈક ઊતરતા દરજ્જાનાં, અસંસ્કૃત માનવીઓ ન હોય તેમ એમના તરફ તુચ્છકારની નજરે જોતા.

હિંદમાં અર્વાચીન કેળવણી નિષ્ફળ નીવડી છે. તેમાં અંગ્રેજી ભાષાના પ્રભુત્વ પર જે હદ બહારનો ભાર મૂકવામાં આવે છે, તે પરથી એનો ખરો ઇરાદો ખુલ્લો પડી જાય છે. યુનિવર્સિટીની ઘટમાળમાંથી પસાર થઈને નીકળેલો હિંદી જુવાન કહ્યાગરા દલાલ કે વાણોતર જેવો બની ગયો હોય છે. તેની વિચારસરણી તેમજ રહેણી તેના પરદેશી શેઠિયા કે માલિકોને અનુકૂળ આવે ને ગમી જાય એવી હોય છે. આવો માણસ વકીલ, ડાક્ટર, વૈજ્ઞાનિક કે વેપારી તરીકે અંગ્રેજોને મદદ કરે છે — પરદેશી અમલે આ દેશને જે નીતિનાશને રસ્તે ઘસડ્યો છે તેની અસર ભૂલી જવાનું અંગ્રેજોને આ વર્ગે સરળ કરી આપ્યું છે.

અંગ્રેજી જગતના આન્તરરાષ્ટ્રીય વ્યવહારની અગ્રેસર ભાષા છે એમાં જરાયે શક નથી; એની મારફતે આપણે બાકીની દુનિયા જોડે સંપર્ક સાધી શકીએ છીએ. પણ આ તો આનુષંગિક લાભ છે. વસ્તુસ્થિતિનો વિચાર કરીએ, તો તો એમ જ કહેવું પડે કે અંગ્રેજીનું આટલું બધું વર્ચસ્વ જો આપણા પર ન હોત, તો આપણી સ્વભાષાઓના ઉપયોગ દ્વારા આપણા આત્મા ભારતીય સંસ્કૃતિની ભૂમિમાંથી જીવનરસ ચૂસી શક્યા હોત. પણ આપણે વરસો સુધી અંગ્રેજીનો જે અભ્યાસ ઘૂંટીઘૂંટીને કરવો પડે છે, તેણે આપણને આ જીવનરસથી સાવ વંચિત રાખ્યા છે.

હિંદની અર્વાચીન કેળવણીનું બીજું લક્ષણ એ છે કે તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરી માહિતી જ ઢગલાબંધ અપાય છે. યુરોપ અમેરિકાના શિક્ષણ-પ્રવાહોમાં પણ આ લક્ષણ ગયાં થોડાંક વરસથી દેખાવા લાગ્યું છે. એટલે યુનિવર્સિટીના સ્નાતકને માહિતીના નકામા ટુકડા ફેંકવાની ટોપલી બનવું પડે છે. એની અસર કેવળ હાનિકારક જ નીવડે છે; એનાથી વિદ્યાર્થીને ભાગે પશ્ચિમવાદ — અથવા કહો કે પશ્ચિમી દૃષ્ટિસ્વરૂપ — ના નર્યા કૂચા ઉપરાંત વધારે કંઇ આવતું નથી.

હિંદની અર્વાચીન કેળવણીનું એક બીજું પણ લક્ષણ છે, તે અત્યંત ભયભરેલું છે. આપણે હલકા, ઊતરતા છીએ, એવી ગ્રન્થી આપણા મનમાં પેદા કરવા તરફ એ કેળવણીનો ઝોક રહેલો છે. એ પાદરીઓના ઉત્સાહનો વારસો છે. બ્રિટિશ અમલની શરૂઆતના દિવસોમાં એ ઉત્સાહે આપણી પ્રાચીન અને ફૂલીફાલી સંસ્કૃતિ પર યુરોપની અણઘડ સંસ્કૃતિ યેન કેન પ્રકારેણ ઠોકી બેસાડવાનો પ્રયાસ કર્યો હતો. એ પ્રયાસની પાછળ માન્યતા એ રહેલી હતી કે હિંદીઓ જંગલી ને અસંસ્કૃત છે, અને તેમના આત્માઓનો ઉદ્ધાર કરવાનું કામ ઇશ્વર તરફથી ગોરાઓને સોંપાયેલું છે. આ પ્રયાસને પરિણામે, અંગ્રેજી ભાષા તે નવા અમીરી વર્ગની સંજ્ઞા થઈ પડી; અને પાટલૂન તે સુધારાનું ચિહ્ન ગણાયું. ગયા સૈકાના કેટલાક દસકામાં એવો પણ વખત હતો જ્યારે નવી કેળવણીથી રંગાયેલા માણસો એવો ઘમંડ ધરાવતા કે ગોમાંસભક્ષણ અને મદ્યપાન કરવું એ દેશના બીજા અસંસ્કારી ગમારો કરતાં ઊંચી કક્ષાએ ચડ્યાની નિશાની છે. નિશાળોમાં સત્યનો પાઠ શીખવવાનો હોય, તો આપણને જ્યોર્જ વૅાશિંગ્ટનની વાત કહેવામાં આવતી — જાણે આપણે ત્યાં હરિશ્ચંદ્ર તો થયો જ ન હોય. આપણી આગળ ખંતના ગુણનાં વખાણ કરવાનાં હોય, તો રૅાબર્ટ બ્રૂસ અને કરોળિયાની વાત શીખવાતી — જાણે આપણા ઇતિહાસમાં પ્રતાપ અને ગુરુ ગોવિન્દસિંહનાં દૃષ્ટાન્તો હોય જ નહીં. આપણાં દેશ અને સંસ્કૃતિ વિષે જે આપણને કંઇ કે શીખવાતું, તો તેમાં પણ પરદેશી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓની તુમાખી દેખાઈ આવતી, અને દૂધમાંથી પોરા કાઢવા જેવી ટીકા કરવામાં આવતી. આજની પેઢીના આપણા કેળવણીકારો આ શિક્ષણની અસર તળે ઊછર્યા હોઈ તેઓ એના સંસ્કારોના પાશમાંથી હજુ પૂરેપૂરા છૂટી શકયા નથી.

હિંદનો જે ઇતિહાસ શાળાકૉલેજોમાં શીખવાય છે તે ખરા ઇતિહાસનું વિકૃત રૂપ છે, એટલું જ નહીં પણ એવો ખોટો ઇતિહાસ ઊગતી પ્રજાને શીખવવો એ અપરાધ છે, સ્વદેશનો દ્રોહ છે. લગભગ હજુ હમણાં સુધી હિંદના ઇતિહાસ પરદેશી દૃષ્ટિએ લખાતા ને ભણાવાતા. હિંદ પર પરદેશીઓએ જે આક્રમણો કર્યાં તેનાં વર્ણનો એમાં આવતાં; પણ આપણા પૂર્વજોએ પરદેશી આક્રમણોનો કેવો પ્રતિરોધ કર્યો એની તો વાત જરાયે આવતી નહીં. આપણી સમાજવ્યવસ્થાની બૂરાઈઓ ગણાવવામાં આવતી. પણ એ વ્યવસ્થા કેવી રીતે હસ્તીમાં આવી તે શીખવાતું નહીં, જોકે શીખવાવું જોઈતું હતું. વાસ્તવિક રીતે જોતાં, આપણી આ સમાજવ્યવસ્થા જગતમાં સૌથી અધિક દીર્ઘાયુષી નીવડી છે. તેણે આપણી પ્રજાનાં જીવન અને સંસ્કારને રક્ષણ આપી ટકાવી રાખ્યાં છે. તે ઉપરાંત તેણે સંયોગો અનુસાર બદલાતા રહેવાની જે સ્થિતિ-સ્થાપકતા કેળવી છે તેનો જોટો જગતમાં બીજે કયાંય મળે એમ નથી. એના આ ગુણોનું બયાન આપણા ઇતિહાસોમાં આવવું જોઈતું હતું, પણ આવતું નહીં. સિકંદરે હિંદ પર મારેલા 'છાપાને ' દિગ્વિજય 'નું રૂપ આપી તેની ભાટાઈ પાછળ આ ઇતિહાસોમાં પાનાંનાં પાનાં ભરાતાં. પણ ત્રણસો વર્ષથી મગધમાં શૈશુનાગો ને નન્દોએ સ્થાપેલું જે સામ્રાજ્ય એ જ વખતે હસ્તીમાં હતું તેનું, અથવા એ સામ્રાજ્યમાં જે સંસ્કૃતિનો સૂર્ય મધ્યાહ્નને પહોંચવા આવેલો તે સંસ્કૃતિનું, તો વર્ણન આવતું જ નહીં; ને આવતું તો નહીં જેવું. દિલ્હીના રાજમહેલમાં ચાલતી સુલતાનોની ખટપટોને લગતી ભભકભરી વિગતો એ પુસ્તકોમાં અપાય છે; પણ મધ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એશિયામાંથી આ દેશ પર સમુદ્રનાં મોજાંની પેઠે ધસી આવતાં, યવનો ને મ્લેચ્છોનાં, એ ધાડાંના પ્રચંડ બળ સામે હિંદનાં વીરો તથા વીરાંગનાઓએ સેંકડો વરસ સુધી જે પ્રતીકાર કર્યો તેનું જ્ઞાન આપણને અપાતું નથી. ૧૮૫૭નો 'બળવો' કેમ થયો — એ ઘટનાને માટે આ નામ અંગ્રેજ લશ્કરી અમલદારોએ યોજેલું— અને શૂરા પરદેશીઓએ એને કેવી રીતે દબાવી દીધો એ આ ઇતિહાસોમાં વર્ણવાય છે. યુનિવર્સિટીની બહાર જ આપણને ખબર મળે છે કે એ તો રાષ્ટ્રીય સ્વાતન્ત્ર્યનો સંગ્રામ હતો; અને તે વખતે હિંદુ અને મુસલમાન, દેશમાંથી પરદેશીનો પગ કાઢવા માટે, છેલ્લા મોગલ બાદશાહની આસપાસ ભેગા થયા હતા. અર્વાચીન કેળવણીના સંચામાં ઘડાઈ ને નીકળેલા જુવાનને સ્વદેશની મહત્તા વિષે કશી જ જાણ નથી હોતી, એ આશ્ચર્યની વાત નથી. એને એ જાણ ન થવા પામે એવી પેરવી એ કેળવણીના સૂત્રધારોએ જાણીબૂજીને, ઇરાદાપૂર્વક કરેલી છે.

સર્જનાત્મક કેળવણીથી આપણો યુવક ખરેખરો ભારતીય બનવો જોઈએ; સબળ, સત્યનિષ્ઠ ને સ્વતંત્ર થવો જોઈએ — તેની સંસ્કૃતિમાં જે ઉત્તમોત્તમ અંશો હોય તે એનામાં મૂર્તિમંત થવા જોઈએ; જે જગદ્‌ગુરુ ભારતવર્ષ પાસે સમગ્ર માનવજાતિને આપવા જેવો સંદેશો પડેલો છે તેનો એ સાચો ને સંસ્કારસંપન્ન પ્રતિનિધિ બનવો જોઈએ.

આવી કેળવણીનાં મૂલ તત્ત્વો શાં હોવાં જોઈએ? એ જાણવા માટે આપણે સાવ નવી જ દૃષ્ટિથી નવેસર શોધ શરૂ કરવી જોઈએ. તેમ કરવામાં આપણે ભારતના દૃષ્ટિબિન્દુથી જોવું જોઈએ; આપણે આપણી સંસ્કૃતિની પ્રતિભાને જાગૃત કરવી જોઈએ. આપણે અહંતા રાખીને પોતાનાં જ બણગાં ન ફૂક્યાં કરીએ, એ યોગ્ય છે; પણ આપણે આપણા સ્વભાવને ઓળખી તેને અનુસરતું આપણું ઘડતર તો કરવું જ જોઈએ. આપણે બીજાઓ કરતાં હીણા છીએ, હલકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ, એવી ગાંઠ આપણાં મનમાં બંધાઈ ગઈ હોય, તો તે કાઢવી જોઈએ. આત્મા વડે જ આત્માનો ઉદ્ધાર કરી શકાય.

એટલે ભારતીય શિક્ષણ અથવા કેળવણીનો વિચાર કરતી વખતે આપણે સૌથી પહેલો વિચાર કરવો જોઈએ ભારતવર્ષનો. આપણે જો જગતનો ઉદ્ધાર કરવો હોય, તો આપણે ક્યાંક ઊભા રહેવાનો ઠામ તો જોઈએ જ. એ ઠામ તે આપણે માટે આપણી માતૃભૂમિ — ભારતવર્ષ જ હોઈ શકે. તેથી શિક્ષકો ને વિદ્યાર્થીઓમાં સૌથી પહેલાં તો આવવી જોઈએ 'ભારતીયતાની ભાવના'.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

ભારતનો વિદ્યાર્થી

આપણે જો સર્જનાત્મક કેળવણીને સંગીન બનાવવી હોય, તો એની સૌથી પહેલી શરત એ છે કે આપણે ભારતભૂમિ પર ઊભા રહી તેનો આધાર લેવો જોઈએ. આ વૃત્તિને રાજકીય દૃષ્ટિએ જોઈએ તો તેને રાષ્ટ્રીયતાની ભાવના કહી શકાય. પણ ભારતની રાષ્ટ્રીયતા પાછળ યુરોપમાં છે એવી સંકુચિતતાવાળું રાજકીય માનસ પડેલું નથી. રાજકાજ એ, આખરે તો, જીવનનું એક મર્યાદિત ક્ષેત્ર છે. આપણી રાષ્ટ્રીયતા એથી અધિક વ્યાપક સ્વરૂપ ને વિશાળ અર્થવાળી સંઘભાવના છે. આપણી રાષ્ટ્રીયતા તે આપણી માતૃભૂમિ ભારત પ્રત્યેની ભક્તિ અને સમર્પણની ભાવના છે.

આ રાષ્ટ્રીયતાની વૃત્તિનું વર્ણન મેં એકવાર આ પ્રમાણે કર્યું હતું:

'આપણામાંથી જેમને હિંદી રાષ્ટ્રીયતા વિષે આસ્થા છે તેમને મન ભારતવર્ષ એ માતા છે; જનની જન્મભૂમિ છે; ભાઈ ભાઈ વચ્ચે વહેંચવાની જાગીર કે ઇસ્કામત નથી. માતાને કાજે કષ્ટો સહન કરવામાં આપણને રસના ઘૂંટડા આવે છે; તેની સ્વતન્ત્રતાને કાજે મરી ફીટવામાં દૈવી આનન્દ મળે છે; માતાને ખાતર દેહનાં બલિદાન આપનાર પૂર્વજો સાથે ઐક્ય સાધ્યાનો હર્ષ પ્રાપ્ત થાય છે; એ આ રાષ્ટ્રવાદની પાછળ રહેલું પ્રેરક બળ છે. નગાધિરાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિમાલયથી માંડીને કન્યાકુમારી સુધીની ભૂમિનો — માતૃભૂમિનો સ્પર્શ કરતાં, હિંદુસ્તાનની બોલી, તેનું સંગીત, તેની કવિતા જગતના કોઈ પણ ભાગમાં સાંભળતાં, દેશને કોઈ પણ ખૂણે એ ભૂમિનાં પરિચિત દૃશ્યોમાં, તેના સ્વરોમાં, તેના રીતરિવાજોમાં, તેની રહેણીકરણીમાં, આપણે શરીરે જાણે એ ભૂમિનો સુખદ સ્પર્શ થતો હોય એવી લાગણી આપણાં મનમાં થાય છે. એ માતાના ભૂતકાળ વિષેનો ગર્વ, તેની વર્તમાન ગુલામી વિષેની મનોવ્યથા, ભવિષ્યમાં તેની કીર્તિ દિગંતમાં ફેલાવવાની આપણી ઝંખના આપણા જીવનના શ્વાસોચ્છ્વાસરૂપ બની ગયાં છે. આપણે મન રાષ્ટ્રવાદનો અર્થ છે ભારતવર્ષની ભૂમિનું માતારૂપે દર્શન. માતાને દેવી માની તેનું રટણ કરવું, તેની પૂજા કરવી, તેની સેવા કરવી, એ આપણી રાષ્ટ્રીયતાની સાધના.'

સર્જનાત્મક કેળવણીએ ભારતમાતાનો આધાર લઈ તેના પર અડીખમ ઊભી રહેવું જોઈએ. ભારતમાતા એટલે આપણું જીવતું-જાગતું રાષ્ટ્ર — જેના કલેવરમાં એક અજોડ, અદ્વિતીય સંસ્કૃતિએ પ્રાણનું અમૃત સિંચન કરેલું છે. એટલે અંગ્રેજી રંગે રંગાયેલી ઓગણીસમી સદીનાં ધ્યેયો, આદર્શો ને પદ્ધતિઓ આ કેળવણીથી સ્વીકારી નહીં શકાય. તેમજ આપણી પ્રજાનો આત્મા, તેનો ઇતિહાસ, અને તેનું ઈશ્વરનિર્મિત ભાવિ, એ તરફ દુર્લક્ષ કરવું પણ તેને પોસાશે નહીં. આપણા ભૂતકાળને લઈ એની જ પૂજામાં દિવસરાત મચ્યા રહેવું તેને માટે યોગ્ય ગણાશે નહીં; તેની સાથે તેનાથી એ સત્ય પણ ભૂલી શકાશે નહીં કે વર્તમાન અને ભાવિ બંને ભૂતકાળની જ સંતતિ છે; અને ભૂતકાળ વિના તેમની હસ્તી કોઈ રીતે સંભવિત નથી.

આજની કેળવણી, તેનું તન્ત્ર, ને તેની સાધનસામગ્રી બધું જ પશ્ચિમી ઢબનું છે. તે બ્રિટને તેના પર પરાણે લાદેલું છે. ભારતવર્ષથી એ બધાને અપનાવી નહીં શકાય. નકલિયા વૃત્તિવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જપાનીઓના જેવું આપણે કરવા માગતા નથી. પારકી શક્તિ, દૃષ્ટિ અને યાંત્રિક કુશળતા લઈ એ ઉછીનાં ઘરેણાંથી આપણા રાષ્ટ્રદેહને આપણે શણગારવો નથી. આપણી માતૃભૂમિને માટે આપણે બ્રિટિશ સામ્રાજ્યના ખંડિયા તાબેદાર દેશનો રાજકીય દરજ્જો સ્વીકારવાની જેમ ના પાડીએ છીએ, તેમ જ અવનતિ તરફ પ્રયાણ કરી રહેલા પશ્ચિમનાં વાસી, ઊતરી ગયેલા વિચારો ને કાર્યપદ્ધતિઓ નાખી મૂકવાની વખાર બનવાની પણ આપણે ના પાડવી જોઈએ. ભારતનું ગૌરવ ભારતીય બનવામાં છે, પશ્ચિમની નરી નકલ કરવામાં નથી. એટલે જે કેળવણી વડે આપણી નવી પેઢીનું જીવન ઘડાવાનું છે તે કેળવણીની ઇમારત આપણી પોતાની સંસ્કૃતિના પાયા પર રચાવી જોઈએ. કેમકે આપણી સંસ્કૃતિ એટલે આપણો પોતાનો વિશિષ્ટ જીવનપથ. એ સંસ્કૃતિ એટલે ધર્મ. અહીં 'ધર્મ' એટલે અંગ્રેજીમાં જેને 'રિલિજિયન' કહે છે તે નહીં. 'રિલિજયન' શબ્દમાં તો કેવળ ધર્મશાસ્ત્રનો, ધર્માધિકારીઓએ ઠરાવી રાખેલો, મતસંચય; ઉપાસના; અથવા કર્મકાંડના વિધિ; એવો અર્થ રહેલો છે. અહીં જે 'ધર્મ' શબ્દ વાપર્યો છે તેનો અર્થ તો છે જીવનને ધારણ કરનારી એટલે કે ટકાવી રાખનારી સર્વવ્યાપી શક્તિ.

વળી ભારતીય સંસ્કૃતિ એટલે કેવળ આર્ય સંસ્કૃતિ નહીં, પણ એથી ઘણું વધારે. માત્ર એટલું ખરું કે આપણા જીવનપથની રચનામાં જે અનેક ને વિવિધ તત્ત્વો ભળેલાં છે તે સર્વ આર્ય સંસ્કૃતિરૂપી સોનાની સેર પર પરોવાયેલાં હોઈ, તેમની વચ્ચેથી એ સેર ચમકારા મારતી દેખાય છે. પણ ગધારની કલા પર ગ્રીક કલાનો પ્રભાવ પડેલો છે એ કારણે એ કલાનો અસ્વીકાર કરી ન શકાય. તાજમહાલની રચના મુસલમાન બાદશાહે કરાવી એટલા માટે એ આપણી કલાકૃતિ નથી એમ આપણાથી ન કહેવાય. હિંદુ-મુસલમાનના સમન્વયમાંથી જે કલા, સભ્યતા ને સંસ્થાઓ જન્મ પામી છે તેનો આપણાથી બહિષ્કાર ન કરી શકાય. તે જ પ્રમાણે પશ્ચિમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે સંસ્કારો ને રિવાજો આપણા જીવનમાં ઓતપ્રોત થઈ ગયાં છે તેને પણ આપણાથી ફગાવી ન દઈ શકાય. આપણી સંસ્કૃતિ એ જીવન્ત શક્તિ છે. તે જરૂર પડે ત્યારે પરકીય તત્ત્વોને અપનાવે છે ખરી; પણ તેનું રૂપાન્તર કરી તેમાંથી એકબીજા સાથે ભળે એવા રંગોના મિશ્રણવાળું નવું જ ભાતીગર પટોળું તૈયાર કરે છે. એટલે, આ સંસ્કૃતિ તે સામર્થ્ય ને સૌન્દર્યવાળી પ્રચંડ શકિત છે. આજની દુનિયામાં આપણે જેવા છીએ તેવા આપણને એ શક્તિએ બનાવ્યા છે; અને આવતી કાલની દુનિયામાં આપણે જેવા થઈને રહેવા માગીએ છીએ તેવા આપણને એ શકિત જ બનાવશે.

સર્જનાત્મક કેળવણીના સંસ્કારો મેળવનાર વિદ્યાર્થી એ એક પ્રયોગપાત્ર છે. એ પ્રયોગ–પાત્રમાં નંખાઇને આપણી આ સંસ્કૃતિ તવાય, ઓગળે, ને નવાં દ્રવ્યો સાથે ભળે, ત્યારે એ સંસ્કૃતિમાં નવું જોમ આવે. આ ક્રિયા તે કીમિયો છે. એ કીમિયા માટે તો સર્વોત્તમ કોટિના વિદ્યાર્થી જ જોઈએ. તેથી સ્મૃતિઓએ કહ્યું છે કે જે કોઈ યુવાન વિદ્યા પ્રાપ્ત કરવા આવે તેની પાસેથી બદલામાં પૈસા લીધા વિના તેને વિદ્યા આપવી જોઈએ.

અર્વાચીન જમતે, પશ્ચિમના પ્રભાવને લીધે, પૈસાને ઊંચે ચડાવી પરમેશ્વરને પદે સ્થાપ્યો છે. વિદ્વાનો પગાર, ભથ્થાં ને મોંઘવારીની દૃષ્ટિએ જ વિચાર કરે છે. ઘણી જગાએ શિક્ષણસંસ્થાઓમાં પ્રવેશનો આધાર વિદ્યાર્થીની ફી આપવાની શક્તિ પર જ રહે છે. આપણાં વિશ્વવિદ્યાલયો કેળવણી પર તરેહતરેહની શરતોના બોજા લાદે છે. જે સમાજમાં આદર્શોનાં ધોરણ સાવ વિકૃત ન બની ગયાં હોય, જે સમાજે અવળાં ચશ્માં ન ચડાવ્યાં હોય, તેમાં તો કેળવણી પર આ જાતના બોજા લાદવા એ ગુનો જ ગણાય. શિક્ષણસંસ્થા નીકળી એટલે તેને માટે આલેશાન મકાનો, રૂપાળું રાચરચીલું, મોંઘામૂલી સાધનસામગ્રી, તે બેંકમાં જમા કરાવેલાં અનામત નાણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બધું હોય તો જ તેને વિશ્વવિદ્યાલયની માન્યતા મળે. આને લીધે સુપાત્ર પણ ગરીબ વિદ્યાર્થી માટે કેળવણી ગજાબહારની થઈ પડી છે.

સુપાત્ર વિદ્યાર્થીને મોંઘામાં મોંઘી કેળવણી મફત આપવાની ફરજ રાજ્યને માથે, જેમ બીજા દેશોમાં છે તેમ, હિંદમાં પણ હોવી જોઈએ; અને તે રાજ્યની ધરમૂળની ફરજ ગણાવી જોઈએ; એ વાતનો સ્વીકાર આપણે ત્યાં હજુ થવા પામ્યો નથી. પણ એ સ્વીકાર થાય ત્યાં સુધી આપણે યથાશક્તિ પ્રયાસ કરીને સૌથી પ્રથમ એવા આ સિદ્ધાંતનો અમલ તો કરવો જ જોઈએ. તે સિદ્ધાંત એ કે ભારતવર્ષ અને તેની સંસ્કૃતિ વિષે આસ્થા ધરાવનાર કોઈ પણ આશાસ્પદ ને ચારિત્ર્યશાળી વિદ્યાર્થીને કેવળ દ્રવ્યને અભાવે અર્વાચીન કેળવણીથી વંચિત રહેવા વારો ન આવવો જોઈએ.

વિદ્યાર્થીને આશાસ્પદ તો જ કહી શકાય જો તેને સ્વદેશને વિષે અભિમાન હોય; તેનામાં પોતાની સંસ્કૃતિના આદર્શોનું જ્ઞાન મેળવવાની આતુરતા હોય; તેનામાં શિક્ષણ, વિકાસ ને સિદ્ધિ માટે તાલાવેલી હોય; તેનામાં ગર્વનો એવો અંધાપો ન હોય કે મેં અજબ ચમત્કાર કરી નાંખ્યો છે, ને એ તો હું એકલો જ કરી શકું. એવા ગર્વિષ્ઠ વિદ્યાર્થીનું ભાવિ ઉજ્જવળ નથી. સર્વ મહાન પદાર્થો ને સર્વ મહાન વ્યક્તિઓ પ્રત્યે સાચા વિદ્યાર્થીના મનમાં પૂજ્યભાવ હોવો જોઈએ, ગુરુજનો પ્રત્યે આદર હોવો જોઈએ, જ્ઞાનને વિષે નમ્રતા હોવી જોઈએ. અર્જુન સાચો વિદ્યાર્થી હતો. તેના જેવી ભાવના આ વિદ્યાર્થીમાં હોવી જોઈએ, ને તેના મુખમાંથી આ ઉદ્‌ગાર નીકળવા જોઈએ : 'હું તમારો શિષ્ય છું. તમારી પાસે આવ્યો છું. મને આજ્ઞા આપો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

અર્વાચીન કેળવણીની અપૂર્ણતા

જેમ દુનિયામાં બીજે તેમ હિંદમાં પણ અર્વાચીન કેળવણીમાં નરી માહિતીનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જાય છે. ચિત્તની અનેક શક્તિઓના વિકાસ કરતાં હકીકતો જાણીને ગોખવા તરફ વધારે ધ્યાન અપાતું જાય છે. દાખલા તરીકે, મૅટ્રિકની પરીક્ષાના ઉમેદવારને ભૌતિક વિજ્ઞાનની છૂટીછવાઈ હકીકતો, ઇતિહાસની પરસ્પર સંબંધ વિનાની કેટલીક વાતો, જરાતરા સાહિત્ય, ને ગણિતનાં મૂળતત્ત્વો એટલું શીખવવામાં આવે છે. તેની પાસેથી અપેક્ષા એ રખાય છે કે તે અમુક મુદતની અંદર આ તૂટક તૂટક માહિતી ગોખીને મોઢે કરે, અને જરૂર પડ્યે પરીક્ષા વખતે તે લખી કે બોલી નાખે. આપણાં વિશ્વવિદ્યાલયો ગોખણપટ્ટીને વખોડવાની સાથે જ તેને ઉત્તેજન પણ આપે છે.

સર્જનાત્મક કેળવણી આથી ઊલટો વિચાર ધરાવે છે. વિદ્યાર્થીની સર્વ શક્તિઓ કેળવાય, અને તે જીવનના આગળ પરના બનાવો ને સંબન્ધોને પહોંચી વળવા સમર્થ બને, એમાં જ કેળવણીની ખરી કિંમત રહેલી છે. દુર્ભાગ્યની વાત એ છે કે કેળવણીમાં શું શું શીખવવું તેનો નિર્ણય આપણે ત્યાં વિશ્વવિદ્યાલયો કરે છે. આપણે પોતે સ્વેચ્છાએ પ્રયાસ કરીને તેમાં ફેરફાર કરી શકતા નથી. માત્ર એ ભણતરની પદ્ધતિ, એની પાછળ રહેલી ભાવના, અને એનું ધ્યેય એમાં ફેરફાર કરવાની જ છૂટ આપણને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કેળવણીની પદ્ધતિ, ભાવના ને એનું ધ્યેય જ નહીં, પણ તેમાં શીખવવાના વિષયો, ને તેમાં શીખવવાની વસ્તુ, પણ બદલવાના કેટલાયે પ્રયત્નો ગયાં સો વરસમાં થયા છે. સ્વામી દયાનંદ સરસ્વતી પાસેથી પ્રેરણા લઈને લાલા મુનશીરામ, જેઓ સંન્યાસ ધારણ કરીને સ્વામી શ્રદ્ધાનન્દ થયા, તેમણે ગુરુકુળની પ્રથા શરૂ કરી. બંગભંગ સામેની હિલચાલ પૂરજોશમાં હતી તે વખતે શ્રીઅરવિન્દે રાષ્ટ્રીય કેળવણીનો અલ્પજીવી પ્રયોગ કરી જોયો. ત્રીજો પ્રયોગ કર્યો મહાત્મા ગાંધીએ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરીને.

પણ આપણાં વિશ્વવિદ્યાલયોમાં અપાતી કેળવણીએ હિંદી માનસ પર પૂરેપૂરો કબજો કર્યો હતો. એ કેળવણી વિના સરકારી નોકરીના અને અનેક ધંધાના દરવાજામાં પ્રવેશ કરવાની મનાઈ હતી. એટલે લોકોએ સરકારી માન્યતાની છાપવાળી કેળવણી લેવાનું વધારે પસંદ કર્યું, અને આ ત્રણમાંથી એકે પ્રયોગની જડ ઊંડી ઊતરી નહીં. એ ત્રણે પ્રયોગને જે આર્થિક મદદ મળી તે કેળવણીમાં સુધારો કરવાની દૃષ્ટિએ નહીં, પણ એ પ્રયોગના સ્થાપકે જે ધાર્મિક કે રાજકીય પ્રવૃત્તિ આદરી હતી તેને આગળ વધારવા માટે અપાઈ.

તેથી આપણે એટલી હકીકત તો કબૂલ કર્યે છૂટકો કે આપણી પ્રજાના જીવનમાં આપણાં વિશ્વવિદ્યાલયોનું સ્થાન સુપ્રતિષ્ઠિત છે. ઐચ્છિક પ્રયત્નથી શરૂ થયેલી બીજી કોઈ સમાન્તર શિક્ષણપદ્ધતિનાં મૂળ આપણે ત્યાં જામે એવો સંભવ નથી. દેશમાં રાષ્ટ્રીય સરકાર સ્થપાશે ત્યારે પણ, આપણાં વિશ્વવિદ્યાલયોમાં પ્રવર્તી રહેલી ભાવનાને સંપૂર્ણપણે ભારતીય બનાવવાની આડે આપણા આજના કેળવણીકારોનું, પશ્ચિમને રંગે રંગાયેલું, માનસ અનેક અંતરાયો ઊભા કરશે. પણ આપણી દૃષ્ટિમાં જો પરિવર્તન થયું હોય, તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણી સંસ્થાઓમાં અપાતી કેળવણીનું ધ્યેય ને તેની પદ્ધતિ એમાં તો ફેરફાર ખસૂસ થવા પામે.

સર્જનાત્મક કેળવણી આપણી પોતાની સંસ્કૃતિમાંથી પોષણ મેળવે છે; એટલે તે સાબૂત ધરતી પર ઊભેલી છે. તેની નજર વિદ્યાર્થીનું જીવન ઘડવા તરફ છે, એટલે તે માત્ર જ્ઞાનનો સંગ્રહ કરવાથી પદ્ધતિને ત્યાજ્ય ગણે છે; તે એટલું સ્વીકારે છે કે વિદ્યાર્થીમાં, કેળવણીને પરિણામે, આત્મનિયમન અને આત્મસમર્પણની શક્તિ આવવી જોઈએ; અને તેનામાં જો એ શક્તિ આવે તો જ તેના વ્યક્તિત્વનો વિકાસ સધાય, અને તેમાં, ઉંમર વધવાની સાથે, ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય.

આખી દુનિયામાં કેળવણીમાં બગાડો થવાનું મુખ્ય કારણ એ છે કે ભણતરના તમામ વિષયોનું મૂલ્ય કેળવણીની દૃષ્ટિએ એક સરખું માનવાનો એક નવો પવન બધે વાયો છે; અર્વાચીન શિક્ષણપદ્ધતિઓમાં આ પવનનું પરિણામ એ આવ્યું છે કે અગાઉ પ્રાચીન સાહિત્ય ને ઇતિહાસ ઉપર ભાર દેવાતો, તેને બદલે ક્રમે ક્રમે ભૌતિક વિજ્ઞાન અને સામાજિક શાસ્ત્રો પર ભાર દેવાતો થયો છે. આ દિશાપલટો એકલા હિંદમાં જ થયો નથી; આપણે તો કેળવણીમાં પશ્ચિમની ઢબછબની નરી નકલ જ કરીએ છીએ. આ દિશાપલટો પશ્ચિમવાદ — અથવા કહો કે પશ્ચિમી દૃષ્ટિસ્વરૂપ — માંથી જન્મેલો છે. 'પશ્ચિમવાદ' એટલે યુરોપમાં જડવાદી પ્રવાહોની અસરને લીધે ઘડાયેલી વિચારસરણી ને રહેણીકરણી — જેણે ભૌતિક વિજ્ઞાન અને સામાજિક શાસ્ત્રોને દેવપદે સ્થાપી તેની ધામધૂમથી પૂજા કરવા માંડી છે.

ભૌતિક વિજ્ઞાન ઝપાટાભેર આગળ વધી રહ્યું છે; અને તેથી પ્રત્યેક સુશિક્ષિત માણસે યાંત્રિક ક્રિયાઓને લગતું કંઈક જ્ઞાન મેળવવું જોઈએ; એ વિષે કશી શંકા નથી. આપણે જો સ્વતન્ત્ર રાષ્ટ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકેની આપણી હસ્તી ટકાવી રાખવી હોય, તો આપણે છેલ્લામાં છેલ્લી ઢબની વૈજ્ઞાનિક સાધનસામગ્રી આપણે ત્યાં વસાવવી જ જોઈએ; એટલું જ નહિ પણ એમાં વૃદ્ધિ કરવાની આવડત પણ મેળવવી જોઈએ, જેથી આપણે બીજાં રાષ્ટ્રો સાથે એક હરોળમાં ઊભા રહી શકીએ. પણ એ પરથી કંઈ એવું ફલિત થતું નથી કે આપણી શિક્ષણપદ્ધતિમાં સર્વ વિષયોને સમાન મૂલ્યવાળા ગણવા જોઈએ, ને એમ કરીને આપણા આત્મા પશ્ચિમવાદને વેચી દેવા જોઈએ.

જાતજાતના વિષયોનો શંભુમેળો કરી તે સર્વનું સમાન મૂલ્ય આંકવાનો આ પવન લોકોમાં ઘણો ફેલાયો છે. તેને લીધે, જુદા જુદા અનેક પ્રકારના વિષયોના અનેકવિધ અભ્યાસક્રમો ઠરાવવામાં આવે છે; અને તેમાંથી અમુક સંખ્યામાં ગમે તે વિષયોની પસંદગી કરવાની છૂટ વિદ્યાર્થીને અપાય છે. આને, કહેવી હોય તો, એક અર્થમાં 'સ્વયંવર પદ્ધતિ' કહી શકાય. આ પદ્ધતિના મૂળમાં વિચાર એ રહેલો છે કે સાહિત્યની એકાદ અમર કૃતિનો અથવા હિંદ, ગ્રીસ કે રોમના ઇતિહાસનો અભ્યાસ વિદ્યાર્થીના ઘડતરની દૃષ્ટિએ જેટલો કીમતી છે, તેટલો જ કીમતી રસાયનશાસ્ત્રનાં મૂળ-તત્ત્વોનો અભ્યાસ પણ છે. મુંબઈ વિશ્વવિદ્યાલયમાં એકવાર એવી દલીલ પૂરેપૂરી ગંભીરતાથી રજૂ કરવામાં આવી હતી કે માતૃભાષાનો અભ્યાસ તો સાવ નકામો ને નિરર્થક છે. હિંદી વિદ્યાર્થીના ઘડતરની દૃષ્ટિએ હિંદના ઇતિહાસનો અભ્યાસ ઘણો અગત્યનો ગણાય; પણ કૉલેજના અભ્યાસક્રમમાંથી તેને ખસેડી તેનું સ્થાન જગતના ઇતિહાસને અપાયું છે. પણ આ અભ્યાસક્રમ ઘડનારાઓ એક અગત્યની વાત ભૂલી જાય છે. બીજાં દેશો ને પ્રજાઓને લગતી ઢગલાબંધ હકીકતો ગોખવામાં વિદ્યાર્થીને રસ ન પડે, તેમજ એમાંથી એને પ્રેરણા પણ ન મળે. એટલે વિદ્યાર્થીના ઘડતરની દૃષ્ટિએ એની કિંમત સ્વદેશના ઇતિહાસ જેટલી ન જ ગણી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ 'સ્વયંવર પદ્ધતિ' તો આથી પણ આગળ જાય છે. કિશોર વયને પણ ન વટાવી ચૂકેલો વિદ્યાર્થી વાઙ્મય, વિજ્ઞાન, વેપાર કે કાયદો એમાંથી શાનો અભ્યાસ કરવાની પાત્રતા ધરાવે છે, એનો યોગ્ય નિર્ણય તેનો પિતા કે શિક્ષક કરી શકે, એમ આ પદ્ધતિનું કહેવું છે. વાઙ્મય (આર્ટ્સ), અને વિજ્ઞાન (સાયન્સ), એ બે ભાગ એક કાળે ઇંટરમિજિયેટ પછી જુદા પડતા; હવે તેને પાછળ હઠાવીને મૅટ્રિકથી જુદા પાડવા લગી મજલ આવી પહોંચી છે; એટલું જ નહીં પણ એને એથી પણ પાછળ હટાવી હાઈસ્કૂલના ચોથા ધોરણની, અત્યંત અપરિપક્વ, અવસ્થાએ જ બે ભાગ જુદા પાડવાના પ્રયાસો અત્યારે ચાલી રહ્યા છે. આનું પરિણામ શું આવ્યું છે? અગાઉ કેળવણીમાં સહુ વિદ્યાર્થીઓને ઓછામાં ઓછા અમુક વિષયોનો સામાન્ય અભ્યાસ કરવો જ પડતો, તેને લીધે કેળવણીમાં એક પ્રકારની એકતા હતી — સજીવ દેહના અવયવોમાં હોય છે એ પ્રકારની. એ એકતાનો હવે લોપ થવા માંડ્યો છે.

આને પરિણામે, અર્વાચીન કેળવણી વિદ્યાર્થીના ઘડતરમાં ઉપયોગી થતી ઘણે ભાગે મટી ગઈ છે. આ કેળવણી એને જીવનના શાશ્વત આદર્શોનું શિક્ષણ આપતી નથી; તેને વધારે સચોટ તે વિનાશક શસ્ત્રાસ્ત્રોથી સજ્જ કરે છે એટલું જ. આ પદ્ધતિએ શિક્ષણ પામેલા માણસમાં ભૌતિક વિજ્ઞાનને લગતી કુશળતા તે આવડત હશે ખરી; પણ તે કદાચ સંસ્કારી માણસ ન પણ હોય. યંત્રો ચલાવવાની તેની શક્તિ પરાકાષ્ઠાએ પહોંચેલી હોય છે; પણ તેની માનવતાનો વિકાસ તો, ઘણે ભાગે, અધૂરો જ રહે છે. તે યંત્રોની દૃષ્ટિએ ને તેની જ ભાષામાં વિચારનારું ને બોલનારું પ્રાણી છે, એમ કહી શકાય. તેને જેમાં રસ પડતો હોય એવા વિષયો ઘણા થોડા હોય છે. તેણે જે ખાસ વિષય અભ્યાસ માટે પસંદ કર્યો હોય, અથવા જે તેને માટે પસંદ કરવામાં આવ્યો હોય, તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

20 ज्ञा/92 २४६५०
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિએ જ સમગ્ર જીવનનો વિચાર કરવાની તાલીમ તેને મળેલી હોય છે. સર્વાંગી જીવનનો અનુભવ કરવા જેટલી સંસ્કારોની સામગ્રી તેને મળી હોતી નથી; નીતિ અને સદાચાર વિષેનાં તેનાં ધોરણો અવળાં હોય છે.

આવા માણસોએ જડવાદનું લડાયક તન્ત્ર ઊભું કર્યું છે. તેમણે પોતાની વિશિષ્ટ વિચારસરણી ને રહેણીકરણી ઊભી કરી છે; તેને એક શબ્દથી ઓળખવી હોય તો તેને 'પશ્ચિમવાદ' કહી શકાય. આ માણસોને અશ્લીલ અને બહેકાવનારી વાતોમાં લહેજત આવે છે. ઘર અને કુટુંબની પવિત્રતા ને તેના ગૌરવનો તેમણે નાશ કરી નાંખ્યો છે; અને સહેલાસટાક છૂટાછેડાના રસ્તા મોકળા કરી મૂક્યા છે. તેઓ આત્મનિયમનની ઠેકડી કરે છે; કેમકે તેમ જો ન કરે, તો પોતાના સ્વચ્છંદનો બચાવ તેમનાથી શી રીતે કરી શકાય ? નીતિ અનીતિ વચ્ચે કંઈ ભેદ છે, અને મનુષ્યને ઊર્ધ્વ-ગમન કરી જીવનની ઉચ્ચતર કક્ષાએ ચડવાનો અવકાશ છે, એવા વિચારને તેઓ તિરસ્કારથી અવગણે છે. જગતના નિરંતર બદલાતા ને નશ્વર પદાર્થો મેળવવા ને વાપરવાની માણસની જે ગડમથલ ચાલી રહી છે તેને લગતાં કામકાજની માહિતી ને તેની આવડત, એના કરતાં ઊંચી કોટિનું કંઈ જ્ઞાન હોઈ શકે એમ તેઓ માનતા નથી. આવા માણસોએ પોતાના પક્ષનાં સેંકડો માણસોને પક્ષમાંથી રુખસદ આપી છે; જનતાના મોટા સમૂહોના હત્યાકાંડ કરાવ્યા છે; હજારો માણસોને પશુઓની પેઠે કેદમાં કે કેદ જેવી 'છાવણીઓ'માં પૂરી તેમના પર સિતમો ગુજાર્યા છે; અને કરોડો પુરુષો, સ્ત્રીઓ તથા બાળકોને તેમના દેશમાંથી હાંકી કાઢી પરદેશોમાં ઘરબાર વિના રઝળતાં રવડતાં કર્યાં છે. જ્યાં તેમણે માણસોના સંહાર નથી કર્યા, ત્યાં માણસો જાણે નિર્જીવ યન્ત્રો હોય એવી રીતે તેમને એક લાકડીએ હાંકી તેમની પાસે પોતાની મરજી મુજબનાં કામ કરાવ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આ રીતે તેમણે જગતમાં, નીતિ ને સદાચારના ક્ષેત્રમાં કપરી કટોકટીનો અતિવિષમ પ્રસંગ ઊભો કર્યો છે.

આ વિષમ પ્રસંગ જો ટાળવો હોય, તો જગતે પાછા વળીને ઘડતરની કેળવણી પર જવું જોઈએ. કૉલેજના અભ્યાસનાં શરૂઆતનાં વરસોમાં કેવળ સંસ્કારની દૃષ્ટિએ અગત્યના ને ઉપયોગી એવા અમુક વિષયોનો ઊંડો અભ્યાસ કરાવાય એ જરૂરનું છે. તેમ થાય તો જ વિદ્યાર્થીનું મન જીવનનાં ઉચ્ચતર આદર્શો ને ભાવનાઓ તરફ વળે, ને તેના સંસ્કાર એના ચિત્ત પર પડવા પામે.

સર્જનાત્મક કેળવણીનું ધ્યેય આ જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

ઘડતરની કેળવણી

ભારતવર્ષના કેળવણીકારોએ છેક પ્રાચીન કાળથી એ સિદ્ધાન્ત સ્વીકાર્યો હતો કે કેળવણીનું મુખ્ય કાર્ય વિદ્યાર્થીના ઘડતરનું હોવું જોઈએ. આપણા દેશમાં જો આ પ્રકારની કેળવણી અપાઈ ન હોત, તો ભારતીય સંસ્કૃતિમાં વિશાળતા, ભવ્યતા, સાતત્ય, અને અખૂટ જીવનશક્તિના જે ગુણો આપણને જોવા મળે છે તે કદી આવી શક્યા જ ન હોત.

ઘડતરની કેળવણી એટલે શું? એ એક એવી ક્રિયા છે જેના વડે વિદ્યાર્થી પોતાના જીવનનો શિલ્પી — પોતાના જીવનનો વિશ્વકર્મા —બને છે; પ્રતિમા ઘડનારો શિલ્પી જેમ પથ્થર પર ટાંકણું મારી-મારીને તેમાંથી નવી મૂર્તિનું સર્જન કરે છે, તેમ વિદ્યાર્થી આ ક્રિયા વડે પોતાના જીવનનું આંતરબાહ્ય નવસર્જન કરી તેને સર્વાંગ-સુન્દર પ્રતિમાનું રૂપ આપવાનો પ્રયાસ કરે છે ઘડતરની, અથવા કહો કે આત્મશિલ્પની, કેળવણી એ પણ એક કલા છે. એ કલા વડે જીવનશક્તિને એવી રીતે ઘડવા ને ખીલવવામાં આવે છે કે પોતાના પ્રત્યેક પ્રયત્નની સાથે કલાકાર આત્મસિદ્ધિનું એક એક પગથિયું ઉપર ચડતો જાય છે.

પોતે અસમર્થ, અપૂર્ણ ને દુઃખી છે એવી લાગણી દરેક માણસના મનમાં હોય છે. એ લાગણી ત્યારે જ શમે જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મસિદ્ધિ અથવા આત્મપરિપૂર્તિ પ્રાપ્ત થાય. આત્મસિદ્ધિમાં આટલી વસ્તુઓનો સમાવેશ થાય છે:

(૧) સંપૂર્ણતા, સ્વતન્ત્રતા, અને ઉત્તરોત્તર વૃદ્ધિંગત થતી સંસિદ્ધિનું ભાન;

(૨) પોતાના જીવનમાં પ્રેમનું તથા કાર્યશક્તિનું પ્રમાણ વધારવાની શક્તિ;

(૩) માનવસહજ નિર્બળતાઓ પર વિજય મેળવવાનું આત્મબળ;

(૪) જીવનની એકરૂપતાનું તથા તેના અન્તિમ ધ્યેયનું, ઉત્તરોત્તર અધિકાધિક સ્પષ્ટ બનતું, દર્શન.

કેળવણી તે સર્જનાત્મક આત્મશિલ્પ છે એમ જો કહીએ, તો વિદ્યાર્થી તે ભાવિ કલાકાર છે એમ કહી શકાય. એટલે, કોઈ પણ કલાની સાધના કરનાર ઉપાસકને માટે જે ગુણો આવશ્યક છે તે એણે પણ પ્રાપ્ત કરવા જોઈએ. એ ગુણો તે આ પ્રમાણે:

(૧) પોતે જે સાધનસામગ્રી વડે કામ કરવાનું છે તેનું જ્ઞાન;

(૨) સતત અને સોત્સાહ પ્રયત્ન વડે પોતાની કલામાં કૌશલ પ્રાપ્ત કરવાનું જોમ;

(૩) પોતે અંતે જે આકૃતિ ઉત્પન્ન કરવાની છે તેનું, મનશ્ચક્ષુથી કરેલું, દર્શન.

દુર્ભાગ્યે, આત્મશિલ્પની કલા શીખવા ઇચ્છનાર ઉમેદવારને કેટલીક મુશ્કેલીઓ એવી નડે છે જે બીજી કલાના સાધકને નડતી નથી. એક તો એ કે આત્મશિલ્પનો આ સાધક કિશોર વયમાં હોય છે, ને તેની રહેણીકરણીની ટેવોએ હજુ સ્થિર રૂપ ધારણ કર્યું નથી હોતું. આ ઉંમરે તેને સામાન્યપણે ઘરનું એવું વાતાવરણ નથી મળતું જેમાં માતપિતા આદર્શની ઉપાસનાને વરેલાં હોય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પોતાનાં બાળકોને આત્મસમર્પણનો ગુણ શીખવવા આતુર કે સમર્થ હોય. આ ઉમેદવારને જે સામગ્રીમાંથી પ્રતિમા ઘડવાની છે તે તેનો પોતાનો જ વ્યક્તિગત સ્વભાવ છે; પણ તેને એ સ્વભાવનું જ્ઞાન હોતું નથી, અથવા હોય છે તો બહુ જ થોડું — નહીં જેવું. વળી આ કલા શીખવા માટે જે જોમ (ધૃતિ) અને ઉત્સાહ જોઈએ તે પણ ઘણા જુવાનોનાં મનમાંથી, પશ્ચિમના સંસ્કારોની અસરને લીધે, ક્ષીણ થઈ ગયેલાં હોય છે. એ સંસ્કારોએ તો તેને એવો જ કક્કો ઘૂંટાવ્યો છે કે માણસે કેવળ પોતાના પંડની જ પરવા કરવી, અને દુનિયાની ફિકર કરીને દૂબળા પડવું નહીં. એ સંસ્કારે એને એવું કુશિક્ષણ પણ આપ્યું છે કે બેજવાબદારી, અસંયમ, સ્વચ્છંદ એ સમર્થ ને બળવાન માણસનું લક્ષણ છે. આ બધા કરતાંયે બૂરી વાત તો એ છે કે પોતે જીવન ઘડીને કેવી મૂર્તિ રચવી છે એનો નમૂનો એની કલ્પના સમક્ષ હોતો નથી; અને જો ક્યાંક હોય છે, તો તે નમૂનો ખોટો ને બેહૂદો હોય છે.

સર્જનાત્મક કેળવણીએ આ મુસીબતો ધ્યાનમાં લેવી જોઈએ, અને વિદ્યાર્થીને ત્રણ આવશ્યક વસ્તુઓ પૂરી પાડવી જોઈએ. એ વસ્તુઓ તે આ પ્રમાણે છે :

પહેલી : વિદ્યાર્થીની ઇન્દ્રિયો તથા બીજી શક્તિઓ, જેના વડે જ્ઞાનપ્રાપ્તિ થાય છે, તે સાધનોને સર્જનાત્મક કેળવણીએ તીક્ષ્ણ બનાવવાં જોઈએ; તેમજ ચોકસાઈ, પૃથક્કરણ, ચિત્તની એકાગ્રતા, તથા સદ્‌વૃત્તિઓ ખીલવવાની શક્તિ એ ગુણો વિદ્યાર્થીમાં આવે એ જાતની તાલીમ તેને આપવી જોઈએ.

બીજી : વિદ્યાર્થી એકાગ્રપણે કામ કરવા માટે પોતાની સર્વ વૃત્તિઓ ને શક્તિઓનું અનુસંધાન સાધે એવી તાલીમ તેને અપાવી જોઈએ.

ત્રીજી : આ દેશની સંસ્કૃતિ જેમણે ઘડી છે તે આત્મશિલ્પી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનસ્વામીઓની પ્રેરણા તથા પોતાના શિક્ષકોનું માર્ગદર્શન મેળવીને, પોતાનાં અંતર્ગત વિચારો ને ભાવનાઓ પ્રગટ કરવાની તાલીમ વિદ્યાર્થીને સર્જનાત્મક કેળવણી દ્વારા મળવી જોઈએ.

આ શરતો પૂરી પાડવી હોય, તો તેને માટે પૂર્વતૈયારી થવી જોઈએ. એ તૈયારીમાં આટલી વસ્તુઓનો ઊંડો અભ્યાસ આવશ્યક છે — રાષ્ટ્રના વીર પુરુષોની જીવનકથાઓ; સ્વદેશનાં ઇતિહાસ તથા સંસ્કૃતિ; અને સાહિત્યના શિષ્ટ ગ્રન્થો.

સર્જનાત્મક કેળવણીના પાયામાં કેટલાક સિદ્ધાન્તો આધારરૂપે રહેલા છે. તે આ પ્રમાણે :

પહેલો : દરેક માણસને તેનો નોખો, સ્વતંત્ર વ્યક્તિગત સ્વભાવ હોય છે. તેની શક્તિઓનો વિકાસ આ સ્વભાવની મર્યાદામાં રહીને જ થવા પામે છે.

બીજો : આ સ્વભાવની રચનામાં અનેક ભિન્ન તત્ત્વોની મેળવણી થયેલી હોય છે. એ તત્ત્વો તે આ : માણસની વ્યક્તિગત બુદ્ધિ અને આવડત; તેના આનુવંશિક સંસ્કારો અને આસપાસનું વાતાવરણ; પોતાના સમાજ અને સ્વદેશ જોડેના સંબંધમાંથી નીપજતાં સંસ્કારો ને મનોવૃત્તિઓ; પોતાની ધરતીમાંથી, સ્વદેશનાં દૃશ્યો, અવાજો ને રહેણીમાંથી, તથા પોતાને જન્મથી વારસામાં મળેલી સંસ્કૃતિમાંથી, ઝરતી સૂક્ષ્મ અસરો.

આ તત્ત્વો બધાં સહેજે નજરે પડે એવાં હોતાં નથી; છતાં તે આપણા સ્વભાવના અંદરના થરોમાં વણાઈને તેમાં ઓતપ્રોત થઈ ગયેલાં હોય છે. એટલે વિદ્યાર્થીના વ્યક્તિગત સ્વભાવથી વિજાતીય હોય એવી કોઈ વસ્તુ વિદ્યાર્થીને શીખવી શકાતી નથી. આ હકીકતના આધાર પર સર્જનાત્મક કેળવણી પોતાનું મંડાણ રચે છે. શિક્ષક તે કંઈ ડ્રીલમાસ્તર નથી. તેમ તે મુકાદમ પણ નથી. એનું કામ તો ભોમિયા કે માર્ગદર્શકનું છે. તેનાથી તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીની બુદ્ધિને માત્ર દોરવણી આપી શકાય. આત્મશિલ્પની કલા શીખવાના વિદ્યાર્થીના પ્રયાસોને પ્રોત્સાહન આપવાનું કામ શિક્ષકનું છે. ઉપદેશ, ઉદાહરણ, વાતાવરણ, અને પુનરાવર્તન વડે વિદ્યાર્થીમાં સર્જનાત્મક કલાની ભાવના જગવવાનું કામ શિક્ષક ધારે તો કરી શકે; તેણે કરવું જોઈએ.

એટલે દરેક માણસ પોતાના સ્વભાવથી બદ્ધ છે. એ સ્વભાવ-રૂપી સંગેમરમરમાંથી તેણે કોતરણી કરવાની છે. એમાં જે શક્તિઓ સુપ્ત હોય તેને જાગૃત કરી શકાય; તેમાં જે ભાગો કકરા હોય તેને સુંવાળા કરી શકાય; અને તેના ખાડાખૈયાને સરખા કરી તેમાંથી સુન્દર આકૃતિ નિપજાવી શકાય. પણ એ સ્વભાવનો જે પ્રકાર હોય ને તેમાં જે શક્તિઓ ગૂઢ રૂપે પડેલી હોય તેની મર્યાદામાં રહીને જ વિદ્યાર્થીએ સર્જનના પ્રયાસો કરવાના રહ્યા. આ વસ્તુ શિક્ષકને સમજાય ત્યારે જ વિદ્યાર્થીના પ્રયાસો પર અસર પાડવાની તેની ધારણા સફળ થાય.

આ પાષાણના પૃષ્ઠભાગની રચના તેમજ તેનું અંતર્ગત ગૂઢ સ્વરૂપ મુખ્યત્વે તે વ્યક્તિ પર થતી સાંસ્કૃતિક બળોની અસરનાં પરિણામ હોય છે. આનુવંશિક સંસ્કાર, આસપાસનું વાતાવરણ, તથા જાતિઅનુભવ દ્વારા આ બળો માણસ પર અસર પાડે છે. તેથી સર્જનાત્મક કેળવણીને પ્રથમ પગથિયે જ વિદ્યાર્થીને એ શીખવવાનું છે કે તેણે સ્વદેશની સંસ્કૃતિમાં રહેલા શાશ્વત આદર્શો ને ભાવના-ઓનો અભ્યાસ કરવો, તેને વાણી દ્વારા પ્રગટ કરવાં, અને તેને પોતાના આચરણમાં ઉતારવાં.

ભારતીય ‘સંસ્કૃતિ’, જેને માટે અંગ્રેજીમાં ‘કલ્ચર’ શબ્દ વપરાય છે, તે ભારતમાં પડેલી જીવનની ભૌતિક સાધનસામગ્રી નહીં. એ સાધનસામગ્રી તો છે ‘સુધારો’, જેને અંગ્રેજીમાં કહે છે ‘સિવિલિઝેશન’. સંસ્કૃતિનાં આદર્શો ને ભાવનાઓ શાશ્વત હોય છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની સિદ્ધિ એ બીજા કોઈ સાધ્યનું સાધન નથી, પણ તે પોતે સ્વતંત્રપણે સાધ્યરૂપ છે. 'સુધારો' અર્થાત 'સિવિલિઝેશન' એ તો જીવનનો લેબાસ છે; કાર્યક્ષમ જીવન વ્યતીત કરવાનું સાધન-માત્ર છે. આ 'સુધારા'ની દૃષ્ટિએ વિચાર કરીએ, તો આપણે શ્રીરામચંદ્રના કરતાં ચડિયાતા ને આગળ વધેલા છીએ. તેઓ મછવામાં ને પગપાળા પ્રવાસ કરતા; આપણે વિમાનમાં બેસીને ઊડીએ છીએ. પણ સત્ય, ધ્યેયનિષ્ઠા, સચ્ચારિત્ર, તથા માનવોના પરસ્પર સંબંધોમાં રહેલાં સ્નેહ અને સુન્દરતામાં પોતે શ્રીરામ-ચન્દ્રના કરતાં ચડિયાતો છે એમ જો કોઈ માણસ આજે કહે, તો એ ખરેખર વાણીનો અતિચાર જ ગણાય.

પ્રત્યેક પ્રજાને તેની વિશિષ્ટ સંસ્કૃતિ હોય છે. તેમાંથી એ પ્રજાને શક્તિ મળ્યાં કરે છે. આપણી સંસ્કૃતિનો વિકાસ સજીવ દેહનો વિકાસ થાય એવી ઢબે થયેલો છે. જે ધરતી, જે ઇતિહાસ, અને જે કેન્દ્રવર્તી કલ્પનાઓની આસપાસ પ્રજાજીવન જમાનાઓથી કૂદડી ફરતું આવ્યું છે તેમાં જ એ સંસ્કૃતિનો પ્રાદુર્ભાવ થયેલો છે. ઘણા સુશિક્ષિત હિંદીઓ એક કાળે અંગ્રેજી પહેરવેશની, કેવળ દેખાદેખીથી, નકલ કરતા; કેટલાક હજુયે કરે છે. પણ પોતાના પંડ ઉપર કે બીજા ઉપર પરાઈ સંસ્કૃતિ બળાત્કારે ઠોકી બેસાડવાના તેમના પ્રયાસને તો નિષ્ફળતા જ મળેલી છે. તેમણે જ્યારે ભારતીય સંસ્કૃતિના આદર્શો ને ભાવનાઓને પોતાના જીવનમાં ઉતારી આત્મ-સિદ્ધિ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કર્યો ત્યારે જ તેઓ ખરેખરા સત્યનિષ્ઠ ને આત્મનિષ્ઠ બન્યા, અને સામુદાયિક જીવનને બળ આપી શક્યા.

શ્રીઅરવિંદે તેમના ઉછેરનાં વરસો વિલાયતમાં ગાળ્યાં, અને પશ્ચિમની સંસ્કૃતિના ઉત્તમ અંશો ગ્રહણ કર્યા. પણ થોડા જ વખતમાં ભારતીય સંસ્કૃતિએ તેમના પર પોતાનું પ્રાબલ્ય જમાવ્યું. તેમણે પરદેશી પહેરવેશ ને રહેણી તજી દીધાં; અને ભારતીય ભાષાઓ ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનાં સાહિત્યોનો અભ્યાસ કર્યો. તેમણે વિશિષ્ટપણે ભારતીય એવી જીવનશિલ્પની કલામાં પૂર્ણત્વ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કર્યો ત્યારે જ તેઓ ભારતની અર્વાચીન રાષ્ટ્રીયતાના મહાન પુરસ્કર્તા, ભારતના પ્રખર વિદ્વાન વિચારક, અને યોગી બની શક્યા.

ગાંધીજીને વિલાયતમાં બારિસ્ટર થવાની કેળવણી મળી હતી. પણ તેમના આત્માએ પશ્ચિમવાદને રસ્તે ચડવાની ના પાડી. તેમને ભારતીય સંસ્કૃતિના પાયામાં રહેલાં તત્ત્વો ફરી ગ્રહણ કરવાં પડ્યાં. તે પછી જ તેઓ નવજાગૃત ભારતના વિશ્વકર્મા બન્યા, પશ્ચિમવાદને પડકાર આપી શક્યા, અને સર્જનાત્મક જીવનશક્તિના શ્રેષ્ઠ કોટિના કલાકાર બનવા પામ્યા.

તેથી ભારતવર્ષમાં ઘડતરની કેળવણીએ આપણી સંસ્કૃતિના ચીલાઓને જ અનુસરવું રહ્યું. કોઈ પણ વિદેશી સંસ્કૃતિ આપણી કેળવણીમાં પ્રાબલ્ય ધરાવે એમાં ઘણું જોખમ રહેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

પશ્ચિમવાદને પડકાર

પશ્ચિમવાદ અથવા પશ્ચિમી દૃષ્ટિસ્વરૂપે આપણને જે પડકાર આપ્યો છે તેને આપણે ઝીલી લેવો જોઈએ.

પશ્ચિમી દૃષ્ટિસ્વરૂપની ઈમારત જડવાદના પાયા પર રચાયેલી છે. આપણો જે જીવનપથ છે, ને જેને આપણે ભારતીય સંસ્કૃતિ કહીએ છીએ, તેનાથી આ પશ્ચિમવાદનો જીવનપથ સાવ નિરાળો છે. એના પાયામાં વ્યક્તિગત સ્વૈરાચાર તથા સામુદાયિક લોભ, ભય અને દ્વેષ રહેલા છે. પશ્ચિમવાદ જે કેન્દ્રવર્તી કલ્પનાની આસપાસ ફેરા ફરે છે તે કલ્પના એ છે કે માણસ એટલે તેની હાજતો ને વાસનાઓ ઉપરાંત કશું જ નથી; અને એ હાજતો ને વાસનાઓને તૃપ્ત કરવાનો સંગઠિત પ્રયાસ એ જ જીવનનો મુખ્ય હેતુ છે. આ પશ્ચિમવાદે પેદા કર્યાં છે: જહાંગીરીઓ, વર્ગવિગ્રહો, ને જીવનના પ્રત્યેક અંગ પર કાબુ જમાવનાર રાજ્યતન્ત્રો. તેણે જડવાદને વ્યવસ્થિત રૂપ આપી તેનો એક પ્રકારનો લડાયક ધર્મસંઘ ઊભો કર્યો છે. તેણે વિપ્લવોમાંથી વિગ્રહની જ્વાળાઓ સળગાવી છે; અને માણસજાતનાં શરીર તથા મન પર ઘણા વિશાળ પ્રમાણમાં અત્યાચારો ગુજાર્યા છે. આત્મનિયમન મનુષ્યના વિકાસનું આવશ્યક અંગ છે, એ વાતને તેણે ફગાવી દીધી છે; અને નૈતિક વિશ્વવ્યવસ્થાને સર્વોપરી માનવાનો ઈનકાર કર્યો છે. તેણે લગ્ન અને કૌટુંબિક જીવનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પવિત્રતાનો ધ્વંસ કર્યો છે. માણસજાતના મનમાં દ્વેષ કરવાની જે કંઈ શક્તિ હશે તે સર્વનો તેણે એક ઠેકાણે જમાવ કર્યો છે; અને કુટુંબોમાં ખટરાગ, રાષ્ટ્રોમાં દ્વેષ, અને દુનિયામાં ભયાનક શોષણ પેદા કર્યાં છે. જગત એ વાસનાઓની સંગઠિત તૃપ્તિનું ક્ષેત્ર છે એમ માનવા સિવાય જગતનું કશું જ પ્રયોજન તેમની નજરમાં નથી.

પશ્ચિમવાદી — અર્થાત્ પશ્ચિમવાદથી તરબોળ થયેલો — માણસ ઇન્દ્રિયો દ્વારા થતી પ્રત્યક્ષ પ્રમા અર્થાત્ પ્રમિતિની બહાર બીજા કશાની હસ્તી કબૂલ રાખતો નથી; અને આ પ્રત્યક્ષ પ્રમિતિને જ તે જ્ઞાન કહે છે. માણસના કે સમાજના જીવનમાં જે કંઈ ફેરફાર થાય તે બહારથી દબાણ લાવીને કરાવી શકાય છે, એમ તે માને છે. તેની એકમાત્ર આસ્થા એ છે કે દરેક પ્રકારની બૂરાઈ બાહ્ય ક્રાન્તિ કે વિપ્લવ વડે દૂર કરી શકાય છે અને કરાશે. સમાજના બાહ્ય વાતાવરણને ધરમૂળથી ને ત્વરાથી નવેસર રચી શકાય, અને સંપત્તિનાં ઉત્પાદન ને વહેંચણીની પ્રથા બદલી શકાય, તો જગત રાતોરાત બદલાઈને સ્વર્ગ બની જાય. સર્જનાત્મક આત્મસંસ્કરણની કલા ધીરજથી શીખવાની વાત નિરર્થક છે. દુનિયાને ઊંધી વાળો, એટલે જે જોઈએ તે બધું મળી રહેશે.

આ ધ્યેયની સિદ્ધિ માટે પશ્ચિમવાદ મથામણ કરી રહેલો છે. તેના ઉપાસકો માને છે કે આ સાધ્યને માટે ગમે તે પ્રકારનાં સાધન વાપરવામાં કશો બાધ નથી. હિંસા; નીચતા; દગોફટકો; વિષપ્રયોગ; અને વ્યક્તિગત જીવન, કૌટુંબિક સુખશાન્તિ ને રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય એ સર્વનો હ્રાસ; — આ બધાં સાધનનો ઉપયોગ તેમની દૃષ્ટિએ ધર્મ્ય છે. તેમની એવી અડગ શ્રદ્ધા છે કે, બળજબરી ને દગાફટકા પર રચાયેલી તેમની કાર્યપદ્ધતિને પ્રતાપે, વહેલામોડા ક્યારેક માણસોનાં અહંતા, પશુતા, હિંસા અને અસત્ય બદલાઈ ગયા વિના નહીં રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુનિયા પલટો ખાવાની જ છે, એવી એમને શ્રદ્ધા છે. તેની સાથે તેઓ દૃઢતાપૂર્વક એમ પણ માને છે કે જે માણસો એમના કરતાં જુદા વિચાર ધરાવે છે તે બધા રણક્ષેત્ર પર પાછી પાની કરનારા ભીરુ, પ્રગતિના વિરોધી, ને ક્રાંતિના વિધ્વંસકો છે; અને ગમે તે સાધન વાપરીને તેમનું નિકંદન કાઢ્યે જ છૂટકો. તેમની આ એવડી શ્રદ્ધા ઉપરાંત કોઈ શાશ્વત આદર્શ કે ભાવના તેઓ સ્વીકારતા નથી.

પશ્ચિમવાદની અસરને લીધે આપણા દેશની કેળવણી, વિદ્યાર્થીના ઘડતર તરફ ધ્યાન આપવાને બદલે, તેના મનમાં જાતજાતની માહિતી ઠાંસીઠાંસીને ભરે છે, ને તેની પાસે પરાણે ગોખણપટ્ટી કરાવે છે, એમાં નવાઈ નથી. આજની કેળવણીમાં દરેક વિદ્યાર્થીની શક્તિ, નૈસર્ગિક વૃત્તિ, સ્વભાવ વગેરે જોઈ તે તરફ ધ્યાન આપવામાં આવતું નથી; પણ સહુને એક જ લાકડીએ હાંકી તેમને અમુક જ બીબાંમાં ઢાળવાનો પ્રયત્ન થાય છે. શિક્ષક અને વિદ્યાર્થીનો સંબન્ધ કવાયતશિક્ષક અને રંગરૂટ જેવો, અથવા કહો કે પોલીસના સિપાઈ અને ગુનેગાર વચ્ચે હોય એના જેવો, બની ગયો છે. વિદ્યાર્થીઓને કયા બીબામાં ઢાળવા એનો નિર્ણય જેમના હાથમાં રાજસત્તા હોય તેઓ કરે છે, અને રાજ્યના બળને આધારે તેનો અમલ કરાવાય છે. વિદ્યાર્થીના વ્યક્તિત્વને કચડી તેને અમુક ધાર્યો આકાર આપવાની ધારણા રખાય છે. આવી કેળવણીમાં આત્મશિલ્પની કલાને અવકાશ ન હોઈ શકે; પોતાના સ્વભાવ અનુસાર પોતાના જીવનનો વિકાસ સાધવાની સ્વતંત્રતા ન હોઈ શકે; આત્મનિષ્ઠ થવાની ફરજ ન હોઈ શકે; તેમજ પોતાના નૈસર્ગિક, અવિચ્છેદ્ય સ્વભાવને અનુસરવાપણું પણ ન હોઈ શકે. આવી કેળવણીમાં તો વિદ્યાર્થીને કરવા ને મરવાનું જ શીખવાય; તેમાં વિદ્યાર્થીને કામ કરવાનું હોય, વિમાન ઉડાવવાનું, પ્રાણઘાતક વિષ શોધી કાઢવાનું, આજ સુધી શોધાયાં હોય તેના કરતાં અધિક વિનાશકારી તેજકિરણ ખોળવાનું—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલા માટે કે એને પગાર આપનારા શેઠો કે માલિકો આ ચીજોનો ઉપયોગ કરી બાકીની દુનિયાને પોતાની ગુલામ બનાવી શકે.

ભારતીય સંસ્કૃતિ પશ્ચિમવાદ સામે પડકારરૂપ છે. એ સંસ્કૃતિ નીચેના ત્રણ મૂલભૂત ને અવિચળ સિદ્ધાન્તો સ્વીકારે છે:

પહેલો : દરેક માણસને તેનો પોતાનો, સ્વતન્ત્ર, વ્યક્તિગત સ્વભાવ હોય છે.

બીજો : તે પોતાના સ્વભાવ અનુસાર વર્તીને — અર્થાત્ પોતાના સ્વધર્મને અનુસરીને — જ આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

ત્રીજો : આ સ્વધર્મની પ્રેરણાને અનુસરીને, આત્મનિયમનની સાધના દ્વારા, પોતાની સર્વ વૃત્તિઓનું અનુસંધાન સાધવું; અને એ રીતે પોતાની સર્વ શક્તિઓનું એકીકરણ — જેને આપણે 'વ્યક્તિત્વ' એ નામ આપીએ છીએ — તે સિદ્ધ કરવું; એ એને માટે આત્મ-સિદ્ધિનો માર્ગ છે.

ભારતીય સંસ્કૃતિની શ્રદ્ધા સ્પષ્ટ છે. પોતાના વ્યક્તિત્વનો વિકાસ સાધી પૂર્ણત્વ પ્રાપ્ત કરવું એ માણસનું અન્તિમ લક્ષ્ય છે. આવો વિકાસ સરળ થાય એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવામાં બાહ્ય ફેરફારો જેટલે અંશે મદદ કરે તેટલે અંશે જ એ ફેરફારો ઉપયોગી છે. સારા સાધ્યને માટે ખૂરાં સાધનનો ઉપયોગ વાજબી ગણાય નહીં. સાધ્ય અને સાધન એક, અખંડ ને અવિચ્છેદ્ય છે; પોતે જોયેલા સત્યનું અનુશીલન એટલો જ એનો અર્થ છે. માણસ આ અનુશીલન કરે છે તેને લીધે જ તેના જીવનમાં ગૌરવ અને સ્વતંત્રતા આવે છે. લોભ, કામ, ભય કે દ્વેષથી પ્રેરાયેલા, અથવા તો દગાફટકા કે બળજબરીથી કરાવાયેલા, ફેરફારો સ્વનાશને પંથે દોરી જનારા છે.

સર્જનાત્મક કેળવણીની રચના આ શ્રદ્ધાને આધારે થવી

3

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ. એમાં સૌથી પહેલું કામ એ છે કે વિદ્યાર્થીનો સ્વભાવ શોધી કાઢવો; અને પછી તેને ખીલવવો ને શુદ્ધ કરવો. વિદ્યાર્થીના અંતરમાં પરિવર્તન થયા વિના કેવળ તેના બાહ્ય આચરણમાં ફેરફાર થાય એથી કશું વળે નહીં. એટલે તેની શક્તિઓ તથા વૃત્તિઓને એવી રીતે જાગૃત ને સતેજ કરવી જોઈએ કે તે પોતાની જીવનશક્તિ ભારતીય સંસ્કૃતિને શોભાવે એવી ઢબે, સમર્થ ને સુન્દર રીતે, પ્રગટ કરી શકે.

આ પરિણામ સિદ્ધ કરવા માટે વિદ્યાર્થીએ પોતે સાંસ્કારિક નવરચનાના સક્રિય કેન્દ્રરૂપ બનવું જોઈએ.

શરીરને મળતું પોષણ જેમ રોજેરોજ શરીરના જીવાણુઓનું નવસર્જન કરે છે, તેવું જ સાંસ્કારિક નવરચનાની ક્રિયાનું છે. સંસ્કૃતિનો અભ્યાસી પહેલાં તેનું અધ્યયન કરે છે, ને જાતે એને ઝીલવાની શક્તિ અને પાત્રતા કેળવે છે. એ સંસ્કૃતિ જો પારકી ન હોય, તો તેનાં ઉત્તમોત્તમ તત્ત્વોને આત્મસાત્ કરે છે. એને લીધે પોતાનો પંડ, પોતાનો દેશ, તથા પોતાની સંસ્કૃતિ એ સર્વ પ્રત્યેની નિષ્ઠા તેના અંતરમાં જાગે છે. આ પછીની અવસ્થામાં તે, પોતાના યુગને અનુકૂળ આવે એવી ઢબે, પણ આ ત્રણેયને શોભાવે એવું, જીવન ગાળવાનો પ્રયાસ કરે છે. આટલું કર્યું એટલે તે સાંસ્કારિક નવરચનના કેન્દ્રરૂપ બન્યો સમજવો. પોતાની સંસ્કૃતિનાં ચિરંજીવી આદર્શો ને ભાવનાઓનું તેજ તેના જીવનમાંથી ઝરે છે; તેનો પ્રભાવ આસપાસના વાતાવરણ પર પડે છે; અને તે ઈતર દેશોના સંસ્કારો જોડે સંપર્ક સાધીને પોતાની સંસ્કૃતિમાં આરોગ્ય ને બળનો વધારો કરનારી નવી જાગૃતિ આણે છે.

આટલું થયે તેનું વ્યકિતત્વ પ્રૌઢ ને સમૃદ્ધ બને છે, અને તેની ગતિશીલ સચોટતામાં વધારો થાય છે. વળી આ વિદ્યાર્થીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિગત સ્વભાવરૂપી પ્રયોગપાત્રની તાવણીમાંથી પસાર થતી સંસ્કૃતિ નવજાત સજીવ દેહની પેઠે નવચેતનથી થનગનશે; અને છતાં તેનું પ્રાચીન બળ કાયમ રહેવાથી તે દીર્ઘાયુ ને સમર્થ બનશે. આનું નામ તે સાંસ્કારિક નવરચના.

આસપાસનાં પરિસ્થિતિ ને વાતાવરણમાં ફેરફાર થાય; અથવા તો સામાજિક, આર્થિક કે રાજકીય સંજોગો બદલાઈને નવા સંજોગો આવે; તેથી કંઈ વ્યક્તિના સ્વભાવમાં પરિવર્તન થવા પામે નહીં. એ પલટો તો સર્જનાત્મક કેળવણીની ક્રિયા વડે જ થઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

વ્યક્તિત્વનો વિકાસ

સર્જનાત્મક કેળવણીના પાયામાં રહેલા વિચારોનો સાર સંક્ષેપમાં બે સિદ્ધાન્તરૂપે આપી શકાય.

પહેલું: દરેક વ્યક્તિને તેનો નોખો, સ્વતંત્ર, વ્યક્તિગત સ્વભાવ હોય છે. એને માટે જીવનનો સર્વશ્રેષ્ઠ નિયમ એ છે કે તેણે પોતાના સ્વભાવને એવા વિચાર, વાણી ને વર્તન દ્વારા પ્રગટ કરવો કે એ સર્વ એકરૂપ અર્થાત્ એકબીજા સાથે મેળ ખાય એવાં હોય; અને તેની પાછળ એની સ્વતંત્ર ઇચ્છા સિવાયની કોઈ ઈતર શક્તિનું દબાણ ન હોય. તેના આ જીવનધર્મનું પાલન કરતા માટે પ્રાણ પાથરવાની તૈયારી રાખવી એમાં તેનો પરમ પુરુષાર્થ રહેલો છે.

બીજું: કેળવણી ખરેખરી સર્જનાત્મક ત્યારે જ કહેવાય જ્યારે તે વિદ્યાર્થીનું પોતાનું વ્યક્તિત્વ ખીલવે, તેને ખરેખરો આત્મવાન બનાવે; અને તેને પોતાની સર્વ અંતર્ગત શક્તિઓનો પૂરેપૂરો વિકાસ સાધવાનું, અને એ રીતે જીવનને કૃતાર્થ કરવાનું, શીખવે. આ રીતે તેના વ્યક્તિત્વનું બળ ઉત્તરોત્તર વધતું જશે; અને જગત સાથેના તેના સંપર્કમાંથી ઉચ્ચતમ કોટિનાં પરિણામો નીપજશે.

માણસ પત્નીને કનડતો હોય, છતાં તે સારો વૈજ્ઞાનિક કે સાહિત્યકાર હોય; અથવા નાગરિક તરીકેના ધર્મ ન પાળતો હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં હોશિયાર વકીલ હોય; અથવા દુરાચારી હોય છતાં દેશસેવા કરતો હોય; તો એવા માણસને ખરેખરો સુશિક્ષિત ગણવો એ ભૂલ છે. મનુષ્યનું જીવન એક ને અખંડ વસ્તુ છે. તેને જુદાં જુદાં ખાનાંમાં વહેંચી શકાતું નથી. તેમજ કોઈ માણસ જીવનના એક ભાગને અંગે આવી પડતી ફરજો અદા કરે; ને એ કારણ આગળ કરી સમગ્ર જીવનને લગતી ફરજોમાંથી છટકી જવા માગે; તો તે પણ વાજબી ગણાય નહીં.

એટલે સર્જનાત્મક કેળવણીએ વિદ્યાર્થીના સંપૂર્ણ વિકાસ તરફ તો ધ્યાન આપવું જ જોઈએ; પણ તે ઉપરાંત જગત જોડેના તેના સંબન્ધોનો સમગ્રપણે પણ વિચાર કરવો જોઈએ. જીવનશક્તિ એ એક જ અખંડ પ્રવાહ છે; અને તેનો સમગ્રપણે એકસામટો વિચાર કરીને કામ લેવાથી જ એના વેગ અને વિપુલતામાં વૃદ્ધિ થવા પામે.

પશ્ચિમવાદ માણસને તેની શક્તિઓનો સમન્વય ને એકરાગ સાધવાનું શીખવવાને બદલે એ શક્તિઓને વેરણછેરણ કરી નાખવા-નું ઉત્તેજન આપે છે. પણ માણસની સર્વ શક્તિઓ એકાગ્ર થાય ને તેમાંથી કાર્ય કરવાનું જોમ પેદા થાય એ તેના વ્યક્તિત્વના વિકાસનું પ્રથમ ચિહ્ન છે. સત્તા, કીર્તિ, ધન, હોદ્દો ને પ્રણય, એ બધાં જુદાં જુદાં ધ્યેય હોય એવો ભાસ થાય છે. પણ, વસ્તુતાએ જોતાં, એક માણસ ધનિક ને બીજો નિર્ધન થાય છે, એક બળવાન ને બીજો નિર્બળ થાય છે, તે કેવળ યદૃચ્છાનું જ પરિણામ હોય છે. પણ ભાગ્યની વાત જવા દઈએ, તો જે માણસની શક્તિઓ એકચિત્તે ને એકાગ્રપણે કામ કરવા ન કેળવાઈ હોય તે માણસને જગતમાં આગળ વધવાની તક કદી મળતી નથી.

એટલે માણસમાં જે સર્જનશક્તિ પડેલી છે તેને એકાગ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાની કલા સૌથી પહેલી હસ્તગત કરવી એ કીમતી કેળવણી છે. પછી માણસ એનો ઉપયોગ સંપત્તિ, હોદ્દો, કીર્તિ કે પ્રભુત્વ એમાંથી ગમે તે પ્રાપ્ત કરવામાં વાપરે; છતાં એ વસ્તુઓ તેને કદાચ મળે, ને કદાચ ન પણ મળે. એકાગ્રતાની કલા ખીલે ત્યારે વ્યક્તિત્વ અધિક સમૃદ્ધ બને છે; અને, તેને પરિણામે, એમાંથી એક યા સર્વ પ્રાપ્સિત વસ્તુ પ્રાપ્ત થવાની શક્યતા વધે છે. પણ એ વસ્તુઓ ભલે પ્રાપ્ત થાઓ યા ન થાઓ, આત્મસિદ્ધિ તો અચૂક પ્રાપ્ત થશે જ; અને આત્મસિદ્ધિ એ તો જીવનમાં સ્વતંત્રપણે પ્રાપ્ત કરવા જેવી વસ્તુ છે. બીજી તરફ, માણસને ઝળકતી ફતેહ મળવા છતાં જો તેને આત્મસિદ્ધિ પ્રાપ્ત નહીં થાય, તો તેને જીવન એળે ગયું લાગશે, ને એ કારણસર તેનું ચિત્ત વિષાદથી ઘેરાયેલું રહેશે. તે જીવનમા નિષ્ફળ નીવડશે.

પોતાના વ્યક્તિગત સ્વભાવને અનુકૂળ ન હોય, અને પોતાના સ્વધર્મમાંથી નિષ્પન્ન ન થતી હોય, એવી વસ્તુઓને ‘ના’ કહેવાનું બળ જે માણસ મેળવે તેને જ આ વ્યક્તિત્વ પ્રાપ્ત થાય છે. જૂના જમાનામાં, અર્વાચીન અર્થમાં જેને ‘સંકુચિત વિચારનો’ કહેવાય એવો, ધર્મનિષ્ઠ બ્રાહ્મણ, ગોરા શેઠની જોડે બેસીને ચા પીવાથી પગારમાં વધારો મળે તેમ હોય તોપણ, તેમ કરવાની ના પાડતો. પોતાની ધર્મશ્રદ્ધાને આચરણમાં ઉતારવા જેટલું મનોબળ તેનામાં હતું. તેની દૃષ્ટિ મર્યાદિત હતી ખરી, પણ જે વસ્તુઓને તે અનાત્મારૂપ માનતો તેની સામે થવા જેટલું સામર્થ્ય તેનામાં હતું. આજે, પશ્ચિમવાદને પ્રતાપે, આપણે આત્મા અને અનાત્મા વચ્ચે ભેદ પાડી શકતા નથી.

અનાત્માનો પ્રતિકાર કરવો એનો અર્થ એ કે પોતે જેને સત્ય માન્યું હોય તેને દૃઢતાથી વળગી રહેવું. એ માનવ-વ્યક્તિત્વના વિકાસનું પહેલું પગથિયું છે. દુર્ભાગ્યે આપણે સામુદાયિક પોકારોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગમાં જીવીએ છીએ. છેલ્લામાં છેલ્લાં ફૅશન કે પોકાર પાછળ આપણે ઘેલા બનીએ છીએ. આપણું પોતાનું સત્ય શોધી કાઢવાની કે તેને મક્કમપણે વળગી રહેવાની હિંમત આપણે ગુમાવી બેઠા છીએ. પછી આપણું વ્યક્તિત્વ ઠીંગરાયેલું રહે એમાં નવાઈ શી?

જે વિદ્યાર્થી પોતાનું વ્યક્તિત્વ ખીલવવા માગતો હોય તેણે પહેલાં કંઈક 'થવું' જોઈએ. તેણે સદા આત્મવાન અને આત્મનિષ્ઠ રહેવું જોઈએ. આ સત્ય તે જ માણસને પ્રાપ્ત થાય જે માણસ પોતાના સર્વ સંબંધોમાં — કૌટુંબિક જીવનમાં, અભ્યાસમાં, રમતમાં, સ્વદેશની સેવામાં — જાગૃત ને વિશુદ્ધિ જાળવે, અને આપણી સંસ્કૃતિના હાર્દને પોતાના જીવનમાં ઉતારે. તે જ્યારે જીવનને આ રીતે જોતો થશે ત્યારે તે જીવનની કલા શીખવા માંડશે, અને જગતને પોતાનું કરવાની કુશળતા એનામાં આવવી શરૂ થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

સંસ્કૃત : સાંસ્કારિક નવરચનાનું આવશ્યક અંગ

જે કેળવણી આપણી સંસ્કૃતિમાંથી પોષણ ન મેળવતી હોય તે આપણને બળ ન આપી શકે. એ તો ભ્રાન્તિ ઉપજાવનારો, ખોટો ચળકાટ છે; અને વિદ્યાર્થીને તથા જે પેઢીમાં તે જન્મ્યો છે તેને એ કેળવણી હાનિકર્તા છે.

તેથી ભારતવર્ષમાં અપાતી કેળવણીમાં આપણા ભૂતકાળનો પરિચય અપાવો જોઈએ, એટલું જ નહીં પણ આપણી સંસ્કૃતિના એકાદ પણ અંગનો વિશેષ અભ્યાસ થવો જોઈએ. તો જ વિદ્યાર્થી જાણશે કે એ સંસ્કૃતિ શી રીતે હસ્તીમાં આવી છે, અને તેના પાયામાં શા શા આદર્શો ને ભાવનાઓ રહેલાં છે. એટલું સમજાયા પછી તે આ સંસ્કૃતિને આત્મસાત્ કરી જીવનમાં ઉતારી શકશે; અને તેને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરતાં કરતાં તે અર્વાચીન યુગને સદે એવું નવચેતન એ સંસ્કૃતિમાં ફરી પાછું પ્રગટાવશે.

શ્રીઅરવિન્દ લખે છે : 'એટલે કર્મયોગીનો ઉદ્દેશ એ હશે કે આપણો ધર્મ, આપણો સમાજ, આપણી ફિલસૂફી, આપણું રાજકારણ, સાહિત્ય, ધારાશાસ્ત્ર, વિજ્ઞાન, તત્ત્વવિચાર — આપણું જે કંઈ હતું અને છે — તે સર્વનું હાર્દ ઉકેલવું. એટલું કર્યા પછી આપણે પોતાના પંડને તથા પોતાની પ્રજાને કહી શકીએ કે "આ આપણો ધર્મ." આપણે યુરોપની સંસ્કૃતિનું અવલોકન સર્વાંશે ભારતીય વિચાર અને જ્ઞાનની દૃષ્ટિએ કરીશું, અને આપણાં મન પર પશ્ચિમના વિચારની શિરજોરીની જે છાપ પડી ગઈ છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂંસી નાંખીશું; આપણે પશ્ચિમ પાસેથી જે કંઈ લેવાનું છે તે આપણે હિંદીઓ તરીકે લઈશું. અને આપણને સ્વધર્મ એકવાર જડયો, કે પછી આપણે કેવળ વાણીથી એનો સ્વીકાર નહીં કરીએ; પણ આપણાં વ્યક્તિગત કાર્યો, આપણું સામાજિક જીવન, અને આપણા રાજકીય પ્રયાસો એ સર્વમાં એ ધર્મને અનુસરીશું.'

આપણી સંસ્કૃતિના સર્વોત્તમ અંશોને સમજવા, ગ્રહણ કરવા, ને જીવનમાં ઉતારવા હોય, તો વિદ્યાર્થીએ, સ્વપ્રયત્ન વડે, આર્ય આચારવિચાર અને તેના જીવનદર્શનનું જ્ઞાન મેળવવું જોઈએ; વેદ, ઉપનિષદ, ગીતા, ભાગવત, ધમ્મપદ, મહાભારત અને રામાયણનાં રહસ્યો — કેવળ વિચાર દ્વારા નહીં, આચાર દ્વારા પણ — જાણી લેવાં જોઈએ; અને એ જ્ઞાનનો ઉપયોગ કરી તેની મદદથી આપણી વર્તમાન સમસ્યાઓનો ઉકેલ શોધી કાઢવો જોઈએ.

આર્ય જાતિનાં યમનિયમ, ચારિત્ર અને તત્ત્વવિચાર, ઉપનિષદ અને ગીતાનાં રહસ્ય, આપણી સંસ્કૃતિના અકંરૂપ જે અંશો છે તે, માનવજાતિનો સર્વોત્તમ વારસો છે.

જગતના ધર્મગ્રન્થોનો જે ભંડાર છે તેનો જ આ એક ભાગ છે. આપણાં આ ગ્રન્થરત્નો શીખવે છે સનાતન ધર્મ; શાશ્વત નિયમ; સેંટ ઑગસ્ટાઈનના શબ્દોમાં કહું તો, 'અનાદિ જ્ઞાન, જે અગાઉ હતું તેવું જ અત્યારે છે, ને તેવું જ સદાકાળ રહેશે.'

આપણા આ ધર્મગ્રન્થોમાં નિરૂપેલા જ્ઞાનનો પડઘો આપણને મળે છે ઈસુ ખ્રિસ્ત અને સેંટ પૉલના ઉપદેશોમાં; તથા સેંટ ઑગસ્ટાઈન, ટૉમસ એ કેંપિસ તથા ઇતર ખ્રિસ્તી યોગીભક્તોનાં વચનામૃતોમાં. એનો પ્રતિધ્વનિ આપણે સાંભળીએ છીએ જગતભરના અનેક સાધુસંતોનાં જીવનો ને વચનોમાં, સુફી સંપ્રદાયમાં તથા ઈસ્લામની ઇતર શાખાઓમાં. આ ગ્રન્થોમાં ભરેલા જ્ઞાને ઘણા પરદેશીઓનાં જીવન તથા વિચાર પર અસર પાડી છે; એમાં અગ્રગણ્ય છે ફિખ્ત, ગ્યોટે, શોપનહોર, શેલિંગ, ઇમરસન, બર્ગસોં, કૈસરલિંગ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઍલ્ડસ હક્સ્લી; થિયૉસૉફી, ક્રિશ્ચિયન સાયન્સ (ધર્મશ્રદ્ધાને ;બળે રોગોપચાર કરનાર સંપ્રદાય), અને મૉરલ રી-આર્મામેન્ટ (નૈતિક શસ્ત્રધારણ)ની પ્રવૃત્તિ જેવાં જગદ્વ્યાપી મંડળોના અનુયાયીઓ.

પ્લુટાર્કનાં 'ચરિત્રો', હોમરનું 'ઇલિયડ', અને ડાન્ટેનું 'ડિવાઈન કૉમેડી', એની પેઠે મહાભારત, રામાયણ અને ભાગવત એ પણ ચેતનથી ભરપૂર એવાં સનાતન મહાકાવ્યો છે; તેમાંથી માનવમાત્રને પ્રેરણા મળી શકે એવી છે.

આ ગ્રન્થો ભારતીય સંસ્કૃતિનાં ઉગમસ્થાન છે. તેમણે હિંદીઓને પેઢી દર પેઢી પ્રેરણા આપી છે. તેમણે ભારતવર્ષમાં એક વિશિષ્ટ જીવનપથ નિર્માણ કર્યો છે. માનવ-વ્યક્તિત્વમાં સંપૂર્ણ એકરાગ સ્થપાય, અને નૈતિક આદર્શો ને ભાવનાઓના આધાર પર જગતનું તન્ત્ર રચાય, તો એથી કેટલો બધો લાભ થાય એ આ ગ્રન્થો આપણને બતાવે છે.

જગત આજે બે જૂથમાં વહેંચાઈ ગયેલું છે — એક તરફ આ આદર્શો ને ભાવનાઓને સ્વીકારનારા છે; ને બીજી તરફ એનો અસ્વીકાર કરનારા. તેજ અને તિમિર વચ્ચેના, દેવો અને દાનવો વચ્ચેના, આ સનાતન સંગ્રામમાં સામસામાં દળો જાતિ, ધર્મ કે વિચારના ભેદ અનુસાર પડેલાં નથી. પણ આપણને જે આદર્શો ને ભાવનાઓનો વારસો મળ્યો છે તેના જોડે આપણે માથે એટલી ફરજ પણ નંખાઈ છે જ કે આપણે એ આદર્શો તથા ભાવનાઓ — જેને એક શબ્દમાં કહે છે 'મૂલ્યો' — તેનું સંગોપન અને સંવર્ધન કરવું; ને જરૂર પડે તો પ્રાણ સુદ્ધાં પાથરવા — એટલા માટે કે માનવજાતિ તિમિર ઉપર વિજય મેળવીને પ્રકાશ પ્રાપ્ત કરી શકે.

વળી સંસ્કૃત ભાષાને મુખ્ય સાધન તરીકે વાપરીને ભારતવર્ષમાં કરોડો માણસોએ પોતાનું સંગઠન સાધ્યું છે ને તેમાંથી રાષ્ટ્રનું નિર્માણ કર્યું છે; અને આજે આપણને એક તાંતણે બાંધનારું મોટામાં મોટું સાંસ્કારિક બળ તે સંસ્કૃત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતવર્ષ એ અમુક ચતુઃસીમાથી બદ્ધ એવો પ્રદેશ સૂચવનારો ભૌગોલિક શબ્દ નથી. અમુક ભૌતિક તત્ત્વોની હસ્તી અથવા ઉપયોગિતાના વિચારને આધારે તેની રચના થયેલી નથી. ભારતવર્ષ તો છે એક જીવન્ત રાષ્ટ્ર; જીવન્ત સંસ્કૃતિને મૂર્તિમંત કરનારું; અને કરોડો માણસોએ પોતે સંગઠિત થઇ રાષ્ટ્ર બનવાનો સંકલ્પ સેવીને હસ્તીમાં આણેલું. જાતે સંકલ્પ સેવીને રાષ્ટ્રનું રૂપ ધારણ કરવાની આ શક્તિ આપણને મળે છે કલા ને સાહિત્યના વારસામાંથી; આચારના નિયમોને આધારે રચાયેલા જીવનપથમાંથી; સામુદાયિક પરાક્રમો ને કષ્ટોનાં પ્રણાલિકાઓ ને સ્મરણોમાંથી; સંસ્કારો, રૂઢિપ્રયોગો, રૂપકો, સાહિત્ય, વિચારો, આકાંક્ષાઓ ને સ્ફુરણાઓમાંથી; — આ સર્વને આપણા આખા જનસમૂહે, સામુદાયિક કાર્યોની દીર્ઘ પરંપરા દ્વારા, સહિયારી માલિકીનાં બનાવ્યાં હોય છે; ને તેમાંથી જ એક રાષ્ટ્ર રચવાની સંકલ્પશક્તિ આપણને પ્રાપ્ત થાય છે.

સંસ્કૃત ભાષા તે આ વારસાનો મોટામાં મોટો ભંડાર છે.

ગયાં ત્રણ હજાર વરસ સુધી સંસ્કૃતે ભારતવર્ષનાં ભાષા, સાહિત્ય ને સંસ્કારોનાં ક્ષેત્ર પર સૌથી વધારે પ્રભાવ પાડ્યો છે. ઇતિહાસના અરુણોદયથી માંડીને ઈ. સ. ૧૩૦૦ સુધી સંસ્કૃત આપણા દેશમાં ઉચ્ચતર વિચારોનું વાહન હતી. કૃષ્ણા નદીની ઉત્તરે આવેલા ઉત્તર ભારતમાં બોલાતી પ્રાકૃતો ને અપભ્રંશો સંસ્કૃતની જ દુહિતાઓ હતી. દિલ્લીની સલ્તનત અને મોગલ સામ્રાજ્યના કાળમાં, દેશના કેટલાક ભાગમાં રાજદરબારની ભાષા ફારસી હતી. પણ વિદ્યા ને વાઙ્મય ઉપર તો દેશભરમાં સંસ્કૃતનો જ પ્રભાવ હતો. અંગ્રેજોના આગમન સુધી ઉત્તર ભારતમાં વપરાતી સાહિત્યની લોકપ્રિય ભાષા, જે 'વ્રજભાષા'ને નામે ઓળખાતી, તે સંસ્કૃતમય હતી; અને બીજી ભાષાઓ સંસ્કૃત સાથે ઘણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિકટનો સંબન્ધ ધરાવતી હતી. વ્રજભાષામાં ફારસીનું મિશ્રણ થઈને હિંદીનો વિકાસ થયો.

ઈ. સ. ૧૮૫૭થી આ દેશમાં સંસ્કૃતે વધારેમાં વધારે પ્રભાવ પાડ્યો છે. શિષ્ટભોગ્ય ઉર્દૂ અને પુશ્તુ બાદ કરતાં હિંદની આપણી સર્વ અર્વાચીન ભાષાઓએ પોતાની સમૃદ્ધિ ને વિવિધતા વધારવા માટે સંસ્કૃતની સહાયતા લીધી છે.

૧૯૩૧માં હિંદની ૩૩ કરોડની વસ્તીમાંથી ૨૫ાા કરોડ માણસો સંસ્કૃત–કુલની ભાષાઓ બોલતાં; ૪ાા કરોડ સંસ્કૃતપ્રચુર એવી તેલુગુ, કન્નડ અને મલયાળી બોલતાં; અને ૨ કરોડ સંસ્કૃત-મિશ્રિત એવી તામિલ બોલતાં. હિંદી–હિંદુસ્તાનીના પ્રદેશ તરફ નજર કરીએ, તો દિલ્લી, લખનૌ ને લાહોર જેવાં શહેરોની બહાર બોલાતી ભાષામાં સંસ્કૃત શબ્દોનું મિશ્રણ ઘણું છે. ઉર્દૂ, જેમાંથી 'ભાષાશુદ્ધિ'ના આગ્રહી આલિમો ને મોલવીઓ ભારતીય તત્સમ ને તદ્ભવ શબ્દોને વીણીવીણીને ફેંકી દે છે, તેમાં પણ સંસ્કૃતનું પ્રમાણ ઠીકઠીક મોટું છે.

રાષ્ટ્રત્વના આપણા સંકલ્પને સબળ બનાવે એવી ભાષા તે રાષ્ટ્રભાષા, એવો અર્થ જો આપણને અભિપ્રેત હોય, તો સંસ્કૃત આપણી રાષ્ટ્રભાષા છે. ભારતવર્ષે જો આત્મવાન રાષ્ટ્ર તરીકે ચાલુ રહેવું હોય, તો તેણે સંસ્કૃતમાંથી પ્રેરણા મેળવવી રહી. તેથી સર્જનાત્મક કેળવણીમાં કોઈક ને કોઈક કક્ષાએ સંસ્કૃતનો ઊંડો અભ્યાસ થવો જ જોઈએ.

ઇતર ભાષાઓ ને સાહિત્યોનો બહિષ્કાર કરવાની જરૂર નથી. પણ જો કોઈ ભારતીય પ્રજાજન સંસ્કૃતના, અથવા તે નહીં તો છેવટે ભારતની કોઈ પણ સંસ્કૃતપ્રધાન ભાષાના, અભ્યાસ પ્રત્યે દુર્લક્ષ કરે, તો ભારતવર્ષના ભૂતકાલમાં વિહરતા આત્માની ઝાંખી તેને કદી થવા પામશે નહીં. તે ભારતીય સંસ્કૃતિનું જીવન્ત કેન્દ્ર કદી નહીં બની શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

ઘડતરની કેળવણીમાં સંસ્કૃતનું સ્થાન

સંસ્કૃતના અભ્યાસને માટે વ્યાકરણ પર પ્રભુત્વ મેળવવાની જરૂર ન ગણાવી જોઈએ. વ્યાકરણનાં મૂળતત્ત્વોનું જ્ઞાન પૂરતું છે. જે આવશ્યક છે તે તો સંસ્કૃત સાહિત્યના ઈતિહાસનું સામાન્ય જ્ઞાન; તેના શિષ્ટ ને ચિરંજીવી ગ્રન્થોનો પરિચય — જરૂર પડે તો, હિંદની કોઈ ભાષામાં થયેલા અનુવાદની મદદ વડે; અને, છેલ્લે, થોડાક ગ્રન્થરત્નોનો ઊંડો અભ્યાસ.

વળી એક માન્યતા એવી ચાલે છે કે વિજ્ઞાન અથવા યન્ત્રોને લગતો અભ્યાસક્રમ લેનારને સંસ્કૃતની જરૂર નથી. કેમ? વૈજ્ઞાનિક એ શું માણસ નથી? જે સૌન્દર્ય કે તત્ત્વજ્ઞાન વિના જીવન ભારરૂપ નીવડે છે તે સમજવાની ને તેનો આસ્વાદ લેવાની જરૂર શું વૈજ્ઞાનિકને રહેતી નથી? પ્રણયરસ માણવાની, અથવા સુન્દર ઘર બાંધવાની, કે જીવનના સર્વ સંબંધોને ઉન્નત બનાવી તેમાંથી સુમધુર એકરાગ ઉત્પન્ન કરવાની કલાથી વંચિત રહેવાની વૈજ્ઞાનિકની ફરજ છે શું? વીરત્વ, આત્મસમર્પણ કે આત્મસિદ્ધિની આકાંક્ષા તેનો આત્મા શું કદી નહીં રાખે?

વિજ્ઞાન અને યન્ત્રકૌશલ એ તો સાધનો છે. બીજી બાજુ, આત્મશિલ્પ એ જીવનની એક આવશ્યક કલા છે; તે આપણું લક્ષ્ય છે. અને આ કલાને માટે સંસ્કૃતનો અભ્યાસ એ ધરમૂળની જરૂરિયાત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પશ્ચિમવાદે આપણને ખોટાં 'મૂલ્યો' શીખવ્યાં છે. અર્વાચીન કેળવણીને લીધે યન્ત્રોમાં જ રચ્યુંપચ્યું રહેનારું પ્રાણી તૈયાર થાય છે; એનું કારણ એવી દુષ્ટ માન્યતા છે કે સામાન્ય માણસને જીવનકલા પર પ્રભુત્વ મેળવવાની જરૂર નથી. સાચી હકીકત એ છે કે વિજ્ઞાનને લગતી કુશળતા, અને સંસ્કારિતા, એ બે એકબીજાની વિરોધી વસ્તુ નથી. જગત જો અણુયુગના સંહારોમાંથી ઊગરવા માગતું હોય, તો વૈજ્ઞાનિક સૌથી પહેલો સંસ્કારસંપન્ન મનુષ્ય હોવો જોઈએ; આત્મશિલ્પની કલામાં પ્રવીણ હોવો જોઈએ. તેનો વ્યવસાય એ તો કેવળ આત્મસિદ્ધિનું સાધન છે. એ આત્મસિદ્ધિ તેણે ક્રોધાવિષ્ટ ઈન્દ્રના સંહારક વજ્ર વડે મેળવવાની નથી પણ બુદ્ધના અષ્ટાંગિક યોગમાર્ગ વડે પ્રાપ્ત કરવાની છે.

વિજ્ઞાનનાં અભ્યાસ અને આવડત ઉપર જ બધો ભાર મૂકવાથી, અને સંસ્કૃતિના ચિરસ્થાયી મૂલ્ય પ્રત્યે દુર્લક્ષ કરવાથી, મનુષ્યનું અન્તિમ લક્ષ્ય છિન્નભિન્ન થઈ જાય છે. એવું પરિણામ આવવા દેવું આપણને પોસાય એમ નથી.

અર્વાચીન માનસ આ વાત ભૂલી ગયું છે; તેને ફરી ઠેકાણે લાવવાનું કામ સર્જનાત્મક કેળવણીનું છે. સામાન્યપણે પ્રાચીન શિષ્ટ ભાષાઓના અભ્યાસનું, અને વિશેષે કરીને સંસ્કૃતના અધ્યયનનું, મૂલ્ય જેટલું આંકીએ એટલું ઓછું છે. એ અભ્યાસથી વિદ્યાર્થીને માનવ સંસ્કૃતિનાં ચિરસ્થાયી આદર્શો ને ભાવનાઓનું ખરેખરું દર્શન થવા પામે છે. એને લીધે તે કલા ને સાહિત્યની કૃતિઓનું, સામાજિક ને રાજકીય સિદ્ધાન્તો ને પ્રવૃત્તિઓનું, તથા વ્યક્તિગત ને સામુદાયિક કાર્યનું, સુયોગ્ય દૃષ્ટિએ મૂલ્યાંકન કરી શકે છે. છેવટે, એને લીધે વિદ્યાર્થીના મનમાં મનુષ્યના ગૌરવ વિષે તથા નૈતિક વિશ્વવ્યવસ્થાની શ્રેષ્ઠતા વિષે આસ્થા ઉત્પન્ન થવા પામે છે. સુન્દરતા ને ભવ્યતાનું જે ઉચ્ચતમ દર્શન કરવાનું મનુષ્યનું ગજું છે તેનો જીવન્ત સંપર્ક આ અભ્યાસ દ્વારા તે સાધી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલા વિશ્વયુદ્ધ પૂર્વે થોડાક વખત પર ઇંગ્લંડ અને અમેરિકામાં પ્રાચીન ભાષાઓનો અભ્યાસ અપ્રતિષ્ઠિત થયો હતો. પછી તેની જગાએ ક્રમે ક્રમે વૈજ્ઞાનિક અભ્યાસક્રમો ગોઠવાતા ગયા. આનું કારણ મોટે ભાગે યન્ત્રયુગનો વિજય હતું. યન્ત્રયુગ એ મનુષ્યના વિકાસની સુપુષ્પિત અવસ્થા છે, એવો વિચાર સર્વત્ર પ્રચલિત થયો હતો. તેથી વિજ્ઞાનને તથા ધંધાઓને લગતી કલાઓને પ્રમાણ બહારની લોકપ્રિયતા મળી, એમાં નવાઈ નહોતી. હિંદમાં આપણે તો વાનરની પેઠે પશ્ચિમની નકલ કરનારા રહ્યા; એટલે આપણી શિક્ષણપદ્ધતિમાં સંસ્કૃત ભાષા ને સાહિત્ય તરફ આપણે દુર્લક્ષ કરવા માંડ્યું.

પણ બીજા વિશ્વયુદ્ધ પહેલાં જે આર્થિક કટોકટી ઊભી થઈ તેણે વહેવારુ વિજ્ઞાનો ને શાસ્ત્રો સ્વયંપૂર્ણ હોવા વિષેની માણસોની આસ્થાને ડગાવી. યન્ત્રયુગે જે અકલ્પ્ય ભીષણતાઓ ઉત્પન્ન કરી છે તેનો ખ્યાલ હમણાંના વિશ્વયુદ્ધે આપણને આપ્યો છે; અને તેનાથી આપણે સાવ ડઘાઈ ગયા છીએ. હવે વિચારશીલ માણસોને એમ લાગે છે કે ચારિત્ર્યના ઘડતરમાં કામ લાગે એવા વિષયો તરફ કેળવણીમાં ધીરેધીરે દુર્લક્ષ અપાતું થયું, તેને લીધે સુશિક્ષિત મનુષ્ય સારાસારવિવેક વગરનો, પણ અપરિમિત સંહારશક્તિવાળાં શસ્ત્રો ધરાવનારો, જંગલી બનતો જાય છે. સર્વ વિષયોનું સરખું મૂલ્ય આંકવાના વિચાર સામે અમેરિકા ને ઇંગ્લંડ બંનેમાં સખત ટીકા થઈ રહી છે. શાળાકૉલેજોના અભ્યાસક્રમમાં ધંધાને લગતા વિષયોની ભીડ જામી સંસ્કારપ્રદ વિષયોને હઠાવી કાઢે નહીં, એવા પ્રયાસો હવે ત્યાં ચાલી રહ્યા છે. તેને પરિણામે, વિદ્યાર્થીને ઘડતરની તાલીમ મળે એવી રીતે હવે શિક્ષણપદ્ધતિ નવેસર રચાવા લાગી છે.

અમેરિકાના મિશિગન સંસ્થાનમાં આવેલી મેરી ગ્રવ કૉલેજના અધ્યક્ષ ડેરીએ આપેલી કેળવણીની નીચેની વ્યાખ્યામાં આ નવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિબિંદુ પર ભાર દીધેલો છે:

'માણસની સાત શક્તિઓ છે — ઇન્દ્રિયો, કલ્પના, યાન્ત્રિક ને બૌદ્ધિક સ્મરણશક્તિ, બુદ્ધિ, ભાવનાઓ, અને સંકલ્પ. આ સાતેય શક્તિઓનો સંપૂર્ણ ને સંવાદી વિકાસ, અને કલાની દૃષ્ટિએ સચોટ ગણાય એવો એ શક્તિઓનો આવિર્ભાવ, તેનું નામ કેળવણી. આ કેળવણી વિદ્યાર્થીના પોતાના મહાવરા વડે, અથવા પ્રત્યેક વિશિષ્ટ શક્તિના સજ્ઞાન ઉપયોગ વડે, મળી શકે. તેમાં શિક્ષકનું માર્ગદર્શન અને ઈશ્વરી કૃપાની સહાયતા જોઈએ. આ કેળવણી દ્વારા તેણે ઇહલોક અને પરલોકમાં સર્વોચ્ચ કોટિના ને સુખીમાં સુખી જીવન માટે તૈયારી કરવાની છે.'

'મોરલ રીઆર્મામેન્ટ' (નૈતિક શસ્ત્રગ્રહણ) ની જે પ્રવૃત્તિ 'ઑકસફર્ડ ગ્રૂપ'ને નામે ઓળખાય છે, તે એક જગદ્વ્યાપી પ્રવૃત્તિ છે; અને તે શિક્ષણ તથા જીવનને તેનાં અગાઉનાં મૂલ્યો ફરી પાછાં અપાવવાની આશા સેવે છે.

શિક્ષણની જે પદ્ધતિઓ પશ્ચિમમાં નકામી ગણીને ફેંકી દેવામાં આવે છે તેને અપનાવવાનો ઉત્સાહ આપણે ત્યાં છે ખરો; પણ આપણા સંસ્કારોની પ્રણાલિકાઓએ અત્યાર સુધી તેને અંકુશમાં રાખ્યો છે. પણ આપણે એટલું સમજવું જોઈએ કે અમેરિકા તથા ઇંગ્લંડમાં ગ્રીક–લૅટિનના અભ્યાસનું જે મહત્ત્વ છે તેના કરતાં આપણે માટે સંસ્કૃતના અભ્યાસનું મહત્ત્વ પ્રમાણમાં વિશેષ છે. સર વિલિયમ જોન્સે કહ્યું હતું કે સંસ્કૃત ભાષા ગ્રીકના કરતાં અધિક સંપૂર્ણ છે, લૅટિનના કરતાં અધિક વૈભવશાળી છે, અને એ બંનેના કરતાં અધિક સંસ્કારી છે. આપણા જીવન ઉપર તો સંસ્કૃતનો પ્રભાવ જીવતોજાગતો છે. એનો અભ્યાસ આપણને પ્રેરણા આપે એવો છે; અને આપણે છીએ તેના કરતાં અધિક અંશે આપણને ભારતીય બનાવવાની શક્તિ તેનામાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદની અર્વાચીન ભાષાઓના અભ્યાસ વિષે હું ઉપરવા નથી. મારાથી ઉપરવા થઈ જ ન શકાય. આજે પાંત્રીસ વરસથી મારો આત્મા હું ગુજરાતીમાં રેડી રહ્યો છું. આપણી રાષ્ટ્રભાષા તરીકે હિંદી વિષેની મારી શ્રદ્ધા અવિચળ છે. મરાઠીની ઝમક અને તીક્ષ્ણતા તથા બંગાળીના લાલિત્ય વિષે મારા મનમાં પ્રશંસાનો ભાવ છે. પાલિ અને અર્ધમાગધીનું ઐતિહાસિક મૂલ્ય હું જાણું છું. પણ આપણા જીવનનું ખરેખરું ઘડતર કરનારી ને આપણને પ્રેરણા આપનારી શક્તિ તરીકે સંસ્કૃતના અભ્યાસનું આપણે માટે જે મહત્ત્વ છે તેની તોલે બીજી કોઈ ભાષા આવી શકે એમ નથી.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

સંકુચિત સાક્ષરતાનાં જોખમો

સંસ્કૃતિ જ્યાં સુધી જીવતી હોય ત્યાં સુધી પેઢી દર પેઢી તેની નવરચના થયાં જ કરે છે. છતાં બધો વખત તે સંસ્કૃતિ તો એકની એક જ રહે છે. તેની સ્વભાનવાળી હસ્તીમાં કશો વિક્ષેપ કે ખંડ પડતો નથી. જીવનની રચના વિષેની તેની ધરમૂળની વિચારસરણીમાં ફેરફાર થતો નથી. તેથી, ભારતીય સંસ્કૃતિનો, એક જીવન્ત ને અખંડ ઘટક તરીકે, અભ્યાસ કર્યા વિના કેવળ સંસ્કૃતનો અભ્યાસ અધૂરો જ ગણાય.

આપણી જૂની પાઠશાળાની પદ્ધતિએ સંસ્કૃતનો જે અભ્યાસ ચાલે છે તેમાં શબ્દોના અર્થો, પ્રણાલિકા ને ધાર્મિક માન્યતા એનું શિક્ષણ અપાય છે; પણ તે અમુક ઠરાવેલી ધરેડોમાં જ. તેમાં સંસ્કૃતિનું સંકલિત દર્શન જરાયે કરાવાતું નથી. ઐતિહાસિક ને સમીક્ષક જ્ઞાન જરાયે અપાતું નથી. એવું જ્ઞાન અપાય, તો તેને આધારે વિદ્યાર્થી ચિરસ્થાયી આદર્શો ને અલ્પજીવી રૂઢિઓ વચ્ચેનો ભેદ જોઈ ને સમજી શકે. આજની પ્રથાને પરિણામે, વિદ્યાર્થીની ગ્રહણશક્તિ કુંઠિત થઈ જાય છે. સંસ્કૃતિનાં જૂનાં રૂપોને શાશ્વત માનવામાં આવે છે; નવરચનાની દૃષ્ટિએ એ રૂપો વિષે વિચાર કરવામાં આવતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી બાજુ હિંદની અર્વાચીન કેળવણી એમ માનીને જ ચાલે છે કે ભારતીય સંસ્કૃતિ તો મરી ગયેલી છે; હવે માત્ર એ મડદાને ચીરી તેની તપાસ કરવાની બાકી છે; અને પશ્ચિમની નકલ કરીને જ આપણે ત્યાં નવી સંસ્કૃતિ ખીલવી શકાય. અવિરામ નવરચનાનું જે મહત્ત્વ છે તેના તરફ જરા પણ લક્ષ અપાતું નથી. ભારતવર્ષ જો જીવતું હોય, તે જો રાષ્ટ્ર હોય ને તેની વિશિષ્ટ સંસ્કૃતિ એ જો તેનો આત્મા હોય, તો તેની સંસ્કૃતિની નિરંતર નવરચના થયા જ કરવી જોઈએ. એવી રચના જો ભૂતકાળમાં ન થઈ હોત, તો પ્રાચીન ઈજિપ્ત અને ગ્રીસની પેઠે ભારતવર્ષ પણ મરી ગયું હોત. વળી જો આ નવરચના આપણા વિકાસ માટે આવશ્યક હોય, તો તે સહેતુક ને સસંકલ્પ હોવી જોઈએ, અને તેનો અમલ કરવા માટે સર્જનાત્મક કેળવણીનો સંયોજિત પ્રયાસ થવો જોઈએ.

એટલે, મરણ પછી મડદાની તપાસ થાય છે એ રીતે ભારતવર્ષના ભૂતકાળની તપાસ કરવી એ કંઈ તેની સંસ્કૃતિનો અભ્યાસ કહેવાય નહીં. શરીરને ચીરવાથી શરીરના જુદા જુદા અવયવો મળે; પણ એથી જીવતો માણસ મળે નહીં. ઘણા સાક્ષરો આપણા ઇતિહાસના પ્રાચીન, મધ્યયુગીન, અને અર્વાચીન એવા વિભાગો પાડીને તેનો નોખો નોખો વિચાર જ કરે છે — જાણે જગત એ યુગની સાથે જ શરૂ થઈને સમાપ્ત ન થઈ ગયું હોય ! આ પ્રકારના અભ્યાસને ઘણીવાર તટસ્થ કે શાસ્ત્રશુદ્ધ કહી તેને ગૌરવ આપવામાં આવે છે. પણ જીવન્ત પદાર્થનો તટસ્થ ને શાસ્ત્રશુદ્ધ અભ્યાસ તો ત્યારે જ કરી શકાય જ્યારે, તેના વડે, એ પદાર્થના અંતરમાં સ્ફુરતા ને અખંડપણે ચાલુ રહેતા સત્ તત્ત્વની અર્થાત્ તેના પ્રાણની શોધ કરવામાં આવે. જે જીવન બહારથી દેખાય છે એ તો કેવળ એ અંતર્ગત પ્રાણનો આવિર્ભાવ છે, અને શરીર કેવળ એ પ્રાણનું બાહ્ય પ્રતીક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતીય સંસ્કૃતિ એ વહેતા ઝરણાની પેઠે વણતૂટયો, વગર અટકયે વહેનારો, ને સચેતન પદાર્થ છે એમ માનીને તેનો અભ્યાસ કરવો જોઈએ. દેશ પર થયેલી ચડાઈઓ, સામ્રાજ્યોના ઉદય અને અસ્ત, અને રાજકીય આકાંક્ષાઓની અથડામણ એ તો કેવળ આ પ્રવાહનાં, ઊંચે ઊછળેલાં, મોજાં છે. પરદેશી ચડાઈઓ ને વિજાતીય સંસ્કારો, ઘુઘવાટ કરતી નદીઓ ને ડહોળાં પાણીના વહેળાઓની પેઠે, જુદે જુદે અનેક સમયે આવીને આ મહાનદીમાં ભળ્યાં છે. પણ એ નદી એક પ્રવાહરૂપે વહેતી કદી અટકી નથી. તેનાં પાણી હિંદુકુશ, હિમાલય અને સમુદ્રની વચ્ચે નિરંતર વહેતાં રહ્યાં છે. એ પ્રવાહની અંતર્ગત એકતા, તેનાં લાક્ષણિક તત્ત્વો, તેની દિશા, ને તેનો વેગ એ બધાં હતાં તેનાં તે જ રહ્યાં છે. આ ઐક્ય અને સાતત્યે ભારતવર્ષને તેનો વ્યક્તિગત સ્વભાવ ઘડી આપ્યો છે. તેથી ભારતની સંસ્કૃતિનો અભ્યાસ છૂટક છૂટક વિભાગોમાં નહીં, પણ અખંડ વહેતા પ્રવાહરૂપે થવો જોઈએ.

કોઈ પણ એક ઘટના કે કાલવિભાગ લઈ તેનું પૃથક્કરણ ને પરીક્ષણ તો કરવું જોઈએ જ; પણ તે એમ સમજીને કે આપણી સંસ્કૃતિની મુખ્ય કલ્પનાઓ, જે ભૌતિક ને માનસિક શક્તિઓ ને ક્રિયાઓ દ્વારા આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી સંપૂર્ણ બનવા મથી રહી છે તે શકિતઓ ને ક્રિયાઓનાં પ્રગટ રૂપ કે તેના આવિર્ભાવ તે જ આ ઐતિહાસિક ઘટનાઓ છે. આ શક્તિઓ ને ક્રિયાઓના સતત ને એકધારા વહેણમાં ઊંડા ઊતરીને આપણે તપાસ ન કરીએ, તો આપણો અભ્યાસ છીછરો, જડ, ને અર્થહીન જેવો રહેવાનો એમાં શંકા નથી.

જ્યારે કોઈ રાષ્ટ્ર પર ઘોર આફત આવી પડે, અને પોતાની સંસ્કૃતિ જાળવવાની ને નવેસર રચવાની એ રાષ્ટ્રની શકિત એ ઉત્પાતને લીધે હણાઈ જાય, ત્યારે આ નિરંતર વહેતા એકધારા પ્રવાહમાં વિક્ષેપ પડે છે, અને એ સંસ્કૃતિ મૃત્યુને શરણ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીન ઇજિપ્ત અને પ્રાચીન ગ્રીસમાં એવું બન્યું હતું. ઘણીવાર એ પ્રવાહ તૂટી કે અટકી જતો નથી, પણ દેખાતો બંધ થઈ જાય છે; જેમકે ઓગણીસમી સદીમાં ભારતવાસીઓ ભૂલી ગયા કે આપણે પણ પોતાની સંસ્કૃતિ જેવું કંઈક છે. કેટલીકવાર, જો સંસ્કૃતિ મજબૂત હોય તો, એની ભૂતકાળની સિદ્ધિઓને શાશ્વત વસ્તુ તરીકે સ્વીકારવામાં આવે છે; તેમાં ઉદ્દેશ એને ધસી આવતી આફતમાંથી બચાવવાનો હોય છે. ચૌદમી સદીમાં ને તે પછી મધ્ય એશિયામાંથી આક્રમણકારોનાં નિર્દય ધાડાં હિંદ ઉપર તૂટી પડ્યાં, તેને લીધે આ દેશમાં જીવનનો વિકાસ કુંઠિત થઈ ગયો. આપણી વિદ્યાપીઠોનો નાશ કરવામાં આવ્યો; અને શિક્ષણ, વિદ્વત્તા ને જીવનની જાગતીજ્યોત પ્રણાલિકાઓને તોડી નાંખવામાં આવી. જે ભૂતકાળને સ્મૃતિમાં સંઘરી રાખ્યો હતો તેમાં જ આપણી સંસ્કૃતિ સચવાઈ રહેલી છે એમ આપણા લોકો, આ સમય પછી, માનવા લાગ્યા; તેમણે ભૂતકાળ તરફ દુર્લક્ષ કર્યું; અને ભાવિનો વિચાર કરતાં ભૂતકાળને ફરી સજીવન કરવા ઉપરાંત બીજો ખ્યાલ જ એમને આવવો અશક્ય થઈ ગયો. આપણી સંસ્કૃતિનાં જે અસ્થાયી રૂપો હતાં તેને જ સ્થાયી મૂલ્યો — અર્થાત્ આદર્શો ને ભાવનાઓ — માની લેવાયાં. એ સંસ્કૃતિની નવરચનાનો નહીં, પણ તેને બરફવાળા કબાટમાં મૂકી સાચવી રાખવાનો પ્રયાસ હતો.

આપણો અર્વાચીન વિદ્દ્વર્ગ આ વિષયમાં પશ્ચિમના વિદ્વાનોનું અનુકરણ કરીને એમ માને છે કે ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ એ તો પ્રયોગશાળામાં રાખેલા કોઈ પ્રાચીન નમૂનાનો — કોઈ મરી ગયેલી, નિર્જીવ, ને વધારે વિકાસ પામી જ ન શકે એવી વસ્તુનો — અભ્યાસ છે. ભારતીય સંસ્કૃતિ સજીવન છે, તેની નાડીના ધબકારા ચાલી રહ્યા છે, એટલું જ નહીં પણ તે નવરચનાની ક્રિયામાંથી પસાર થઈ રહી છે, એવો ખ્યાલ આપણા આ વિષયના વિદ્વાનોને રહેતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

ભારતીય સંસ્કૃતિની એકતા

તાવરારીના જે યુદ્ધમાં (ઈ. સ. ૧૧૯૨) પૃથ્વીરાજ પડ્યો ને તુર્કો જીત્યા તે યુદ્ધનાં કારણો ને પરિણામો સમજવાં હોય, તો તે કાળની ભારતીય સંસ્કૃતિને પણ સમજવા જ જોઈએ. એક કાળે કનોજમાં બેસીને પ્રતિહારો જે વિશાળ સામ્રાજ્ય પર શાસન ચલાવતા હતા તેના એક ખંડિયા રાજાનો પૃથ્વીરાજ વંશજ હતો. એ સામ્રાજ્યની, જરાજીર્ણ થઈ ગયેલી, ઇમારતની નબળાઈઓ, તથા ભારતીય સંસ્કૃતિએ ઘડેલા, માનવતા ને સંસ્કારવાળા યુદ્ધ-નિયમો, તેને વારસામાં મળ્યાં હતાં. એ બંનેને એકાએક યુદ્ધના નિર્દય ને જંગલી રીતોનો સામનો કરવો પડ્યો. પણ પૃથ્વીરાજ પડ્યો તેથી કંઈ દેશની પ્રણાલિકાઓ તૂટી ગઈ નહીં. સામાજિક ને સાંસ્કારિક બળો મરી પરવાર્યાં નહીં. પૃથ્વીરાજના મરણ પછી રણથંભોર, પાટણ ને બીજા સેંકડો કિલ્લાએ શત્રુ સામે ટક્કર ઝીલી. પરદેશી આક્રમણકારો અને આ ભૂમિના શૂરા સુભટો વચ્ચે ખૂનરેજીથી ભરેલો ને લાંબો સંગ્રામ ચાલ્યો. પ્રતાપ અને શિવાજી એ તો એમના જમાનામાં ચાલતા પ્રતિકારરૂપી જુવાળમાં ઊંચામાં ઊંચે ચડેલાં મોજાં જેવા હતા. ઔરંગઝેબના સમયમાં હિંદુઓનું જે જબરદસ્ત પુનરુત્થાન થયું તે કંઈ આકસ્મિક કે એકલવાઈ ઘટના નહોતી, પણ સેંકડો વરસથી ચાલતી આવેલી ક્રિયાઓનું પરિણામ હતી. એ ક્રિયાઓનો ઉપયોગ કરી પોતાનું કામ કાઢી લેવાનો પ્રયાસ બ્રિટને કર્યો. એ ક્રિયાઓ પાછળ કામ કરી રહેલાં બળો ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનાં પરિણામો જાણ્યા વિના આપણને અખંડ હિંદુસ્તાન અને પાકિસ્તાન વિષે સમજ પડે એમ નથી. તાવરારીનું યુદ્ધ કે પૃથ્વીરાજનું જીવન એને સ્થળકાળના પ્રવાહમાં થઈ ગયેલી એક છૂટી, એકલવાઈ ઘટના ગણીને તેનો અભ્યાસ શી રીતે થઈ શકે?

માણસનું જીવન એ સિનેમાની ફિલમમાં જોડેલા જુદા જુદા ટુકડાનું બનેલું હોય એ રીતે એના તરફ આપણે જોઈએ છીએ. માણસે શું કર્યું, શું કહ્યું કે શું લખ્યું તેની તપાસ આપણે કરીએ છીએ; પણ તેના વ્યક્તિત્વનો અભ્યાસ નથી કરતા. પણ વ્યક્તિત્વ એ તો માણસની સર્વ જીવનશક્તિઓ ને તેને પ્રેરનારી સર્વ કલ્પનાઓનો, અમુક મર્યાદિત કાલખંડમાં થયેલો, આવિર્ભાવ છે. એ શક્તિઓ ને કલ્પનાઓની જનની તેની સંસ્કૃતિ છે; અને એ સંસ્કૃતિ કાળની પ્રત્યેક પળે આગળ ને આગળ ધસતી જાય છે

તમે અને હું તે જીવનના છૂટાછવાયા ને અલ્પાવધિવાળા નાના નાના ટુકડા હોઈએ એ રીતે આપણે વિષે વિચાર કરવામાં આવે, તો એ વાસ્તવિક નથી. મારે મારો પોતાનો અભ્યાસ કરવો હોય, તો એટલું જાણવું જોઈએ કે હું વિશ્વમાં સર્વત્ર વ્યાપી રહેલી જીવનશક્તિનો, અગણિતમાંનો એક આવિર્ભાવ છું; એ આવિર્ભાવ અર્થાત પ્રગટ રૂપ ઉપર ગાંધીજીનો પ્રભાવ પડ્યો છે; બિસેંટ, તિલક અને અરવિન્દના યત્કિંચિત્ સાંનિધ્યે એના ઘડતર ઉપર કાંઈક અસર પાડી છે; વિવેકાનન્દ, દયાનન્દ સરસ્વતી ને શ્રીરામકૃષ્ણ પ્રત્યેના પૂજ્યભાવે એના ઘડતરમાં ફાળો આપ્યો છે; ગીતા અને યોગસૂત્રે એ આવિર્ભાવને ગતિશીલ થવાનું બળ આપ્યું છે; અને, એ બધા ઉપરાંત, ભારતીય સંસ્કૃતિના મારા અધ્યયને, તથા મારી માતાએ અને પુરાણીઓએ મારા અંતરમાં સીંચેલાં ઋષિમુનિઓનાં સ્મરણોએ મારા વિકાસને સદા પોષણ આપ્યું છે.

પણ દયાનન્દ અને સહજાનન્દ, જેઓ અર્વાચીન યુગની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉષા વખતે ભારતીય સંસ્કૃતિના અગ્રગણ્ય પ્રતિનિધિ હતા, તેઓ પણ શું બ્રહ્મની પેઠે સ્વયંભૂ હતા? ખસૂસ નહીં. દયાનન્દે વિરજાનન્દનું જીવનકાર્ય આગળ ચલાવ્યું, અને સ્વામીનારાયણે તેમના ગુરુ રામદાસનું. રામદાસના કાર્ય પાછળ રામાનુજની પ્રેરણા હતી; અને રામાનુજ પોતે પણ પ્રાચીન સંસ્કૃતિની પરંપરાના વારસ હતા.

એટલે ભારતીય સંસ્કૃતિ એ એક કેન્દ્રવર્તી ચેતન તત્ત્વનો પ્રવાહ છે એમ માનીને એનો વિચાર કરવો જોઈએ. એ કેન્દ્રવર્તી ચૈતન્યનો પ્રવાહ કાળના પટ પર થઈ ને વહી રહ્યો છે; વિજાતીય ને વિદેશી સંસ્કારોરૂપી જે નાની નાની નદીઓ એમાં આવીને મળે છે તેમને તે આત્મસાત્ કરતો જાય છે; કેટલીકવાર તે, ત્રિવેણી-સંગમની સરસ્વતીની પેઠે, ગુપ્ત રૂપે વહે છે; પણ તે નિત્ય નિરંતર વ્યક્તિઓ તથા સમુદાયોને પ્રેરણા આપી તેમને ગતિમાન બનાવે છે — એટલા માટે કે તેઓ, પોતપોતાના યુગના બદલાયેલા સંજોગોમાં, પોતાની આ સંસ્કૃતિને પોતાના જીવનમાં ઉતારી તેને મૂર્તિમંત અને જાગતીજ્યોત બનાવે. ભારતીય સંસ્કૃતિરૂપી આ ચૈતન્યે યુગે યુગે, સહેજે દેખાઈ આવે એવા ચિરસ્થાયી રૂપમાં, પોતાનું અંતસ્તત્ત્વ પ્રગટ કરી બતાવ્યું છે — આપણા મહાપુરુષોનાં જીવનમાં, આપણી કલા ને સાહિત્યની કૃતિઓમાં, અને અતિ મહત્ત્વના પ્રશ્નોના આપણે આણેલા ઉકેલોમાં. આ કેન્દ્રવર્તી ચૈતન્ય તે જાગતોજ્યોત ને ખરેખરી હસ્તી ધરાવતો સત્પદાર્થ છે. એને પોતાના જીવનમાં મૂર્તિમંત કરીને માણસોએ પરમ આનંદ અનુભવ્યો છે. એ ચૈતન્યે યુગે યુગે નવાં નવાં વસ્ત્રો પરિધાન કર્યાં છે. આ વસ્ત્રોના, આ જરી ગયેલાં ખોળિયાંના, જ સંશોધનમાં આપણા પુરાતત્ત્વવિદો રચ્યાપચ્યા રહે છે. પણ ભારતીય સંસ્કૃતિરૂપી પેલો આત્મા તો એવાં કૈંક ખોળિયાં જૂનાં ફેંકી દઈને નવાં નવાં ધારણ કરતો આવ્યો છે; અને તેમ કરતાં તેણે યુગે યુગે અનેક મહાપુરુષો ઉપજાવ્યા છે, અને દેશના કૈંક નવા નવા પ્રવાહો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેવડાવી ફરીફરી ધર્મનું સંસ્થાપન કર્યું છે. એટલે આ ચૈતન્યને તો નિહાળવું જોઈએ — કાળના પ્રવાહમાં ઘસડાયા વિના ટકી રહેલાં બળોમાં, સમાજની હિલચાલોમાં, ગતિપ્રેરક હેતુઓમાં, અને વિચારની ધારાઓમાં. દરેક પેઢીએ સંસ્કૃતિના આ આત્માની નવેસર શોધ કરવી જોઈએ; એટલું જ નહીં પણ તેને પોતાના જીવનમાં મૂર્તિમંત કરવો જોઈએ, અર્થાત્ પોતે જાતે ભારતીય સંસ્કૃતિની જીવન્ત પ્રતિમા બનવાનો પુરુષાર્થ ખેડવો જોઈએ.

ભારતવર્ષ કાલપ્રવાહના અનેક આઘાતો ખમવા છતાં જીવતું રહ્યું છે એમ આપણે કહીએ છીએ. હિમાલય અને મહોદધિ વચ્ચેના, આટલા લાખ ચોરસ માઈલના, પ્રદેશની ભૂસ્તરરચના હજારો વરસ પર હતી તે જ આજે પણ કાયમ છે, એવો આ કથનનો આશય નથી. એનો આશય તો એ છે કે આપણી સંસ્કૃતિનો નિયામક જે પ્રાણ અથવા આત્મા છે તે હજુ પણ નિરંતર પ્રેરણા આપ્યાં કરે છે; અને એ પ્રેરણાને વશ થઈને માણસો હજુ પણ એ સંસ્કૃતિ દ્વારા આત્મસાક્ષાત્કાર કરવાનો, ને એ સંસ્કૃતિને પોતાના જીવનમાં ઉતારી મૂર્તિમંત કરવાનો, પુરુષાર્થ કરી રહ્યા છે.

ભારતીય સંસ્કૃતિના અંતરમાં આત્મારૂપે વાસ કરનારી કેન્દ્રવર્તી કલ્પના એ છે કે માનવ–વ્યક્તિત્વનો સંપૂર્ણ યોગ — અથવા એકરાગ કે એકતાનતા — એ જ મનુષ્યનો પરમ પુરુષાર્થ છે, એ જ એના જીવનનું અન્તિમ લક્ષ્ય છે.

વિશ્વવિદ્યાલયની કેળવણી જો આ આત્માને વાસ કરવા માટે નવુંનક્કોર, છેલ્લામાં છેલ્લી ઢબનું, કલેવર આપે, તો એ કેળવણી જરૂરની છે. પણ એ કેળવણી જો આ આત્માને હણે, તો તે મોતની જાળ છે. કેમકે જો એ અંતર્યામી આત્માનો પ્રદીપ હોલાયો, તો ભારતીય સંસ્કૃતિ, ને તેની જ સાથે આ રાષ્ટ્ર પણ, હોલાઈ ગયાં સમજવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

ઘડતરમાં વાણીનું સ્થાન

નિસર્ગની શક્તિઓ શોધી કાઢવી ને તેનો વિવિધ પ્રકારે ઉપયોગ કરવો, એ હિંદમાં અપાતી અર્વાચીન કેળવણીનું મુખ્ય ધ્યેય છે. તેથી તેણે વાણીની — અર્થાત્ લેખન તેમજ ભાષણની — શક્તિને ગૌણ મહત્ત્વની માની છે.

યુરોપમાં એક કાળે વાક્‌પાટવ એ કેળવણીના સર્વ અભ્યાસ-ક્રમોમાં સૌથી વિશેષ મહત્ત્વનો વિષય ગણાતો. હિંદમાં વિદ્યાર્થીનો વાગ્વૈભવ ખીલે એને માટે ઘણી મહેનત લેવાતી, ને તેને માટે ચોકસ નિયમો ઘડાયેલા હતા. પહેલા વિશ્વયુદ્ધની પૂર્વે આપણાં વિશ્વવિદ્યાલયો પણ કેળવણીના આ અંગ પર ભાર આપતાં. પણ ગયાં વીસ વરસમાં આ પદ્ધતિ ઊંચે મુકાતી ગઈ છે. સંસ્કૃત ભાષાનો તેમજ સાહિત્યને લગતા વિષયોનો અભ્યાસ બિનજરૂરી ને જરીપુરાણો ગણાવા લાગ્યો છે. ભાષણ કે લેખન દ્વારા વાણીનો ઉપયોગ કરતાં શીખવું, ને તેનો મહાવરો પાડવો, એને હવે ઘણે ભાગે સમયનો દુર્વ્યય ગણવામાં આવે છે.

સર્જનાત્મક કેળવણી વાક્‌પાટવના વિકાસને ઘડતરની ક્રિયામાં સૌથી અગત્યની વસ્તુ ગણે છે. જે વિદ્યાર્થી સર્જનાત્મક આત્મ-શિલ્પની કલા હસ્તગત કરવા માગતો હોય તેણે બે વસ્તુ તો કર્યે જ છૂટકો :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલું, બુદ્ધિ અને નીતિના ક્ષેત્ર પર જેમનો પ્રભાવ પડ્યો હોય એવા સાહિત્યસ્વામીઓની ઉત્તમોત્તમ કૃતિઓ ઘોળીને પી જવાય એટલે અંશે તેના પર પ્રભુત્વ મેળવવું; અને

બીજું, આ સાહિત્યસ્વામીઓની પ્રક્રિયાઓનું અનુકરણ કરવાના વ્યવસ્થિત પ્રયાસ કરવા; અને એ રીતે પોતાનાં લાગણીઓ, વિચારો ને આદર્શો વાણી દ્વારા પ્રગટ કરવાનો મહાવરો પાડવો.

વિદ્યાર્થી જ્યારે કોઈ ગ્રન્થનું વસ્તુ, એ પ્રકારના સાહિત્યનો ઇતિહાસ, લેખકનું ચરિત્ર, અથવા ગ્રન્થમાં નિરૂપેલા વિષય જોડે સંબંધ ધરાવતી હકીકતો, એનો અભ્યાસ કરે છે ત્યારે તેના ચિત્તમાં માત્ર ગ્રાહકવૃત્તિ જ હોય છે. ઘડતરની ક્રિયાઓ હજુ શરૂ થઈ હોતી નથી. પણ વિદ્યાર્થી સરસતાપૂર્ણ કોઈ અમર ગ્રન્થનો ઊંડો અભ્યાસ કરે છે; તેનું પૃથક્કરણ કરે છે, તેનું રટણ કરે છે, ને તેમાં તન્મય થઈ જાય છે, ત્યારે એ ગ્રન્થરત્ન તેની નીતિ–ભાવના અને બુદ્ધિમાં વણાઈ જાય છે; અને વિદ્યાર્થી માત્ર ગ્રહણ કરવાની નિષ્ક્રિય સ્થિતિમાં રહેતો નથી. વળી તેને જ્યારે એ ગ્રન્થ વિષે કંઈક લખવાનું કહેવામાં આવે છે ત્યારે તેના અંતરમાં નવ–સર્જનની ક્રિયા ચાલવા માંડે છે. તેથી તે પોતાની પાસે વાણીના ઉપયોગની જે કંઈ કલા હોય તેને નિમન્ત્રે છે. તેના સ્મૃતિભંડારમાં જે જુદાં જુદાં તત્ત્વો ભરેલાં હોય તેને તે પોતાની કલ્પનામાં થઈને પસાર કરે છે, અને સચોટ અસર ઉપજાવવા માટે તેનો ઇષુ-ધારાના પેઠે જ ઉપયોગ કરે છે. પોતાનાં વિચારો, લાગણીઓ ને કલ્પનાચિત્રો પોતાના શબ્દો દ્વારા પ્રગટ કરવામાં તે પોતાના પ્રિય સાહિત્યકારની મનોવૃત્તિ ને શૈલીનું પ્રતિબિંબ પાડવા મથે છે. આમ કરવામાં તે જે તીવ્ર ને એકાગ્ર ક્રિયામાંથી પસાર થાય છે તેને લીધે તેનાં મન, કલ્પના ને રસવૃત્તિનું ઘડતર થવા પામે છે.

કોઈ પુસ્તકમાં આપેલી વસ્તુ પર કેવળ પ્રભુત્વ મેળવવું, અને એનો ઊંડો અભ્યાસ કરવો, એ બે વસ્તુઓ જુદી છે. ઊંડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસનું સારતત્ત્વ આ છે: તેની રચનાનું પૃથક્કરણ; તેના સુંદર ભાગોનું રટણ ને તેનો મુખપાઠ; તેના ગુણોની ચર્ચા; વર્ગમાં તેને લગતા પ્રશ્નોના લેખી તથા મૌખિક ઉત્તર; અને પુસ્તક તથા તેના વિષય પર સ્વતંત્ર નિબંધલેખન. પૃથક્કરણથી ગ્રન્થનાં શબ્દો તથા વાક્યોની રચનાનું સૂક્ષ્મ જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેના મનગમતા ફકરાનું રટણ કરવાથી વિદ્યાર્થીની અભિરુચિ ઘડાય છે; શૈલીને લગતા શિષ્ટમાન્ય નિયમો અનુસાર ગ્રન્થના જુદા જુદા ભાગોનું વિવેચન કરવાથી સ્પષ્ટતા, ચોકસાઇ, ને વ્યવસ્થિત નિરૂપણની ટેવો પડે છે. અમુક સુંદર ભાગોનું અનુકરણ કરીને લખવાનો મહાવરો પાડવાથી કલ્પના ને તર્ક બંનેની શક્તિ કેળવાય છે; અને સમજાવટ તથા વાણીની છટાથી બીજાઓનાં મન પર પ્રભુત્વ મેળવવાની ચાવી હાથ લાગે છે.

આ વિષયમાં નવા વિદ્યાર્થીને જે સૌથી મોટી મુશ્કેલી નડે છે તે એ કે ઘણીવાર છેક શરૂઆતમાં વ્યાકરણના વ્યવસ્થિત અભ્યાસ ઉપર ઘણો ભાર મૂકવામાં આવે છે. દાખલા તરીકે, ડૉ. ભાંડારકરની સંસ્કૃત માર્ગોપદેશિકાના બે ભાગે, પહેલાં વ્યાકરણના નિયમો શીખવવાનો આગ્રહ રાખીને, આપણાં વિશ્વવિદ્યાલયોમાં સંસ્કૃત ભાષાને અકારી ને અળખામણી બનાવી મૂકી. વિદ્યાર્થીને ભાષા આવડયા પહેલાં એને વ્યાકરણના નિયમો ગોખવાનું કહેવામાં આવે છે; પણ એ અવસ્થાએ તે નથી સમજતો એ નિયમનો અર્થ, કે નથી સમજતો એનો પ્રયોગ શી રીતે કરવો તે એટલે, પહેલાં ભાષાનો કંઈક પરિચય થવા દઈ ને પછી વ્યાકરણનો અભ્યાસ શરૂ કરાવવો જોઈએ.

સાહિત્યના ગ્રન્થો શીખવવાની એક બીજી રીત છે, તે આ અભ્યાસની ઘડતર-શક્તિને હરી લે છે. એ રીત છે પુસ્તકમાં મૂળ પાઠની જોડે જ તેનું ભાષાન્તર કે શબ્દાન્તર આપવાની. ઘણા શિક્ષકોએ નઠારાં ભાષાન્તરો, ને એથીયે વધારે રેઢિયાળ શબ્દાન્તરો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળી ચોપડીઓ બહાર પાડીને ઓછી મહેનતે ઝાઝી કમાણી કરી છે. આ રીતને અમેરિકન કૉલેજોની તળપદી બોલીમાં કહે છે 'ટટ્ટુ પૂરાં પાડવાં'. શિક્ષક વિદ્યાર્થીને આવાં 'ટટ્ટુ' બેસવા આપી એટલેથી પોતાનું કામ પતી ગયું માને છે ને રાજી થાય છે. વિદ્યાર્થી પણ એટલો જ રાજી થાય છે, કેમકે તેને પગપાળા ચાલવાનું રહેતું નથી. એનું પરિણામ સ્વાભાવિક રીતે એ જ આવે છે કે બાપડા છોકરામાં નથી આવતી ચાલવાની શક્તિ, કે નથી આવતી લલિત ગતિએ ચાલવાની કલા.

કોઈ પણ સાહિત્યકૃતિની ઘડતર ઉપર ખરેખરી અસર પડે એવી રીતે એનો અભ્યાસ કરવા માટે મલ્લિનાથની પદ્ધતિ સર્વશ્રેષ્ઠ છે. મલ્લિનાથ, સંસ્કૃત મહાકાવ્યો પરની એમની ટીકામાં, પહેલાં એક શ્લોક લે છે; તેનો સંક્ષેપમાં સાર આપે છે; થોડાક શબ્દોમાં અગાઉના શ્લોક જોડેનો તેનો સંબંધ સમજાવે છે. પછી એક એક લીટી લે છે. શબ્દોના પર્યાય આપે છે; વ્યાકરણની રચના સમજાવે છે; પૌરાણિક કથા વગેરેના નિર્દેશ હોય તેનું, તથા નામો અને અલંકારોનુ, વિવરણ આપે છે; એ શ્લોકને મળતાં અવતરણો ઇતર ગ્રન્થોમાંથી ટાંકે છે; ખાસ ખૂબીઓ બતાવે છે; અને છેવટે ફરી પાછો આખા શ્લોકનો સાર આપે છે.

જેસ્યુઇટોને કેળવણીકારો તરીકે દુનિયાભરનો અનુભવ છે; તેને આધારે તેઓ પણ, કૉલેજોનાં તેમનાં વ્યાખ્યાનોમાં, ઓછેવત્તે અંશે આને મળતી પદ્ધતિનો જ આશ્રય લે છે.

૧. તેઓ એક ફકરો લઈ પહેલાં તેનો સાર આપે છે, અને અગાઉના ફકરા જોડેનો તેનો સંબંધ સમજાવે છે.

૨. શબ્દોના પર્યાય, વ્યાકરણ, અન્વય વગેરે સમજાવે છે; અને મુશ્કેલીઓના ઉકેલ બતાવે છે.

૩. વાક્યવિન્યાસ અને શૈલી વિષે વિવેચન કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. પૌરાણિક પ્રસંગો, નામો વગેરેની ટૂંકી સમજૂતી આપે છે.

૫. અમુક અમુક ભાગોનું કે આખા ફકરાનું ભાષાન્તર કે શબ્દાન્તર આપે છે.

૬. અલંકાર તથા શૈલીના ગુણ સમજાવે છે; અને એ જ ફકરાને પોતાની કલામય ભાષામાં મૂકી બતાવવાનો પ્રયાસ કરે છે.

૭. છેવટે, અભ્યાસ કરવાના ફકરાને આધારે વિદ્યાર્થી એમાંની વસ્તુ પોતાની ભાષામાં સરસ રીતે મૂકી બતાવે તે માટે તેની પાસે ફરજિયાત નિબન્ધ લખાવાય છે.

બેશક આ પદ્ધતિએ ભણાવવા માટે શિક્ષકને તૈયારી પાછળ વધારે મહેનત કરવી પડશે — આજનો શિક્ષક જેટલી મહેનત કરવા તૈયાર છે તેના કરતાં વધારે તો ખરી જ.

શિક્ષક જો ફરિયાદ કરવા ધારે તો કરી શકે એમ છે કે આજના વખતમાં અભ્યાસક્રમો એટલા લાંબાપહોળા હોય છે કે આ પદ્ધતિએ તે ભણાવી શકાય નહીં; ભણવા માટે ઠરાવેલા જાતજાતના વિષયો ઘણો વખત રોકી લે છે; અને તેથી આ જાતના ઊંડા અભ્યાસ માટે પૂરતો સમય જ રહેતો નથી. છતાં જે સત્ય છે તે તો સમજાવું જ જોઈએ. પાઠ્ય પુસ્તકોનો ઊંડો અભ્યાસ ન થાય, ને એ અભ્યાસ દ્વારા વાણીનું પ્રભુત્વ પ્રાપ્ત ન થાય, તો વિદ્યાર્થી-ની શક્તિઓનો વિકાસ પૂરેપૂરો સધાવા પામે નહીં. ઉપર જણાવેલી પદ્ધતિએ ભણાવવાનું શિક્ષક થોડેઘણે અંશે પણ ન કરે, તો વિદ્યાર્થીએ જાતે એ ઢબે અભ્યાસ કરવો જોઈએ.

સંસ્કૃત સાહિત્યના શિષ્ટ ગ્રન્થો વિષે જે વાત મેં ઉપર કહી તે સ્વભાષાના શિષ્ટ ગ્રન્થો વિષે તો એથીયે અધિક અંશે સાચી છે. જન્મભાષા અથવા માતૃભાષા આપણા જીવનનું એક અવિભાજ્ય અંગ છે. તેથી, જે સાહિત્યસ્વામીઓએ આપણી માતૃભાષાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌન્દર્ય ને સચોટતા અર્પ્યાં હોય તેમની કૃતિઓના અભ્યાસ દ્વારા સ્વભાષામાં લખવા બોલવાની શક્તિ મેળવવી એ કેળવણીમાં એક મહત્ત્વનું પગથિયું છે. સુશિક્ષિત માણસ તે ગણાય જે સ્વભાષા શુદ્ધ ને સચોટ રીતે બોલી ને લખી શકે. હિંદના વિદ્યાર્થીઓની સ્થિતિ કફોડી થઈ પડી છે, કેમકે તેમને એક સૈકા સુધી આ પાયાની કેળવણીથી વંચિત રાખવામાં આવ્યા છે.

સાહિત્યના અભ્યાસનું વિદ્યાર્થીના ઘડતરની દૃષ્ટિએ જે મહત્ત્વ છે તે અર્વાચીન કેળવણી સમજી નથી, એ તેની મોટી ભૂલ છે. સર્જનાત્મક કેળવણીએ એ અભ્યાસની તેને યોગ્ય સ્થાને પુનઃસ્થાપના કરવી ઘટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

સ્વાધ્યાયની સર્જનશક્તિ

ભાષા એ આત્માને પોતાના અંતર્ગત વિચારો, ભાવનાઓ ને સંકલ્પો પ્રગટ કરવાનું સબળ ને સચોટ સાધન છે. તેનો જ્યારે યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે ત્યારે આત્માને સુસજ્જ ને સાવધ રહેવું પડે છે. આપણે જ્યારે શુદ્ધ, સચોટ કે કલામય ભાષા વાપરીએ છીએ ત્યારે આત્માને કડક નિયમનની તાવણીમાંથી પસાર થવું પડે છે.

કોઈ સાહિત્યસ્વામીના ગ્રન્થોનો ઊંડો અભ્યાસ કરવામાં આવે, ત્યારે એનાથી સર્વ શક્તિઓ કેળવાય છે. એ ક્રિયા દરમ્યાન આપણે, આત્મશિલ્પ વડે, આપણા જીવનમાંથી એક સુન્દર પ્રતિમા નિર્માણ કરીએ છીએ. મોહક બાળપણનો ચિતાર ભાગવતના કરતાં અધિક સુન્દર રીતે ક્યાંયે આપેલો નથી; સબળ ને સુંદર યૌવન, ગાઢ ને સાચી મૈત્રી, સુભગ ને શાશ્વત દાંપત્યપ્રેમ, એનો ચિતાર રામાયણ જેવો ક્યાંય નથી; સુકોમળ ને શુદ્ધ પ્રણયનો ચિતાર શાકુન્તલ જેવો ક્યાંય નથી. જે વાચક એમાંના સરસ શ્લોકોનો અભ્યાસ કરશે, તેનો મુખપાઠ કરશે, અને ઘણીવાર તેનું રટણ કરશે, તે અધિક ગુણવાન, સબળ અને ચારિત્રશીલ બનશે. આ સાહિત્યસ્વામીઓ, તેમનાં આ ગ્રન્થરત્નો રચતી વખતે, જે ક્રિયામાંથી પસાર થયેલા તે આખી ક્રિયામાંથી આ અભ્યાસી, એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘટે એવા અલ્પ પ્રમાણમાં, પસાર થશે. તે શીખશે કવિતા વ્યાસ ને વાલ્મીકિ પાસેથી; નાટક કાલિદાસ ને શેક્સપિયર પાસેથી; વાક્-પાટવ ડેમોસ્થિનિસ ને સિસેરો પાસેથી. સાથેસાથે તેનું જીવન આ સાહિત્યકારોની સીધી અસર તળે ઘડાયાં કરશે.

વળી, વિદ્યાર્થી સાહિત્યસ્વામીઓની અમર કલાકૃતિઓમાંથી સારા સારા ભાગો પસંદ કરી તેનો મુખપાઠ કરવાની ટેવ પાડે, અને એમ કરીને શક્તિ ને સરસતા પ્રાપ્ત કરે, એ વસ્તુ કેળવણીની દૃષ્ટિએ ઘણી મહત્ત્વની છે, એમ પણ સર્જનાત્મક કેળવણી માને છે. સ્વાધ્યાયના અસર નાના તેમજ મોટા માણસના ઘડતર પર ઘણી થાય છે. સ્વાધ્યાયમાં આટલી વસ્તુઓનો સમાવેશ થાય છે:

પહેલી : સ્વાધ્યાય માટે કોઈ એક — ગમે તે — પુસ્તકની પસંદગી.

બીજી : જીવનભર પ્રતિદિન એ પુસ્તકના અમુક ભાગનો પાઠ.

અર્વાચીન સરમુખત્યારો પોતાના વિચારોનો પ્રચાર કરનારા એકાદ ગ્રન્થનો સ્વાધ્યાય બળજબરીથી કરાવે છે. હિટલરે જર્મન પ્રજાને માટે પોતાના ગ્રન્થ 'માયેં કાંફ' (મારી લડત)નો સ્વાધ્યાય ફરજિયાત બનાવ્યો હતો; તેણે જર્મન પ્રજાના આત્માનો ઘાત કર્યો. કમ્યુનિસ્ટ પ્રચારમાં તેમના પક્ષના સિદ્ધાંતોની પ્રશ્નોત્તરીનો સ્વાધ્યાય ફરજિયાત છે. એવા સ્વાધ્યાયથી ગુલામો ને પક્ષના અંધ અનુયાયીઓ નાપજે. એનાથી કંઈ આત્મસિદ્ધિ પ્રાપ્ત થાય નહીં.

સ્વાધ્યાય માટે પસંદ કરેલું પુસ્તક જો શુષ્ક, નીરસ ને પ્રેરણા-રહિત હશે, તો વિદ્યાર્થી તેને કોરે ફેંકી દેશે. કોઈ માણસ ડિટેક્ટિવની નવલકથા સ્વાધ્યાય માટે લેશે, તોયે તે બીજીવાર એ ચોપડી નહીં વાંચે. જે કૃતિમાં સરસતા ને પ્રેરણા ભરેલી હોય તે જ વાંચતાં દરેક વખતે નવો અર્થ ને નવું બળ મળે. સ્વાધ્યાય માટે ઉચિત તે જ ગ્રન્થ ગણાય જે મનુષ્યની સદાચાર અને સરસતાની, મૌલિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવનાને સ્પર્શે ને સંતોષે; અને જેમાં ચિરસ્થાયી આદર્શો ને ભાવનાઓનું જ નિરૂપણ હોય.

આ સ્વાધ્યાય અથવા નિત્યપાઠ ધીમે સ્વરે કરવામાં આવે ત્યારે જ તેનો જીવનના ઘડતર ઉપર પ્રભાવ પડે. રોજેરોજ એ ગ્રન્થનો પાઠ કરતાં કરતાં તેનાં શબ્દો, રૂઢિપ્રયોગો, શબ્દચિત્રો ને જીવનદૃષ્ટિ વાચકની રગેરગમાં વણાઈ જાય છે. તેમાં ભરેલાં ઉચ્ચ આકાંક્ષા ને ઉદ્દેશ વાચકના મનનો કબજો લે છે; અને શક્તિ તથા સરસતાનાં ચઢાણો પર ઉત્તરોત્તર ઊંચે ને ઊંચે જવા તેને હડસેલે છે. એ સ્વાધ્યાયના પ્રભાવ વડે મળેલી કેળવણી વિશ્વવિદ્યાલયની પદવીથી પૂરી નહીં થાય, પણ વિદ્યાર્થીને જીવનનો સર્જનશીલ કલાકાર બનાવશે.

અર્વાચીન કેળવણીને આ પદ્ધતિ વિષે કશી ખબર નથી. પુસ્તક વાંચવું એ એક વસ્તુ; તેનો અભ્યાસ કરવો એ બીજી વસ્તુ; જીવનના ઘડતર ઉપર અસર પાડે એવો ઊંડો તેનો અભ્યાસ કરવો એ વળી ત્રીજી જ વસ્તુ. પણ એ પુસ્તકનો નિત્યપાઠ અથવા સ્વાધ્યાય કરવો એનો અર્થ તો એ છે કે આત્મશિલ્પની ક્રિયાને અતિશય તીવ્ર બનાવવી. સ્વાધ્યાય કે નિત્યપાઠ એ કેળવણીનું સારતત્ત્વ છે; ગીતા તેને તપનો એક પ્રકાર માને છે; યોગસૂત્ર તેને આત્મવિકાસને સારુ આવશ્યક ગણે છે; અને આ બે ગ્રન્થો કરતાં ચડે એવા શિક્ષણશાસ્ત્રના ગ્રન્થ બીજા કોઈ નથી.

જગતભરમાં માણસો ગીતા, રામાયણ, ભાગવત, ધમ્મપદ, બાઈબલ, કુરાન અથવા ગાથાઓના સ્વાધ્યાય દ્વારા જ આત્મસિદ્ધિ ને મહત્તા સુધી ચડવા પામ્યા છે એ આપણે જાણીએ છીએ.

ગ્લેડસ્ટન એની જિંદગીના મોટા ભાગમાં પ્રતિદિન 'ઇલિયડ' વાંચતો, તેનો અભ્યાસ કરતો, ને તેનો અંગ્રેજી તરજુમો કરતો. પ્લુટાર્કનાં લખેલાં 'ચરિત્રો' એ નેપોલિયનનો નિત્યનો આહાર હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારો સ્વાધ્યાય તો માત્ર ગીતા પૂરતો જ પરિમિત છે, છતાં હું તમને મારો પોતાનો અનુભવ જણાવું.

'જે પુસ્તકો પ્રગટ થાય છે તેમાંનાં થોડાંક જ શિષ્ટ સાહિત્યમાં સ્થાન પામે છે. શિષ્ટ સાહિત્યમાં ભાગ્યે જ છઆઠ પુસ્તકો એવાં હશે જે ધર્મગ્રન્થોમાં ગણાતાં હોય. આવા પ્રેરણાસાહિત્યમાં ભગવદ્ગીતાનું — દેવ અને મનુષ્ય વચ્ચે થયેલા આ અપ્રતિમ સંવાદનું — સ્થાન પ્રથમ છે. એડ્વિન આર્નલ્ડ એને "દૈવી ગીત"નું નામ આપે છે. હમ્બોલ્ટે એને "જગતની કોઈ પણ જાણીતી ભાષામાં રચાયેલું એકમાત્ર સુન્દરતમ આધ્યાત્મિક ગાન" કહ્યું છે. આ વિશિષ્ટતાના અનેક કારણો છે.

'આ ગીતા રચી છે વ્યાસ દ્વૈપાયને — મહાભારતના કર્તા, કવિઓના પણ કવિ, પ્રથમ અને અગ્રગણ્ય એવા માનવજાતિના પયગમ્બરે.

'આ પ્રેરણાગાને છેલ્લી વીસ સદીઓમાં અણગણ માણસોને દૈવી શક્તિ આપી છે: શંકરાચાર્ય અને રામાનુજાચાર્ય જેવા પ્રાચીનોને; વિવેકાનંદ, લોકમાન્ય તિલક અને ગાંધીજી જેવા અર્વાચીનોને.

'એ ગાને ભાગવત અને તુલસીદાસના રામચરિતમાનસ જેવા અમર ગ્રન્થો — જેણે હિંદી સંસ્કારના સનાતન મન્દિરને ઘડ્યું અને ઉજાળ્યું — તેને પ્રેરણા આપી છે. વળી એનું સર્વગ્રાહિત્વ મનુષ્યકર્તવ્યના દરેક સ્વરૂપને, માનવવિકાસની દરેક ભૂમિકાને અપનાવી લે છે.

'છતાં, અર્વાચીન કેળવાયેલા માણસનું માનસ બાયલું છે. એના ગર્ભમાં એવો ભાન રહ્યો છે કે એ જો ગીતા પર બહુ અવલંબે તો એ માણસ વહેમીલો, નિર્બળ અને પુરાણો લેખાઈ જશે.

'આપણા હૃદયમાં આ બીક ખરેખરી છે; પણ જો હિંદે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતને વશ કરવા વિજયપ્રયાણ કરવું હોય તો આ બીક કાઢી નાંખ્યા વિના છૂટકો નથી.

'સેન્ટ પોલે રોમનોને પત્ર લખ્યો હતો તેમાં જણાવ્યું હતું કે "હું ખ્રિસ્તના પ્રેરણાસંદેશથી શરમાતો નથી." તો ભગવાન વ્યાસે માનવજાતિને જે પ્રેરણાસંદેશ શીખવ્યો તેનાથી આપણે શા માટે શરમાવું જોઈએ? પોતાની વિદ્વત્તાથી, કલાશક્તિથી કે પોતાના પ્રભાવપ્રાદુર્ભાવથી, ભલે પછી તે યત્કિંચિત્ હોય તોપણ, કોઈ માણસ શરમાતો નથી. તો પછી ખરા પ્રભાવનું જે મૂળ છે—જે શક્તિ હું નિર્બળ હોઉં ત્યારે મને સશક્ત કરે છે, નિઃસત્ત્વ થાઉં ત્યારે પ્રેરણા દે છે, શક્તિશીલ હોઉં ત્યારે સમૃદ્ધ કરે છે—તેનાથી હું શા માટે શરમાઉં?

'જ્યારે પ્રેરણાના બધા માર્ગો બંધ થઈ જાય છે ત્યારે ગીતાના શબ્દમાં ભગવાન કહે છે:

'क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥[1]

'આ શબ્દો સાંભળતાં ભય ભાગી જાય છે, આપણે ફરી "આત્મવાન" થઈએ છીએ, અને આપણે દરેક પ્રેરાઈને અર્જુનની જેમ ઉચ્ચારવા તત્પર બનીએ છીએ:

'स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव ।[2]

---

૧. પામ મા વ્યંઢળભાવ, તને તે ઘટતો નથી;
હૈયાની દીનતા તુચ્છ છાંડી ઊઠ, પરન્તપ!
અ. ૨; શ્લો. ૩.

૨. ઊભો છું વામી સંદેહો, વેણ પાળીશ આપનું.
અ. ૧૮; શ્લો. ૭૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સંયોગો જેમ વધારે ભયંકર બને છે તેમ તેમ ગીતા વધારે શક્તિ પ્રેરે છે, એ સશક્તોનો અનુભવ છે. તો આપણને, નિર્બળને, એ કેમ નહિ પ્રેરે ?

'ગીતા જે શક્તિ આપે છે તે ઉપરચોટિયા નથી. એ શક્તિ તો વ્યક્તિત્વના ખરા પ્રભાવમાં પ્રાદુર્ભાવ પામે છે. સંસારમુગ્ધોના પ્રભાવ જેવી બહારની ચમકમાં એ હોતી નથી. એ શક્તિ એવી છે કે એની પ્રેરણા ઝીલતા દરેક મનુષ્યને પોતે હોય તેનાથી વધારે આત્મવાન બનાવે છે. એના વડે નિર્બળ બળ પામે છે, ઉપરછલ્લા ગંભીર બને છે, પ્રવચનપટુ મૌન સેવતા થાય છે, અભિમાની નમ્ર બને છે, વ્યર્થ ફાંફાં મારનારા સચોટ બને છે. જેને ગીતામાં શ્રદ્ધા છે તેને ઈશ્વરની શક્તિનો સંસ્પર્શ થાય છે:

'तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व
जित्वा शत्रून् भुंक्ष्व राज्यं समृद्धम् ॥[3]

'અને આ વચન સફળ કરવાની શક્તિ આવે છે. એ શક્તિથી પર એવી શક્તિ મનુષ્ય નથી માગી શકતો ને નથી મેળવી શકતો.

'ગીતા જે શક્તિ આપે છે એ માત્ર વ્યક્તિઓને જ પ્રાપ્ય છે એવું નથી. સમૂહોને અને રાષ્ટ્રોને પણ તે મળે છે, જો તેઓ એનો સંદેશ અમલમાં મૂકી શકે તો.'[4]

સ્વાધ્યાયને માટે નાનકડી ગીતા કરતાં અધિક ઉદાત્ત એવો ગ્રન્થ કોઈ નથી. એના કેટલાક મૂળ શ્લોકો કે એના સમશ્લોકી અનુવાદનું દરરોજ સવારે, બપોરે ને રાતે ફુરસદ મળે ત્યારે રટણ

---

૩. તો ઊઠ તું, મેળવ કીર્તિ, પાર્થ !
જીતી રિપુ ભોગવ રાજ્યરિદ્ધિ. અ. ૧૧; શ્લો. ૩૩.

૪. મુનશી: અખંડ હિંદુસ્તાન, પૃ. ૩૩૮–૩૪૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાથી એ પ્રેરણાદાયી શબ્દોરૂપી નાનકડાં રત્નો તમારા અંતરમાં ઓતપ્રોત થઈ જાય છે. એનાથી તમારી લેખન અને ભાષણની આવડત વધે છે. એનાથી તમારી અંતરની શક્તિઓ વિકાસ પામે છે. એ શબ્દો તમારો જીવનપંથ ઉજાળે છે. તમારા મનમાં ઊઠતી પ્રત્યેક વૃત્તિને તે ઘડે છે, અંકુશમાં રાખે છે, તેનું નવસર્જન કરે છે. એની પ્રેરણા વડે આખું જીવન અજ્ઞાતપણે પ્રતિમાની પેઠે ઘડાઈને તેમાંથી અધિક સુસંવાદી, અધિક સચોટ, ને અધિક સુન્દર વસ્તુ નિર્માણ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

શિક્ષક : સંસ્કૃતિનો સંદેશવાહક

અર્વાચીન શિક્ષકોમાં વિદ્યાર્થીની ફિકર ન કરવા તરફ ઝોક વધતો જાય છે. તેઓ નોંધો તૈયાર કરે છે; ભાષણો આપે છે; ઘેર જાય છે; ને પગાર લે છે. વિદ્યાર્થી એક અનિવાર્ય ઉપાધિ છે, ને એના વિના પોતાની આજીવિકા ચાલી શકે એમ નથી, એમ માનવા ઉપરાંત શિક્ષકોને મન વિદ્યાર્થીની હસ્તી જગતમાં જાણે છે જ નહીં.

તે જ પ્રમાણે આજના વિદ્યાર્થીને પણ કહેવાનું મન થાય છે : ' હું નવા જમાનાનો માણસ. મારે શિક્ષક પ્રત્યે આદર રાખવાની શી જરૂર ? મારે સેવાની વાત જોડે કશો સંબન્ધ નથી. હું વર્ગોમાં હાજરી આપું છું, કેમકે વિશ્વવિદ્યાલયે અમુક દિવસની હાજરી ફરજિયાત બનાવી છે. મને તો માત્ર પરીક્ષા પાસ કરવામાં જ રસ છે. એ તો હું ગમે તે માણસની મદદ લઈને પાસ કરી શકું. એ ઉપરાંત બીજા કશાની મારે શી ગરજ છે ? '

સર્જનાત્મક કેળવણી શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે સાવ જુદા જ પ્રકારનો સંબન્ધ માગે છે. શિક્ષક તે વ્યાખ્યાતા નથી, તે મુકાદમ નથી, તેમ ભણાવનાર પણ નથી. તે તો સંસ્કૃતિનો પ્રચારક કે સંદેશવાહક છે; અને એ સંદેશવાહક તરીકેનું એનું કર્તવ્ય એ છે કે પોતાના વિદ્યાર્થીને પ્રેરણા આપીને તેની પાસે ઊંચી કોટિનો બૌદ્ધિક, નૈતિક અને સાંસ્કારિક પ્રયાસ કરાવવો. તેણે વિદ્યાર્થીને તેની પોતાની સંસિદ્ધિના માર્ગ પર ચડાવી એ યાત્રા દરમ્યાન તેનો ઉત્સાહ ટકાવી રાખવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા વિદેશી રાજ્યકર્તાઓએ જે શિક્ષણપદ્ધતિ આપણે માથે પરાણે ઠોકી બેસાડી તેણે આપણા શિક્ષકો તથા વિદ્યાર્થીઓના મનમાંથી આ વૃત્તિ ભૂંસી નાખી. શિક્ષક અંગ્રેજોનો હાથો બન્યો. તેનું મુખ્ય કામ એવી શિક્ષણસંસ્થાઓ ચલાવવાનું થઈ પડ્યું કે જે મેકોલેની ધારણાને સફળ કરે. મેકોલેની ધારણા એ હતી કે હિંદીઓને કેળવીને કહ્યાગરી રૈયત, કામગરા કારકુન, કે વેઠિયા પંતુજી બનાવી દેવા. એ યોજનામાં શિક્ષકે અમુક અંશે ભાડૂતી ભણાવનાર અને અમુક અંશે પરગજુ પોલીસ બનવું, એવી અપેક્ષા તેની પાસેથી રખાયેલી હતી.

હિંદે જો જીવતા રહેવું હોય, તો આ શિક્ષણપદ્ધતિ રદ કર્યે જ છૂટકો છે. સર્જનાત્મક કેળવણીની જે પ્રક્રિયા પ્રાચીન ભારતને સુપરિચિત હતી તેના પર આપણે પાછા જવું જોઈએ. આપણી શિક્ષણપદ્ધતિમાં ગુરુ પ્રત્યે તેના વિદ્યાર્થીઓને અવિચળ નિષ્ઠા હતી — કેવળ તેના જ્ઞાનને લીધે જ નહીં; પણ શ્રદ્ધાપૂર્ણ આજ્ઞાપાલન, પ્રેરણાદાયક પ્રશંસાભાવ, અને પૂજ્યભાવપૂર્ણ અનુકરણના જે ગુણો સમાજની સરસ પ્રણાલિકાને પ્રતાપે વિદ્યાર્થીમાં ઊતરતા તેમાં રહેલી પવિત્ર ભાવનાને લીધે. જો જિજ્ઞાસુ શિક્ષક આવા ગુરુનું દૃષ્ટાંત પોતાની નજર આગળ રાખવા માગતો હોય તેને હું દ્રોણાચાર્યનું નામ આપું. તેઓ સાચા ગુરુના સનાતન આદર્શરૂપ છે. અર્વાચીન ભારત એ પ્રાચીન પ્રણાલિકાને જેવી ને તેવી તો ફરી ન ઊભી કરી શકે; પણ ગુરુશિષ્યના સંબન્ધની જે ભાવના સર્વ મહાન શિક્ષણપદ્ધતિઓના પાયામાં રહેલી છે તેને તો ફરી જાગૃત કરી જ શકે એમ છે.

શિક્ષકને માટે ગુરુભાવ કેળવવાનું પહેલું પગથિયું એ છે કે તેણે વિદ્યાર્થીના વિકાસમાં જાતે રસ લેતા થવું. અત્યારના મોટા વર્ગો ને ભરચક અભ્યાસક્રમના દિવસોમાં દરેક વિદ્યાર્થીના વિકાસમાં જાતે રસ લેવાનો વખત શિક્ષકને મળવો મુશ્કેલ છે. પણ કેળવણીમાં જો સર્જકવૃત્તિ દાખલ કરવી હોય, તો આ કામ શિક્ષકે કરવું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ — ભલે બધા નહીં, તો ભાવનાશાળી ને હોશિયાર વિદ્યાર્થીઓ પરત્વે તો ખરું જ.

એક શિક્ષણસંસ્થાના આચાર્ય પોતાના પ્રત્યેક વિદ્યાર્થીદીઠ એક પત્તું રાખતા, ને તેમાં એની વ્યક્તિગત વિશેષતાઓ નોંધી રાખતા. કોઈ વિદ્યાર્થી એમની પાસે જાય ત્યારે તેઓ, પેલા પત્તાની મદદથી તૈયાર થઈ ને, એ વિદ્યાર્થી જોડે એવી રીતે વાત કરતા જાણે જિંદગીભર એ વિદ્યાર્થીનો વિચાર કરવા સિવાય કશું કામ જ એમણે ન કર્યું હોય. વડોદરા કૉલેજમાં ગણિતના અમારા વયોવૃદ્ધ પ્રોફેસર — તાપીદાસકાકા — ઘણાખરા વિદ્યાર્થીઓને સારી રીતે ઓળખતા, તેમને પોતાના દીકરા જેવા ગણતા, ને સહુને મુશ્કેલીમાં મદદ કરતા. મેં એક એવા જેસ્યુઈટ ફાધર પ્રોફેસર જોયા છે જે પોતાના ઘણાખરા વિદ્યાર્થીઓ જોડે મિત્રાચારીનો સંબન્ધ રાખતા.

ગુરુનાં વ્યક્તિગત પ્રેરણા ને પ્રોત્સાહન વિના વિદ્યાર્થીની આત્મવિકાસની શક્તિ ઠીંગરાયેલી રહે છે. દરેક નવા વિદ્યાર્થીના અંતરમાં સૌથી પહેલી ને ઊંડી ભૂખ જાગે છે તે કોઈકને વિષે પ્રશંસાનો ભાવ સેવવાની ને તેને મનથી વળગવાની. પ્રત્યેક તરુણ વીરપૂજક હોય છે. તેનો પ્રથમ 'વીર' સ્વાભાવિક રીતે શિક્ષક હોય છે; ને શિક્ષક વિષે તેના મનમાં અનાયાસે પ્રશંસાનો ભાવ ઊપજે છે. જો શિક્ષક તેના જીવનમાં રસ લે, તો આત્મશિલ્પ વિષેનો વિદ્યાર્થીનો સંકલ્પ સક્રિયપણે કામ કરવા માંડે છે.

પણ શિક્ષક વિદ્યાર્થીના મનમાં વીરપૂજાની વૃત્તિ તો જ જગવી શકે, જો તે એના જીવનમાં ઉપદેશ વડે નહીં પણ અંગત ઉદાહરણ વડે પ્રવેશ કરે. તેણે વિદ્યાર્થીને પોતાની જોડે મિત્રભાવે વાતચીત કરવા ઉત્તેજન આપવું જોઈએ; વિદ્યાર્થી પોતાના પર વિશ્વાસ મૂકે એવું વર્તન રાખવું જોઈએ; અને તેની બાહ્ય ને આંતર મુશ્કેલીઓ દૂર કરવાના ઉપાય તેને સૂચવવા જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીની ઘડતરદશા દરમ્યાન, સામાન્યપણે, તેના મનમાં ઉદાર વૃત્તિઓ ને ઉચ્ચ આકાંક્ષાઓ ભરેલી હોય છે. પણ તે અણસારામાં કળી જાય છે કે એના શિક્ષકમાં ભાડૂતી ભણાવનારનો આત્મા છે કે સાચા ગુરુનો. શિક્ષકને પોતાના વિષય પ્રત્યે અનુરાગ છે, સંસ્થા પ્રત્યે એકનિષ્ઠા છે, અને વિદ્યાર્થીઓનાં અંતરમાં પડેલો ખજાનો બહાર લાવવાની ધગશ છે, એમ જો વિદ્યાર્થીને લાગે, તો તે શિક્ષકને ગુરુરૂપ ગણતો થશે. વિદ્યાર્થીના મનમાં આ લાગણી પેદા કરવાનો એક જ રસ્તો શિક્ષક પાસે છે. તે એ કે તેણે જાતે સંસ્કૃતિના સંદેશવાહક બનવાની ધગશ અને પોતાના જીવનકાર્ય વિષે સમર્પણબુદ્ધિ, કેળવવી.

શિક્ષકે મન વચન કર્મથી વિદ્યાર્થીના ભોમિયા, ફિલસૂફ અને મિત્ર બનવું જોઈએ. તે પછી જ તેનાથી ગુરુભાવ કેળવી શકાય.

પશ્ચિમવાદી પવનની અસરથી શિક્ષકો ઝપાટાભેર દહાડિયા મજૂરો જેવા બનતા જાય છે. કેટલાક શાળામાં ભણાવવા ઉપરાંત સાથેસાથે બહાર વેપાર પણ કરતા જણાયા છે; તો કેટલાક વળી સત્તાનું પદ મેળવવાની ખટપટ પાછળ પોતાની બધી શક્તિ વાપરતા જોવામાં આવ્યા છે. આપણાં વિશ્વવિદ્યાલયો ને આપણી શિક્ષણસંસ્થાઓ જે સ્થિતિમાં કામ કરે છે તેને માટે 'લોકશાસન' શબ્દ અનુચિત છે; તેને તો 'ભારે રસાકસી' જ કહી શકાય. જે શિક્ષક કેવળ પોતાનું કામ, પોતાનો વિષય ને પોતાના વિદ્યાર્થી પાછળ જ નિષ્ઠાપૂર્વક મંડ્યો રહે છે તે પાછળ રહી જાય ને તેનો ભાવ ન પુછાય એવી સ્થિતિ આજે પેદા થયેલી છે.

પણ આપણે 'રુક જાઓ'નો પોકાર કરી, શિક્ષકને સંસ્કારમૂર્તિ ગણી, એને જે ગુરુસ્થાને બેસવાનો અધિકાર છે ત્યાં ફરી પાછો બેસાડવો જોઈએ. જે શિક્ષકોએ ગુરુભાવ કેળવ્યો ન હોય તેમને હાથે જેને ઘડાવા વારો આવશે તે પેઢી ખરેખરી દુર્ભાગી હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

વિદ્યાર્થી : આત્મશિલ્પનો કલાકાર

જેવાં ગુરુનાં કર્તવ્યો છે તેવાં શિષ્યનાં પણ છે. આજના જમાનાના વિદ્યાર્થીમાં ગુમાન ભરેલું હોવાથી તે નમ્રતા ને ગ્રાહક-વૃત્તિ કેળવી શકતો નથી. પણ આ બે ગુણો પહેલા કેળવાય તો જ આત્મવિકાસનો રસ્તો ખુલ્લો થાય.

આ ગુમાન મોટે ભાગે પશ્ચિમવાદની અસરનું પરિણામ છે. તે ઘણા જુવાનોનાં મન પર તાત્કાલિક ધારણ નાખે છે, ને તેમને જવાબદારીના જરા પણ ભાન વિનાના બનાવી દે છે. 'લહેરી જીવડા 'ના જેવી વૃત્તિને તેઓ શ્રેષ્ઠતાનું લક્ષણ માનતા થાય છે.

વળી દેશમાં સત્તાના રાજકારણને અંગે, જુદા જુદા પક્ષોનો પ્રચાર ચલાવવા સારુ, કામગરા માણસોની મોટી સંખ્યામાં જરૂર ઊભી થઈ છે. પક્ષાપક્ષીના ઝનૂનવાળા, કાચા ને અવિચારી માણસો વગરમુસીબતે મેળવવા માટે શાળાકૉલેજો ઘણાં અનુકૂળ સ્થાન થઈ પડયાં છે. જોરશોરથી પોકારો કરવા; ધાંધલ એટલે જ સંગઠન એમ માનીને દોડધામ કરવી; મોટું બૂમરાણ જગવે ને અવનવું ગણાય એવુ કંઈક કામ કરવું;— એમાં મૂછનો દોરો પણ ન ફૂટચો હોય એવા કિશોરોને સહેજે શૂરાતન, દેશદાઝ કે સેવાનો ભાસ થાય છે. આ રીતે એમને સહેજે એવા ભુલાવામાં નાંખી શકાય છે કે તેઓ ઇતિહાસ રચી રહ્યા છે; જ્યારે, ખરું જોતાં, તેઓ વ્યવસ્થા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વક યોજેલા પક્ષ-પ્રચારનો ભોગ થઈ પડવા ઉપરાંત કશું પરાક્રમ કરતા હોતા નથી. વિદ્યાર્થીએ શિક્ષક પ્રત્યે નિષ્ઠા ધરાવવી જોઈએ; તેને બદલે તે, અજ્ઞાનને લીધે, કોક પક્ષના સ્થાનિક મુખીને પોતાની નિષ્ઠા અર્પણ કરે છે. પણ વિદ્યાર્થીનો પરમ ધર્મ તો સ્પષ્ટ છે. તેણે સૌથી પહેલાં તો પોતાના જ ઘડતરની ક્રિયામાંથી પસાર થવું જોઈએ. નાગરિક તરીકેના ધર્મો તે કૉલેજ છોડે ત્યાં સુધી રાહ જોઈ શકે છે.

કેળવણી એ સર્જનાત્મક કલા હોઈ તેણે વિદ્યાર્થીના અંતરમાં રહેલું હીર બહાર આણવું જોઈએ. તેણે વિદ્યાર્થીની સર્વ શક્તિઓને ખીલવવી જોઈએ, અને તે આત્મશિલ્પની કલા પર પ્રભુત્વ મેળવી શકે એવા રસ્તા પર તેને ચડાવવો જોઈએ. તેથી આ કેળવણીમાં વિદ્યાર્થીને માટે વિદ્યાર્થીપણાની ત્રણ વૃત્તિઓ ખીલવવી આવશ્યક મનાઈ છે. આ વૃત્તિઓ છે: પૂજ્યભાવ, જિજ્ઞાસાવૃત્તિ, અને સેવાભાવ.

જે માણસ પાસે સંસ્કારની કંઈ પણ મૂડી છે તેની પાસે એવા કોઈ શિક્ષકની પુણ્યસ્મૃતિ સંઘરેલી હશે જેમણે એના અંતરમાં પ્રશંસા ને પૂજ્યભાવ પ્રગટાવ્યાં હશે, અને એમ કરીને એને આત્મવિકાસને માર્ગે ચડાવ્યો હશે. આ સ્મૃતિ એ જિંદગીની મોટી મૂડી છે; અને તે એવા જ વિદ્યાર્થીને મળી શકે છે જે શિક્ષકનું માર્ગદર્શન સ્વીકારવા રાજી હોય. ગુરુની પૂજા એ સાધનાના પ્રથમ મૂળતત્ત્વોમાંનું એક છે. તેથી, ગુરુના વચનને નિઃશંકપણે માથે ચડાવવાનું કહેવામાં આવે છે તે ગુરુને કાજે નહીં, પણ શિષ્યને પોતાને કાજે.

કોઈ પણ વિદ્યાર્થીના અંતરમાં તેના શિક્ષકનો વાસ થવા ન પામે તો તે પોતાની શક્તિઓનો વિકાસ સાધવામાં આગળ વધી શકે નહીં. આ 'આન્તરવાસ'નું સર્જનાત્મક કેળવણીમાં જે સ્થાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તે યથાર્થ રીતે સમજવા જેવું છે. કોઈ પણ માણસનું વ્યક્તિત્વ શુષ્ક એકલતામાં ફૂલીફાલી શકતું નથી; તો કોઈ તરુણનું તો ક્યાંથી જ ફૂલીફાલી શકે ?

'બીજાના વ્યક્તિત્વના સ્પર્શથી જ વ્યક્તિત્વ વિકસે છે. પિતા, ગુરુ, મિત્ર ને પ્રણયીના વ્યક્તિત્વથી કોણ ઘડાયું નથી ? અને આ વ્યક્તિત્વ જેટલું જબરું હોય તેટલી જ તેની અસર સચોટ થાય.

'કેટલાક માણસો આપણા અંતરના ખજાના ખોલી શકે છે. એ હોય ત્યારે આપણે વધારે સારા, વધારે મોટા પળવાર બની જઈએ છીએ. એમનો એક શબ્દ સાંભળીએ અને આપણામાં કદી ન હોય તેવી શક્તિ આપણને મળે છે. એવી વ્યક્તિ જો આપણી સાથે દિવસ અને રાત હોય, આપણી કલ્પનામાં જો એ હંમેશાં વાસ કરે, તો એની પ્રેરણા કદી વિરમે નહીં. અને આપણે સામર્થ્યની ઊંચી ઊંચી ટોચે વિહરતા થઈએ. એક મહાન વ્યક્તિનો આપણા હૃદયમાં વાસ થાય તો એ અજબ શક્તિરૂપ બની જાય છે, અને આપણને વધારે ને વધારે આત્મવાન બનાવે છે. આપણે વધારે 'આપણે' બનીએ છીએ.

'જ્યારે આપણે કોઈ મહાપુરુષના સંસર્ગમાં આવીએ છીએ ત્યારે આપણે એને જુદા જુદા વિષય પર વાત કરતા સાંભળીએ છીએ, એટલું જ નહીં પણ સાથે અજાણતાં વેરાયેલાં વિચારપુષ્પો સંઘરીએ છીએ. એ પુષ્પો એના વ્યક્તિત્વના ગર્ભદ્વારમાં છુપાયેલાં રહસ્યોનું દર્શન કરાવે છે. ત્યારે એ વ્યક્તિ આપણામાં નિવાસ કરે છે. એનાથી છૂટા પડીએ તોપણ એ વ્યક્તિત્વના ભણકારા વાગ્યાં કરે છે. આપણાં શબ્દો ને કૃત્યો એ વ્યક્તિત્વની કસોટી પર પળે પળે ચડે છે. એણે શું કહ્યું તેના કરતાં એ શું છે એનાથી આપણે ઘડાઈએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આપણો પ્રિય સાહિત્યકાર આપણા હૃદયમાં કેમ આવી વસે છે એનો તો ઘણાને અનુભવ હશે. જ્યારે હું નાનો હતો ત્યારે ડુમા અને હ્યુગો મારા પ્રિય સાહિત્યસ્વામીઓ હતા. હું ફરીફરી એમની કૃતિઓ વાંચતો. એમનાં પાત્રો મારા મિત્રો અને સગાં-સંબંધીઓ કરતાં મારી વધારે નિકટ હતાં. એમનાં દૃષ્ટિબિન્દુ અને એમની વાતચીતની ધાટી અજાણતાં જ મારાં થઈ જતાં. આ સાહિત્યસ્વામીઓએ મારામાં આવી નિવાસ કર્યો, અને તેથી હું વિકસ્યો. આ તો સાહિત્યસ્વામીઓની વાત! પણ જો આપણામાં વસનાર વ્યક્તિ જીવંત હોય, તો તેની અસર વધારે સચોટ થાય છે.' १

શિક્ષક વિદ્યાર્થીના અંતરમાં ત્યારે જ નિવાસ કરશે, જ્યારે વિદ્યાર્થી તેના પ્રત્યે નમ્રતાનો ભાવ કેળવશે.

અર્વાચીન જગત શોરબકોરમાં રાચનારું, ને ધક્કામુક્કી કરનારું છે. એમાં નમ્રતાના ગુણની કિંમત ઘણી જ ઓછી અંકાય છે. આપણામાં અજ્ઞાન જેટલું વધારે હોય તેટલા આપણે વધારે ગર્વિષ્ઠ બનીએ છીએ. પ્રચારની ધાંધલવાળા આ યુગમાં અર્ધસત્યોને જ્ઞાનની પરાકાષ્ઠા માની લેવાનું, અને એ રીતે નમ્રતાની સામે અંતરનાં દ્વાર ભીડી દેવાનું, સહેલું થઈ પડ્યું છે.

વિદ્યાર્થીને જો પોતાનો વિકાસ સાધવો હોય તો તેણે મનનાં દ્વાર ખુલ્લાં રાખીને નવી કલ્પનાઓ, નવી વિચારસરણી અને નવા સિદ્ધાન્તોનો અંતરમાં પ્રવેશ થવા દેવો જોઈએ. તે આજનો નેતા નથી, પણ આવતી કાલનો છે. જે સિદ્ધાન્તો તેના કૉલેજ-કાળમાં ધ્રુવ ને અવિચળ મનાતા હોય તે એના ગૃહસ્થાશ્રમ-પ્રવેશ સુધીમાં તો અચૂક જરીપુરાણા થઈ નકામા ગણાવાના. તેથી તેનું પ્રથમ

१. મુનશી : અખંડ હિંદુસ્તાન, પૃ. ૩૭૪-૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્તવ્ય એ છે કે કોક બીજાએ ઘડીને તૈયાર કરી રાખેલા વિચારો ન સ્વીકારવા, પણ નમ્રભાવે જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

ગયાં વીસ વરસમાં કરોડો માણસોનાં મન પર સામુદાયિક ગાંડપણનાં મોટાં મોજાં ફરી વળતાં આવ્યાં છે. નૈતિક વિનિપાતની આથી વધારે અચૂક નિશાની બીજી કશી હોઈ ન શકે. સત્યને ખોળવું, સત્ય પોતાને જેવું દેખાય તેવું તેને આચરણમાં ઉતારવું, અને એને કાજે પ્રાણ પાથરવા તૈયાર રહેવું, એ મહત્તાનું એક-માત્ર લક્ષણ છે. આપણી નાતજાતમાં, રાજકાજમાં, અથવા સામાજિક કે ધાર્મિક વિષયોમાં જે વસ્તુ બહુમાન્ય હોય તેનો જો આપણે સ્વીકાર કરી લઈએ; જોરશોરથી થતા પોકારોના ચાલુ રોગચાળામાં તણાઈ જઈએ; તો એનો અર્થ એ છે કે આપણે માનવ–વ્યક્તિત્વનું ગૌરવ અને સ્વાતંત્ર્ય કબૂલ રાખતા નથી. પણ વસ્તુતાએ તો એ લોકશાસનનો જ નહીં, પણ ઉદ્દામ ને સ્વતન્ત્ર એવી વસ્તુમાત્રનો પણ પાયો કે મૂળ આધાર છે.

એટલે વિદ્યાર્થીએ જાતે પ્રયત્ન કરીને સત્ય શોધી કાઢવું રહ્યું. ઘડતરના સમય દરમ્યાન તેણે કોઈ પણ પક્ષના પોકારોને અપનાવી લેવા નહીં; પછી ભલે એ પોકારો ગમે તેટલા મોહક કે પ્રચલિત હોય. તેણે તો જિજ્ઞાસાવૃત્તિ કેળવવી જોઈએ. જુદાં જુદાં મૂલ્યો— અર્થાત્ આદર્શો તથા ભાવનાઓ — ની તુલના કરી જોવાની ટેવ તેણે પાડવી જોઈએ. તેણે આવેશને અધીન થઈ આંધળું, અવિચારી વર્તન ન કરવા જેટલું સંકલ્પબળ મેળવવું જોઈએ; પછી ભલેને એ આવેશ જેને અંગે ઊઠતો હોય તે કાર્ય ગમે તેટલું મહાન કાં ન હોય.

જે વિદ્યાર્થી ચોપડીઓનો કીડો કે તર્કબળથી ચાલનારું યન્ત્ર બનવા મથે છે તે આત્મશિલ્પની કલા ભાગ્યે જ શીખી શકશે. યુવાન માણસની ખીલતી શક્તિઓને કેળવવાનો સારામાં સારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈલાજ એ છે કે એ શક્તિઓને કાર્યરૂપે વ્યક્ત કરવી. શરૂઆતમાં તો કાર્ય એટલે પોતાની શિક્ષણસંસ્થાના જીવનમાં ભાગ લેવો તે, એટલો જ અર્થ થાય.

શિક્ષણસંસ્થાને પણ આત્મા હોય છે. તેની આસપાસ વિદ્યાર્થીના ઊગતા યૌવનની આશાઓ ને મથામણોની મધુર સ્મૃતિઓની ફૂલવાડી રચાય છે. શિક્ષણસંસ્થા એટલે એક નાનકડી સ્વતન્ત્ર દુનિયા; તે વિદ્યાર્થીના ભાવિને સુધારી કે વણસાડી શકે છે. તેના સામુદાયિક જીવનમાં વિદ્યાર્થી જો ભાગ લે, તો સંસ્થા તેના જીવન ઉપર ઘણો પ્રભાવ પાડે. એવો પ્રભાવ ઇંગ્લંડની 'પબ્લિક સ્કૂલો' ને વિશ્વવિદ્યાલયો દુનિયાભરમાં વસતા અંગ્રેજો પર પાડે છે, અને અંગ્રેજોને મહાન પ્રજા બનાવે છે. વિદ્યાર્થીને જીવનમાં જે મોટી સેવા કરવાની આવશે તેનું પ્રથમ પગથિયું તે શિક્ષણસંસ્થાની સેવા છે.

વિદ્યાર્થીને મળેલો રાષ્ટ્રીય વારસો જે મહાન પરંપરાઓ, ઉત્તુંગ ઉદાહરણો, અને ઉદાત્ત સિદ્ધિઓથી ભરેલો છે તે સર્વને વિદ્યાર્થીએ પોતાના જીવનમાં ઉતારી આત્મસાત્ કરવાં રહ્યાં. તેની સાથે તેણે સેવાભાવને મૂર્ત રૂપ આપવા માટે માતૃભૂમિ અને તેની સંસ્કૃતિ માટે કંઈક સચોટ કામ પણ કરવું રહ્યું. દુર્ભાગ્યે આપણા વિદ્યાર્થીઓ કાં તો અતિશય એકલપેટા બની જાય છે, અથવા તો ધાંધલવાળી પ્રવૃત્તિઓમાં અતિશય અટવાઈ જાય છે. મોટે અવાજે પોકારો કરવા, ઝંડા ફરકાવવા, ટોળે વળી નિર્દોષ પ્રજાજનો પર બળજબરી કરી હડતાળો પડાવવી, અથવા તો જાણીબૂજીને જેલ જવું, એ વસ્તુઓ સ્વતંત્રપણે કંઈ સેવાનાં કાર્યો નથી.

જાણીબૂજીને જેલ જવું એ તો એક મહાન સાધના છે. પણ, લડાઈમાં જવાની પેઠે, જેલમાં જવું એ પણ વિદ્યાર્થીને માટે કર્તવ્યરૂપ ત્યારે જ થઈ પડે છે જ્યારે રાષ્ટ્ર, પોતાના નેતાઓની હાકલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માથે ચડાવીને, નિયમબદ્ધ પ્રતિકારની લડત ઉપાડે. એટલે સેવા-કાર્યમાં ગણાય એવો રાષ્ટ્રીય પ્રતિકાર, અને સામુદાયિક ધાંધલવાળા ઉધમાત, એ બેની વચ્ચે ભેદ પાડવો જોઈએ. આ બીજા પ્રકારની પ્રવૃત્તિમાં તો કેવળ વિદ્યાર્થીઓનાં અજ્ઞાન અને સેવાવૃત્તિનો ગેરલાભ ઉઠાવી બીજા માણસો પોતાનાં કામ સાધી લે છે.

દેશ ઉપર ઘોર સંકટ આવી પડે ત્યારે તો વિદ્યાર્થીએ પોતાથી બનતી બધી મદદ આપવી જ જોઈએ. પણ તે ઉપરાંત વિદ્યાર્થીને માટે સાચી સેવા એ જ છે કે તે જીવનના જે કોઈ ક્ષેત્રમાં હરેફરે ત્યાં તેણે પ્રકાશ ફેલાવવો. કોઈ પણ માણસ એટલું કામ કરે તો તેણે ઘણી મોટી સેવા કરી ગણાય. ઘરમાં માંદી પડેલી બહેન; કોઈની સોબત વિનાની એકલવાઈ મા; મદદની જરૂરવાળો અભાગી પડોશી; આફતમાં આવી પડેલો વટેમાર્ગુ; રસ્તે જતાં નજરે ચડનારો, કોઈ ગુનાનો ભોગ થઈ પડેલો, માણસ; સામાજિક, આર્થિક કે કોમી બૂરાઈની વેદી પર જેનું બલિદાન અપાતું હોય એવો કોઈ અભાગી જીવ; જેમાં જીવને જોખમે પણ નિર્દોષોની રક્ષા કરવી ઘટે એવું રમખાણ; જ્યાં ઝાડુ વાળવા માટે સ્વયંસેવકોની જરૂર હોય એવું, ભંગીઓ વિનાનું, શહેર; જ્યાં સેવાનો ખપ હોય એવા વિશાળ સમારંભની યોજના; જ્યાં સમાજસેવા માટે કેળવણીની જરૂર હોય એવું ગામડું; જ્યાં ગરીબોને ભણાવવાના હોય એવી રાત્રીશાળા;—આ બધાં સેવાનાં ક્ષેત્રો છે; ત્યાં વિદ્યાર્થી સેવા કરી શકે, એટલું જ નહીં પણ પ્રકાશ સુદ્ધાં ફેલાવી શકે.

બીજાઓને પ્રોત્સાહન આપવું; લોકો થાકીને ગમગીન બન્યા હોય ત્યારે તેમનું મનોરંજન કરવું; તમારા સંપર્કમાં આવનાર માણસોનાં અંતરમાં બળ, આનન્દ કે પ્રેરણારૂપી સૂર્યપ્રકાશ પહોંચતો કરવો, એ ઉચ્ચતમ કોટિની સેવાઓ છે. એ સેવાની સહેલી રીતો છે એમ તો બેશક નથી જ. પરીક્ષાની તૈયારી માટે જોઈએ એટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ ખંત, મહેનત અને એકાગ્રતાથી વિદ્યાર્થીએ આ શક્તિ મેળવવાના તૈયારી કરવી પડશે. એને માટે તેનામાં જોઈશે મનુષ્યસ્વભાવનું સમભાવભર્યું અંતર્દર્શન, આશા ને ઉત્સાહ પ્રેરે એવી વાતચીત કરવાની આવડત. અને આનંદી સ્વભાવ.

વિદ્યાર્થી મોટામાં મોટી સેવા તો એ કરી શકે કે આપણી સંસ્કૃતિને તે આત્મસાત્ કરે, અને પોતે જ્યાં જાય ત્યાં એ સંસ્કૃતિ ફેલાવે. આપણે બીજી પ્રજાઓ કરતાં હલકા છીએ એવો લાગણીનો જે ઓથાર આ ભૂમિને ચાંપી રહ્યો છે તેને હઠાવવાની જરૂર છે. એટલે વિદ્યાર્થીએ આપણી સંસ્કૃતિમાં જે ઉત્તમ તત્ત્વો છે તેને પ્રકાશની પેઠે ચોમેર ફેલાવનારું કેન્દ્ર બનવું રહ્યું છે. ભારતીય વસ્તુઓ પ્રત્યેનો તેનો અનુરાગ ચેપી બની શકે. સ્વદેશના ભૂતકાળ વિષેનું તેનું અભિમાન તેના સંસર્ગમાં આવનાર માણસોનાં મનમાં ઉન્નત વિચારો પ્રેરી શકે. તેની નીડર ને હિંમતભરી રાષ્ટ્રીયતાની ભાવના આ દેશમાં જ નહીં પણ ઇતર દેશોમાં સુદ્ધાં શક્તિનાં વર્તુળો ફેલાવી શકે; અને એ વર્તુળો ઉત્તરોત્તર અધિકાધિક વિશાળ બનતાં જાય. તે જનની જન્મભૂમિની સ્વતંત્રતા ને મહત્તા માટે કામ કરી રહેલા વિદ્યુદ્યન્ત્રની પેઠે જીવી ને હરીફરી શકે.

પણ આટલું તે કરી શકે તે પહેલાં તેણે પોતાના બળની ઇમારત જુગજૂના ખડક ઉપર ઊભી કરવી પડશે. એ ખડક તે આર્ય સંસ્કૃતિના પાયામાં રહેલાં મૂલ તત્ત્વો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

સર્વોત્તમ જીવનકલા

સર્જનાત્મક કેળવણીનું અન્તિમ ધ્યેય શું? તે શું સિદ્ધ કરવાનો મનોરથ રાખે છે?

હું ટૂંકામાં કહી જાઉં. સર્જનાત્મક કેળવણી એ આત્મશિલ્પની કલા છે. તેથી ઘડતરની કેળવણી એ જ ખરી કેળવણી છે. એવી કેળવણીના કાર્યક્રમની રૂપરેખા હવે અપાઈ ચૂકી છે.

વિદ્યાર્થીને માતૃભૂમિ વિષે શ્રદ્ધા હોવી જોઈએ. તે આપણી સંસ્કૃતિનાં ચિરસ્થાયી મૂલ્યો — અર્થાત્ આદર્શો ને ભાવનાઓ — સમજે, ને તેને જીવનમાં ઉતારવાનો પ્રયાસ કરે, એવી તાલીમ તેને અપાવી જોઈએ.

આવી તાલીમનું મુખ્ય ધ્યેય આટલી વસ્તુઓનો વિકાસ સાધવાનું હોવું જોઈએ —

વિદ્યાર્થીનું વ્યક્તિત્વ;

માનવી સંબન્ધો તરફ ચોમેર ધ્યાન, અને તેને અંગે ઊભાં થતાં કર્તવ્યોનું પાલન કરવાની ભાવના;

આત્મસિદ્ધિ પ્રાપ્ત કરવાના વૃત્તિ.

ભારતવર્ષને માટે રચાયેલા, સર્જનાત્મક કેળવણીના, કોઈ પણ કાર્યક્રમનાં પગથિયાં આ પ્રમાણે હોવાં જોઈએ:

પહેલું: સંસ્કૃતનો અભ્યાસ;

બીજું: ભારતીય સંસ્કૃતિનું અખંડ અવિરત ક્રિયારૂપે અવલોકન;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજું : સાહિત્યના સર્વશ્રેષ્ઠ ગ્રન્થના અભ્યાસ વડે, તથા કોઈ મહાગ્રન્થના નિત્યપાઠ વડે, વાણીની — લેખન તથા ભાષણની — શક્તિઓ ખીલવવી. નિત્યપાઠ માટે એવો ધર્મગ્રન્થ લેવો સારો જે સર્વ દેશકાળમાં માણસોના અંતરને સ્પર્શ કરે એવો હોય.

આવી કેળવણીની પ્રક્રિયામાં, શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે ગુરુશિષ્યભાવ સ્થપાવો આવશ્યક છે.

વિદ્યાર્થીએ આત્મશિલ્પ વડે પોતાના જીવનને ઘડવા માંડવાનું છે; તેણે વ્યક્તિત્વ ખીલવવાનું છે; તેણે ભારતીય સંસ્કૃતિના ઉત્તમ અંશોને અપનાવી આત્મસાત્ કરવાના છે. પણ એ શિલ્પી પોતાના જીવનશક્તિને કોરી ઘડી મઠારી તેનો પ્રતિમા બનાવે, તે જીવનના કયા નમૂનાને નજર સામે રાખીને? એને માટે સર્વશ્રેષ્ઠ કલ્યાણનો આદર્શ શો? તેણે કઈ ઉચ્ચતમ આત્મસિદ્ધિ પ્રાપ્ત કરવાનું ધ્યેય રાખવું?

અગાઉ કહેવાઈ ગયું તેમ, સર્જનશીલ જીવનશક્તિની કલા પોતાનું આત્મશિલ્પ એવી રીતે ઘડવામાં રહેલી છે કે પોતાના વ્યક્તિત્વમાં ઉત્તરોત્તર એકરાગ — અર્થાત્ મન વચન કર્મની એકરૂપતા — સ્થપાતો જાય, અને અન્તે એ એકરાગ અથવા એકતાનતા સંપૂર્ણ બને.

માનવ-વ્યક્તિત્વના આ સંપૂર્ણ એકરાગને જુદાં જુદાં નામ અપાયાં છે — સંસ્કૃતમાં : કૈવલ્ય, મોક્ષ, સંસિદ્ધિ, અને મત્સંસ્થાન; અરબીમાં વસ્લ, અને ફના; અંગ્રેજીમાં પરફેક્ષન (પૂર્ણત્વ) અને યુનિયન વિથ ગૉડ (ઈશ્વરસાયુજ્ય). પણ, પૃથક્કરણ કરી જોતાં, એ નામોથી સૂચવાતી વસ્તુ તો બધે એક જ છે.

માનવ-વ્યક્તિત્વનો આ સંપૂર્ણ યોગ અથવા એકરાગ યા એકતાનતા એ ઉપાસના, વિધિ કે મતમતાંતરની વસ્તુ નથી. તે ધર્મમાત્રમાં સ્થિર, અપરિહાર્ય તત્ત્વરૂપે દેખા દે છે. જુદા જુદા વિધિઓ ને મતમતાંતરોની સાથે આ તત્ત્વ જોડાયેલું હોય જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ વિધિઓ ને મતો એ તો નર્યાં ઉપલા પોપડા છે; ખરું તત્ત્વ તે તો આ મોક્ષ કે સંસિદ્ધિ છે. વળી એ તત્ત્વને જાતિભેદ જોડે કશી લેવાદેવા નથી; કેમકે માણુસ સંસિદ્ધિ પ્રાપ્ત કરે ત્યારે જાતિ, ધર્મ, લિંગ વગેરે સર્વ ભેદોનો લોપ થઈ જાય છે. આ મોક્ષ-તત્ત્વને સ્વર્ગ કે નરક કે પુનર્જન્મ કે પરલોક જોડે પણ કશો સંબન્ધ નથી. એ મોક્ષ તો આ ભવે, આ દેહે, અને જીવનના રોજેરોજના વ્હેવારમાં પ્રાપ્ત કરી શકાય છે.

આ મુક્તાવસ્થા પ્રાપ્ત કરવા માટે માણુસે એવું ગતિશીલ વ્યક્તિત્વ ખીલવવું જોઈએ કે એના વ્યક્તિગત સ્વભાવમાંથી સંકુચિતતાની સર્વ મર્યાદાઓ લુપ્ત થઈ જાય. એ રીતે ખીલવેલું વ્યક્તિત્વ દિવ્ય રૂપ પ્રાપ્ત કરે છે, અને અપરિમિત પૂર્ણત્વવાળી પરમ શક્તિનું સચોટ સાધન બની જાય છે.

આ કલા એકલા ભારતવર્ષમાં જોવા મળે છે એમ નથી. સર્વ દેશોમાં ને સર્વ યુગોમાં વ્યક્તિઓએ આ કલા ખીલવી છે. જરથુસ્ત્ર, કનફ્યુશિયસ, સોક્રેટિસ, ઈસુ ખ્રિસ્ત, માર્કસ ઑરેલિયસ, સેંટ ઑગસ્ટાઈન, હુસેન બિન મનસૂર અલ હલ્લજ, અને ટોમસ એ કેંપિસ એ તો આ કલાના અનેક સ્વામીઓમાંથી માત્ર થોડાક જ છે. પણ ભારતવર્ષમાં એ કલાને પૂર્ણતાએ પહોંચાડવામાં આવી હતી. આ દેશમાં એ કલાએ ઉત્પન્ન કર્યાં: એક જીવનપથ, એક ભવ્ય સાહિત્ય, એક સમાજવ્યવસ્થા, અને ચિરકાલથી ચાલી આવતી ટેવો ને પ્રણાલિકાઓ. અહીં એ કલાને અણગણ સદીઓ સુધી કરોડોનાં જીવનમાં વણી લેવામાં આવી હતી. એના પ્રભાવને લીધે કરોડો ઉન્નત થઈ ભૌતિક જીવનથી પર બન્યાં; અને તેમણે અધિક ઉચ્ચ, અધિક સુન્દર, ને અધિક વિશાળ એવા આત્મપરાયણ જીવનમાં પ્રવેશ કર્યો. એને પરિણામે, આ દેશમાં બુદ્ધિ ને આત્માની શક્તિ પૂર્ણપણે પ્રાપ્ત કરવાના પ્રયાસને પરમ પુરુષાર્થ માન્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં તેમણે બહારથી નહીં પણ અંદરથી વિજય મેળવીને મનુષ્યનું ગૌરવ પ્રસ્થાપિત કર્યું છે.

આ કલાની પ્રક્રિયા સ્પષ્ટપણે ભારતીય છે. અહીં ભારતવર્ષમાં તેને વ્યવસ્થિત ને સંપૂર્ણ રૂપ અપાયું છે; અને અહીં ઘણા જ વિશાળ પ્રમાણમાં તેને આચરણમાં ઉતારાઇ છે. પણ આ કલા કોઇ પ્રાન્ત કે પ્રદેશના નથી, કોઇ એક સંપ્રદાયની નથી, તેમ કોઇ એક રાષ્ટ્રની પણ નથી. તે આખી દુનિયાની મિલકત છે.

એ આત્મસંસિદ્ધની પ્રક્રિયા છે; મનુષ્યને ઉપલબ્ધ એવો આત્મપરિપૂર્તિનો એ એક જ માર્ગ છે; અને એ રીતે વિચારમાં તેને ધર્મના સાથે અનિવાર્ય સંબન્ધ દેખાતો નથી.

આ કલાના પાયામાં એવી શ્રદ્ધા રહેલી છે કે માણસ કેવળ આત્મશિલ્પ વડે જ પૂર્ણત્વ પ્રાપ્ત કરી શકે છે. આ શ્રદ્ધા વિના એ કલાના સિદ્ધમાં સફળતા મળવી અશક્ય છે.

શિલ્પીના મનમાં એવી શ્રદ્ધા હોવી જોઇએ કે હું જે મૂર્તિનો નમૂનો નજર સામે રાખું છું તે સર્વાંગે સંપૂર્ણ છે. એવી શ્રદ્ધા ન હોય, તો તેનાથી એ નમૂનાનો આભાસ પણ પથ્થરમાં કોરી શકાય નહીં. તે જ પ્રમાણે, 'યોગ' — અર્થાત્ વ્યક્તિત્વનો એકરાગ અથવા એકતાનતા — માં મન અને શરીરની, ચોમેર વિખરાઈ જતી, પ્રવૃત્તિઓને એક જ નિયામક તત્ત્વના અંકુશમાં લાવવાની રહે છે. પણ માણસના મનમાં પૂર્ણત્વ સુધી પહોંચવાની સતત ઝંખના ન હોય ત્યાં સુધી તેનાથી આ યોગની સાધના કરી ન શકાય. આ આદર્શ બુદ્ધિથી સમજાય એવો નથી. સંવેગનો તલસાટ, અને શ્રદ્ધાના આધાર પર રચાયેલી કલ્પનાનો સબળ પ્રયત્ન, એ બે હોય તો જ કલાકારને પૂર્ણત્વની ઝાંખી થવા પામે; અને તેના પ્રભાવથી તે આત્મસિદ્ધની સીડી પર એક પગથિયું આગળ ચડી શકે.

પૂર્ણત્વ કેવળ કલ્પનારૂપ રહે એ ન ચાલે. એને તાદૃશ ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન્ત શક્તિનું રૂપ અપાવું જોઈએ. તેમ થાય તો જ એની પ્રેરણા વડે કલાકાર આત્મશિલ્પની ક્રિયામાં સફળતા મેળવી શકે. આ પૂર્ણત્વને 'ઈશ્વર' એ નામે ઓળખવામાં આવે છે. કેટલીકવાર કોઈ માનવ પયગમ્બર કે ગુરુ પણ એ સ્થાન લે છે.

પશ્ચિમવાદની અસરથી રંગાયેલું માનસ ઈશ્વરથી ડરે છે. આત્મશિલ્પની કલામાં નિષ્ણાત થવા ઈચ્છનાર દરેક જણે મનમાંથી આ ડર કાઢવો જ રહ્યો.

ઈશ્વર ઉપર આસ્થા રાખતાં આ જે ડર લાગે છે તે પશ્ચિમવાદે ઉપજાવેલો છે. યુરોપમાં મધ્ય યુગમાં જૂની વિદ્યા સજીવન થઈ ને ખ્રિસ્તી ધર્મનો પ્રભાવ ઘટ્યો તેની સાથે જ આ જડવાદી સંસ્કૃતિનો જન્મ થયો. એની અસરથી યુરોપ પ્રત્યક્ષ જગતને લગતી ફિલસૂફી અને ભૌતિક વિજ્ઞાન તરફ વળ્યું. અતીન્દ્રિય અથવા અતિભૌતિક જગત -- અર્થાત્ બુદ્ધિ, નીતિભાવના કે આત્મા — પ્રત્યક્ષ દૃષ્ટિગોચર જગત કરતાં શ્રેષ્ઠતર છે, એ વિચારની ત્યાં હાંસી થવા લાગી.

એને પરિણામે જ્ઞાન નીચામાં નીચી કક્ષાએ ઊતરી કેવળ ભૌતિક વિષયોમાં અટવાઈ ગયું. પદાર્થોના અવલોકન અને પૃથક્કરણ ઉપરાંત કશું તેને કરવાનું જ ન રહ્યું. અંતરની સર્વ વૃત્તિઓનો સુસંવાદ કે એકરાગ સાધવો એ મનુષ્યજીવનનું ખરું ધ્યેય છે, એ વિચાર જ ઊંચે મુકાયો. વ્યક્તિગત કે સામુદાયિક લોભ, રાગ, ભય અને દ્વેષમાંથી ઊપજેલો સતત અજંપો એ જ જીવન, એવો વિચાર પ્રચલિત થયો. મનુષ્યસ્વભાવના ભૌતિક અંશમાં જે વિષયલાલસા મૂળથી પડેલી છે તેની તૃપ્તિ ઉપરાંત બીજું કશું શિક્ષણ તેણે આપ્યું જ નહીં. જીવનમાં યોગસિદ્ધિ અર્થાત્ આન્તર એકરાગની સ્થાપનાને ધ્યેય માનવાનું છોડી તેણે જીવનના જુદા જુદા ટુકડા કરી તેની તૃપ્તિમાં જ ખરો પુરુષાર્થ જોયો. આને લીધે મનુષ્યનું વ્યક્તિત્વ છિન્નભિન્ન થઈ, પરસ્પરવિરોધી એવા અનેક પાસાઓમાં વહેંચાઈ ગયું; જીવનની વૃત્તિઓ 'બહુશાખ ને અનન્ત' બની ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્વાચીન જગતમાં વસનારા આપણે ઘણાખરા કાંતો મૂંઝાઈને, રસ્તો ન સૂઝવાથી, ફાંફાં મારીએ છીએ; અથવા તો, જાણે આપણે નિર્જીવ જડ પદાર્થો હોઈએ એવી રીતે, ચાલતી આવેલી રૂઢિઓને વગરવિચારે વશ થઈએ છીએ. પણ આપણે જો આત્મશિલ્પની કલા હસ્તગત કરવી હોય, તો આપણે નન્નો ભણતાં ડરવાની ટેવ છોડયે છૂટકો છે. અર્જુને ભગવાનના વિરાટ રૂપનું દર્શન કર્યું ત્યારે તે 'વિસ્મયાવિષ્ટ' અને 'હૃષ્ટરોમા' થયો; ને ઈશ્વરનું 'પરમ રૂપ' જોઈ તેને મસ્તક વડે પ્રણામ કરી 'કૃતાંજલિ' થવા જેટલી નમ્રતા તેનામાં હોવાથી તેનો આત્મા સમૃદ્ધ થયો;— એટલું કરવાની જે શક્તિ તેનામાં હતી તે આપણે પણ કેળવવી જોઈએ. આત્મસંસિદ્ધિને માટે અંતરનું જે સૌન્દર્ય જોઈએ તે આ સિવાય બીજી કોઈ રીતે મળી શકે એમ નથી.

જે માણસ અર્વાચીન હોવાનો ફાંકો રાખે છે તેને ઈશ્વર વિષેની કંઈ પણ વાત સાંભળતાં કંટાળો આવે છે. ઈશ્વરને બદલે કોઈ નિર્દય અદ્ભુત સોનેરી ટોળીનો સાગરીત, કોઈ રાષ્ટ્રીય વીરપુરુષ, કોઈ નિષ્ઠાવાન મિત્ર કે કોઈ પ્રેયસીની વાત કાઢો તો તેમાં તેને રસ પડશે, ને એ સાંભળવા તે કાન માંડીને બેસશે. માટીનાં અણઘડ પૂતળાં બનાવવા જેટલા હલકા કામમાં તે પોતાની કલાનો ઉપયોગ રાજી થઈને કરશે. પણ ઈશ્વરરૂપ જે સર્વોત્તમ ને અપ્રતિમ મૂર્તિ છે તેની વાત કોઈ ન કાઢે, કોઈ તેનું નામ સરખું ન દે, તો તેના મનને મોકળાશ અને નિરાંત વધારે લાગે છે. ઈશ્વરને નથી ઘૂંટડે ઘૂંટડે ગળામાં રેડી શકાતો; નથી એની જોડે નાચી શકાતું; નથી એને વિષે હોડ બકી શકાતી; એવા 'લૂખા' ઈશ્વરમાં 'અર્વાચીન' માણસને કશો રસ પડતો નથી. આજે આપણને જે રમૂજી ને ચતુર માણસો સમાજમાં જોવા મળે છે તેમની ઘણાખરાની આ દશા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા માણસો ઈશ્વરથી ખરેખર ડરે છે. તેમને જો ઈશ્વર વિષે આસ્થા ન હોય, તો પોતાના જીવનમાં ઈશ્વરની પધરામણી કરાવવાનો પ્રયાસ કરવા જેટલી બુદ્ધિની પ્રામાણિકતા તેમનામાં હોવી જોઈએ. મારો પંખો ચાલે છે કે નહીં એ વિષે મને જો શંકા હોય, તો હું કેવળ મારી આંખો બંધ કરીને બેસી જતો નથી. પંખો ચાલે છે કે નહીં તેનું પારખું લેવા હું બટન દાબી જોઉં છું. આ માણસો ઈશ્વરનું પારખું આવી રીતે લે એમ હું ઇચ્છું છું. ઈશ્વર જો હસ્તી નહીં ધરાવતો હોય, તો તે આ માણસોને કશી હાનિ કરી શકવાનો નથી. જો ઈશ્વર હસ્તી ધરાવતો હશે, તો આ માણસોને આ પ્રયાસ દ્વારા જીવન તરફ જોવાની દૃષ્ટિ જડી જશે. એવી જીવનદૃષ્ટિ જગતના સર્વ મહાપુરુષોમાં હોય છે.

તમારી મરજી હોય, તો ઈશ્વરની અજમાયશ કરી જોવાનું કામ બહુ સહેલું છે. તમારે તો માત્ર આટલું જ કરવાનું — શાન્ત ચિત્તે એકાન્તમાં બેસો, રોજેરોજની સામાન્ય પ્રવૃત્તિઓમાંથી મનને ખેંચી લો, અને બટન દાબો: ઈશ્વર તમારી પાસે શું કરાવવા માગે છે તે અંતરની સાચી લાગણીથી ને નમ્રતાથી પૂછો. એનો જવાબ તમને મળી જશે. એ આજ્ઞાને બીજે દહાડે અનુસરો; અથવા, કંઈ નહીં તો, ફરી પૂછવાનો પ્રયત્ન કરો. થોડા દિવસ આ પ્રમાણે નિયમિત રીતે કરો. એટલે ઈશ્વર આવીને તમારા જીવનમાં વાસ કરશે.

કંઈ નહીં તો એ આત્મશિલ્પનું પહેલું પગથિયું તો હશે જ; એ ક્રિયાથી ચિત્તને સ્થિરતા ને પ્રેરણા પ્રાપ્ત થશે.

અર્વાચીન મનુષ્યોનાં જીવનમાં ઈશ્વર ફરીવાર આવીને વાસ નહીં કરે ત્યાં સુધી જગત ઊગરવાનું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

સર્વોત્તમ જીવનસ્વામીઓ

ઈશ્વર મનુષ્યના જીવનમાં ત્યારે જ પધરામણી કરે છે જ્યારે માણુસ એને સત્કારવા તૈયાર થઈ રહે છે. પણ મહાન અવતારી પુરુષો, સર્વોત્તમ જીવનસ્વામીઓ, જીવનના શ્રેષ્ઠ કલાકારો, આત્મ-શિલ્પ વડે શક્તિ સૌંદર્ય ને પ્રેરણાની મૂર્તિરૂપ બનેલા પુરુષો તો જગતમાં મોજૂદ છે જ. માણુસ તેમની કલા એ ગુરુઓ પાસેથી સીધી રીતે શીખે એટલું જ જરૂરતું છે.

ઈતિહાસ કે પુરાણુમાં રઢ લગાડે એવા કોઈ જીવનશિલ્પી હોય, તો તે શ્રીરામચન્દ્ર. તેમની કલા અનુપમ હતી. તેણે અનેક સદીઓને ઉજાળી છે. એ 'અમેયાત્મા'ની જે જીવનકથા આદિકવિ વાલ્મીકિએ લખી છે તે જો ફરીફરીને વાંચો, તો રામચન્દ્રની એ જીવનકલાની ઝાંખી તમને થવા પામે. પિતા, માતા, અપરમાતા, ગુરુ, ભાઈ, પત્ની, મિત્રો, શત્રુઓ ને પ્રજાજનો એ સહુની સાથેના સંબન્ધમાં જે મધુરતા, સુભગતા ને વિશુદ્ધિ એમણે દાખવી તેનો જોટો જીવનકથા કે નવલકથાના સાહિત્યમાં ક્યાંયે જોવા નહીં મળે. તેમની રગેરગમાં માનવતા હતી; એટલું જ નહીં પણુ એ માનવતા સુભગ અને સુન્દર હોઈ સોળે કળાએ દીપી ઊઠી હતી.

શ્રીરામચન્દ્રનો સીતા પ્રત્યેનો દાંપત્યસ્નેહ લો. એ સ્નેહ અદ્ભુત હતો — કેટલો માનવસહજ, ને કેટલો ભવ્ય! એ દિવ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્નેહગ્રન્થીએ પતિપત્નીના પાર્થિવ સંબન્ધને અલૌકિક બનાવ્યો; ગૃહસંસારના પાવિત્ર્યને સંપૂર્ણ જીવનની ધરી ગણનાર સહુ સંસારીઓને એ દાંપત્ય પંથ ઉજાળનાર પ્રદીપ જેવું થઈ પડ્યું. જેમનાં જીવનમાં કશો આંતરો નથી, કશો પડદો નથી, કશો ભેદભાવ નથી, જે બે દેહમાં રહેતાં છતાં એક જ અવિભક્ત આત્મા છે, જે બે જુદાં દેખાતાં છતાં એક છે, એવાં તો પતિપત્ની જ છે;— એ વાત કવિએ સીતાને મુખે કહેવડાવી છેઃ 'પિતા મિત — મર્યાદિત — આપે છે; ભાઈ મિત આપે છે; પુત્ર મિત આપે છે. અમિતનો દેનારો તો એકલો ભર્તા જ છે. એવા ભર્તાને કઈ સ્ત્રી ન પૂજે ?'

मितं ददाति हि पिता मितं भ्राता मितं सुतः।
अमितस्य तु दातारं भर्तारं का न पूजयेत् ॥

અને રામ પણ કહે છે : 'હે લક્ષ્મણ! અમરોનું પતિત્વ કે પૃથ્વીનું રાજ્ય પણ મારે એ સુવર્ણકાન્તિવાળી જનકાત્મજા વિના જોઈતું નથી.'

पतित्वममराणां हि पृथिव्याश्चापि लक्ष्मण।
विना तां तपनीयाभां नेच्छेयं जनकात्मजाम् ॥

તેથી ભવભૂતિએ કહ્યું કે એ પ્રીતિયોગ તો એ બેનું હૃદય — બેનું મળીને એક હૃદય — જ જાણતું હતું :

हृदयं त्वेव जानाति प्रीतियोगं परस्परम्।

એક ધોબીની ટીકા સાંભળીને રામે સીતાને તજી એ વાતને હકીકતનો પાયો નથી; એ તો ઘણાં સૈકાં પછી કવિકલ્પનાએ અને લોકમાનસે જોડી કાઢેલી વાત છે. પહેલું તો એ કે સીતાત્યાગનો પ્રસંગ વાલ્મીકિના રામાયણની મૂળ આવૃત્તિમાં નહોતો. પછીની આવૃત્તિઓમાં તે આવ્યો (કેમકે ઉત્તરકાણ્ડ જ પાછળથી ઉમેરાયો મનાય છે) ત્યારે પણ તેમાં ધોબીની વાત તો નહોતી જ; અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યારે પણ એ ગ્રન્થમાં તો નથી જ. એમાં તો સમગ્ર પ્રજાએ મૂકેલા અપવાદની વાત છે. રામચન્દ્રની સામે પતિ અને રાજા તરીકેનાં કર્તવ્યો વચ્ચે ઘર્ષણ આવી પડ્યું, અને તેમણે ઘણી મનોવ્યથા અનુભવ્યા પછી રાજધર્મને શ્રેષ્ઠ માની પોતાના સુખને તુચ્છ ગણ્યું. (**राजा प्रजारंजनलब्धवर्णः**) એ એમની જીવનકલાને સંપૂર્ણ બનાવનારું અન્તિમ કાર્ય હતું; ભવભૂતિએ કહ્યું છે : 'સીતા વિના રઘુપતિને કેટલું દુઃખ થતું હતું એ કોણ જાણી શકે? જેવો એ અલૌકિક સ્નેહ, તેવો જ એ નિરવધિ વિયોગ હતો.'

विना सीतादेव्याः किमिव न हि दुःखं रघुपतेः।
स च स्नेहस्तावानयमपि वियोगो निरवधिः॥

સીતાને વનમાં મોકલતાં શ્રીરામચન્દ્રના મનમાં બે વિરોધી ભાવનાઓનો સંઘર્ષ તો થયો; પણ 'પ્રકૃતિનું રંજન કરવાના' — પ્રજામતને અનુસરવાના — રાજધર્મને તેમણે શ્રેષ્ઠ પદ આપ્યું. એ કાર્ય વડે તેમણે પોતાની જીવનકલાને છેક છેવટનો ઓપ આપી તેને સર્વાંગસુન્દર બનાવી.

જે રાજા પ્રજાની સેવા કરે છે તેને પોતાનું નોખું અંગત કે વ્યક્તિગત જીવન હોતું નથી. પ્રજા એના પર જે વિશ્વાસ મૂકે છે તેને અંગે તેણે પાળવાનાં કર્તવ્યો એવાં હોય છે કે તેને ટાળી ન શકાય. અર્વાચીન બ્રિટને પણ તેના રાજાની, પોતાની પ્રેયસીને પરણવાની ઇચ્છાને અવગણી; અને રાજાએ જ્યારે રાજધર્મ કરતાં સ્વસુખને અધિક માન્યું ત્યારે તેને રાજગાદી છોડવાની ફરજ પાડી.

વાલ્મીકિએ આલેખેલા રામચરિતમાં, એ મહાપુરુષ પોતાના જીવનની પ્રત્યેક પળે આર્ય સંસ્કૃતિનાં સનાતન આદર્શો ને ભાવનાઓનો વિચાર કરીને કામ કરતા. તેમનું જીવન એ સરસ સુન્દર જીવન હતું; એવું જીવન જ સંસારને શોભાવે છે (**हन्त मण्डितः**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

संसारः—ભવભૂતિ), અને પૃથ્વી પર સ્વર્ગની સ્થાપના કરે છે.

તે પછીના, ને સર્વોત્તમ, જીવનસ્વામી તે 'ઉત્તમશ્લોક' શ્રીકૃષ્ણ. એમનું બાળપણ સરસતાના મધુર ઊર્મિકાવ્ય સમું હતું; એમનું યૌવન પ્રણય અને પરાક્રમના વીરકાવ્યરૂપ હતું; અને એમની ઉત્તરાવસ્થા દીર્ઘદર્શી રાજકારણ અને અમર અવિનાશી પ્રેરણાની કીર્તિકથા જેવી હતી. ભાગવત, મહાભારત અને હરિવંશ વાંચતાં જીવનશક્તિના પરમ સર્જક કલાકારરૂપે એ જગદ્‌ગુરુની મૂર્તિ આપણી નજર સામે ખડી થાય છે. તેમનામાં માનવતાના ગુણોની સમૃદ્ધિ ભરપૂર હતી, છતાં દેહધારીમાં જે ન્યૂનતાઓ ને મર્યાદાઓ હોય છે તેનાથી તેઓ પર હતા; તેઓ જન્મથી જ 'યોગયુક્ત' હોઈ તેમના જીવનમાં સંપૂર્ણ એકરાગ ને એકતાનતા હતાં. શાશ્વત ને સર્વભક્ષી કાળની પેઠે તેઓ નિર્બળતાઓ ને અપૂર્ણતાઓથી પર હતા.

પણ આથી વિશેષ તો એ કે તેઓ ગીતામાં આત્મશિલ્પની કલાનું રહસ્ય આપણે માટે પાછળ મૂકતા ગયા છે. ગીતા એ માનવજાતિને મળેલું શિક્ષણશાસ્ત્રનું, મોટામાં મોટું પાઠ્ય પુસ્તક છે. તેથી તેમને કહ્યા છે 'યોગેશ્વર', અર્થાત્ આત્મશિલ્પની કલાના સર્વોત્તમ પારગામી, એવા જગદ્‌ગુરુ. જેવું તેમનું જીવન, તેવો જ તેમનો સંદેશો પણ પ્રેરણા આપનારો છે :

૧. માણસ જ્યારે પોતાનું સ્વભાવસિદ્ધ સત્ય શોધી કાઢવા પોતાની સર્વ શક્તિઓને એકાગ્ર કરે;

તે જ્યારે, પોતાના સ્વભાવસિદ્ધ સત્ય અનુસાર પોતાના અંતરમાં રહેલું હીર પ્રગટ કરવા, મન વચન કર્મની એકતા સાધે;

તે જ્યારે નિર્ભયપણે, પરિણામોની પરવા કર્યા વિના, મોતની ભેટ કરવી પડે તો કરીને પણ, પોતાને દેખાયેલા સત્યને મન વચન કર્મ દ્વારા પ્રગટ કરવા જેટલી કેળવણી પોતાની જાતે લે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે તેને ' ભાવના ' પ્રાપ્ત થાય. ભાવના એટલે તેની સર્વ શક્તિઓ ને વૃત્તિઓની અતિશીલ એકતાનતા.

૨. આ એકતાનતા પ્રાપ્ત કર્યા પછી તે જ્યારે પોતાના પ્રત્યેક કર્મને ' કુશલ ' અર્થાત્ સંપૂર્ણ, અણીશુદ્ધ બનાવવાનો પ્રયાસ કરે;

તે જ્યારે ફળ મેળવવાની ચિન્તા તજી દે, અને જયને માટે તલસે નહીં તેમ પરાજયથી ડરે નહીં;

તે જ્યારે પોતાનાં પ્રત્યેક વૃત્તિ, વિચાર, વચન અને કર્મને પરમેશ્વરની અભ્યર્ચના માનીને જગતમાં વિચરે;

તે જ્યારે, સતત તપ અર્થાત્ આત્મનિયમન વડે, લોભ ભય કામ અને ક્રોધ પર વિજય મેળવે;

તે જ્યારે કુદરતની કોઈ શક્તિની પેઠે, ઉતાવળ કર્યા વિના કે વિશ્રાન્તિ લીધા વિના, જીવનમાં નિરંતર કર્મ કરે;

આમ કરવામાં તે જ્યારે ઈશ્વરનું શરણુ સ્વીકારે, પોતાના જીવનની દોર તેના હાથમાં સોંપી દે, અને તેના હાથમાં ' નિમિત્ત ' અથવા સાધન બનીને જીવે;

તે જ્યારે ભૂતમાત્રમાં પરમેશ્વરને અને પરમેશ્વરમાં ભૂત-માત્રને જુએ;

ત્યારે તે જીવનસ્વામી થાય — જીવનકલાનો સર્વોત્તમ કલાકાર બને.

આ ક્રિયા જરાયે નવી નથી, જરાયે વિજાતીય નથી. આ સાધનાનો માર્ગ કંઈક અંશે સ્વીકાર્યા વિના જીવનમાં કશી સિદ્ધિ મેળવવી શક્ય નથી; પછી ભલે એ સાધના ગમે તેવી કાચી ને અણઘડ કાં ન હોય. અજાણતાં તો આપણે અડબડિયાં ખાતા આ જ રસ્તે જઈએ છીએ; જ્યારે સાચી કલા તો જેને શીખવી હોય તેને માટે એનો રસ્તો ખુલ્લો પડ્યો છે. પણ આપણી નજર ટૂંકી હોવાથી આપણે અડબડિયાં ખાતા આમળ ચાલીએ છીએ; અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણી અણઘડ રીતે આપણા સ્વભાવને ઘડવા માગીએ છીએ; એને માટે જે ઓજારો આપણે વાપરીએ છીએ તે પણ છેક પાષાણયુગનાં, સાવ જરીપુરાણાં છે.

પણ શ્રીકૃષ્ણની મહત્તા તેમણે આપેલા ઉપદેશમાં નથી; તેમની મહત્તા તો તેઓ 'યોગેશ્વર'રૂપે જે શ્રેષ્ઠ કોટિનું સરસ ને સમૃદ્ધ જીવન જીવ્યા તેમાં છે.

એમની સાથે ઊભેલા છે દ્વૈપાયન વ્યાસ. એ બ્રહ્માવર્તના પુરાણ-પુરુષ છે, આર્ય સંસ્કૃતિના આદ્યગુરુ છે. એક પ્રસિદ્ધ શ્લોકમાં કહ્યું છે તેમ, એ વિષ્ણુ છે, ને વિષ્ણુ પોતે વ્યાસસ્વરૂપ છે. એ ચાર મુખ વિનાના બ્રહ્મા છે, બે ભુજાવાળા બીજા હરિ છે, ભાલે લોચન વિનાના શંભુ છે.

अचतुर्वदनो ब्रह्मा द्विबाहुरपरो हरिः। अभाललोचनः शंभुः।

વ્યાસના પૂર્વજોરૂપે સુવિખ્યાત આર્ય ઋષિઓની લાંબી હાર-માળા પડેલી છે. તેમના પ્રપિતામહ ઋષિ વસિષ્ઠની ખ્યાતિ પ્રાચીન કાળમાં ઘણી ફેલાયેલી હતી. ઋગ્વેદમાં વર્ણવેલા દાશરાજ્ઞના યુદ્ધમાં તેમણે વિશ્વામિત્રની સામે તૃત્સુઓનું સેનાપતિપદ લીધું હતું. વસિષ્ઠો ઋગ્વેદનાં કેટલાંક સૂક્તોના દ્રષ્ટા હતા. વસિષ્ઠના પુત્ર શક્તિ; તેમના પુત્ર પરાશર; તે વ્યાસના પિતા. આ રીતે વ્યાસને પ્રાચીન આર્ય સંસ્કૃતિના ઉચ્ચતમ સંસ્કારોનો વારસો પૂર્વજો પાસેથી મળ્યો હતો.

પણ હું તો એમને માનવોમાં પ્રથમ માનું છું. તેમણે માનવ-સહજ મર્યાદાઓને પોતાના જીવનમાંથી કાઢી નાખી, અને જીવનને સંપૂર્ણપણે 'યોગયુક્ત' — અર્થાત્ સર્વ શક્તિઓ ને વૃત્તિઓની એકતાનતાવાળું — બનાવ્યું. શ્રીરામચન્દ્ર અને શ્રીકૃષ્ણ, પોતપોતાની રીતે, જન્મથી જ યોગયુક્ત હતા. એમને યોગની એ એકતાનતા સિદ્ધ કરવા મથામણ કરવી પડી નહોતી. પણ વ્યાસે તો સ્વપુરુષાર્થના બળે — આત્મશિલ્પ વડે — પૂર્ણત્વ પ્રાપ્ત કર્યું. તેથી તેમને 'વીત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાગો 'માં શ્રેષ્ઠ કહેવામાં આવે છે; જેઓ માનવસહજ ત્રૈગુણ્યની મર્યાદાઓને વટાવી ગયા છે એવા પારગામીઓમાં એમને પ્રથમ પદ અપાય છે.

પણ તેઓ એ કલાના કેવળ પારંગત નહોતા. તેમને યોગનું — જીવનની એકતાનતાનું — સંપૂર્ણ દર્શન થયેલું હતું; અને એ યોગસિદ્ધિની પ્રક્રિયાના સાંગોપાંગ શાસ્ત્રની રચના પણ તેમણે કરી.

શક્તિ, સિદ્ધિ, સમૃદ્ધિ, વીર્ય અને સાચી જીવનદૃષ્ટિ, એ જ્યારે સર્વાંશે ને સ્થાયી રૂપે પ્રાપ્ત થાય ત્યારે પુરુષને પૂર્ણત્વની પ્રાપ્તિ થઈ ગણાય.

સર્વ પ્રાણીઓમાં, સર્વ યુગોમાં, ને સર્વ અવસ્થાઓમાં, વિચાર અને આચાર વચ્ચેના સંબંધો જે અટળ, અવિચળ ને સનાતન મહાનિયમ અનુસાર ચાલે છે તે નિયમને અનુસરવાથી જ આ ગુણોની પ્રાપ્તિ થઈ શકે; ત્યારે જ ભાવનાસિદ્ધિ થવા પામે.

એ નિયમ આ રીતે કામ કરે છે:

જે માણસ સત્યસેવી થાય, એટલે કે મન વાણી કર્મની અભેદ્ય એકતા સાધે, તેને જ શાશ્વત સિદ્ધિ પ્રાપ્ત થાય;

જે માણસ સંપૂર્ણપણે પ્રામાણિક બને તેને જ શાશ્વત સમૃદ્ધિ પ્રાપ્ત થાય;

જે માણસ પોતાની શારીરિક તથા માનસિક સિદ્ધિઓનો અપવ્યય ન થવા દે તેને જ શાશ્વત વીર્ય પ્રાપ્ત થાય;

જે માણસ પરિગ્રહમાત્રનો ત્યાગ કરે તેને જ જીવનની પૂર્ણતાનો સાક્ષાત્કાર થાય;

લોકો સામાન્ય રીતે એમ માને છે કે હિંસાથી બળ વધે છે; મનની વૃત્તિઓ ને શક્તિઓને અનેક દિશાએ વહેતી મૂકવાથી મોટાં મોટાં કામ પાર પડે છે; જૂઠ, લુચ્ચાઈ ને દગાફટકા કરવાથી સંપત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે છે; કામવૃત્તિને છૂટી મૂકી દેવાથી સર્જનશક્તિ પ્રાપ્ત થાય છે; અને ઢગલાબંધ ધન ભેગું કરવું એ જીવનનો ખરો પુરુષાર્થ છે. આ મત ખોટો ને આત્મઘાતી છે. જીવનનો જે મહાનિયમ છે તે તો એમ શીખવે છે કે લોકસમૂહે સ્વીકારેલાં આ સાધનોને હોમી-દેવામાં આવે તો જ ખરેખરી ધ્યેયસિદ્ધ થવા પામે.

પૂર્ણત્વ અથવા સંસિદ્ધિને વિષે આવો ભૂલભરેલો મત પેદા થવાનું કારણ છે માણસના મનમાં જન્મથી જડાયેલા ત્રણ વિકારો : રાગ, ભય અને ક્રોધ.

માણસ જ્યારે આ વિકારોને વશ કરે ત્યારે તેનાં દુઃખ અને નિર્બળતાનો સમૂળો નાશ થાય છે; અને તેના જીવનમાં પૂરેપૂરી એકતાનતા આવે છે. ત્યારે તેને પૂર્ણત્વ અથવા સંસિદ્ધિ અથવા બ્રહ્મનિર્વાણ પ્રાપ્ત થાય છે.

તેથી, પ્રત્યેક વિચાર વાણી ને વર્તનમાંથી આ ત્રણ મૂળ વિકારો કાઢી નાખવા, અને એકાગ્ર સર્જનશક્તિ — અર્થાત્ 'સમાધિ' —પ્રાપ્ત કરવી, એમાં જીવનની સર્વોત્તમ કલા રહેલી છે.

વ્યાસ તો એથીયે મહાન હતા; કેમકે માનવજાતિ કયાં સાધનો વડે આ કલા હસ્તગત કરી શકે તે એમણે બતાવ્યું.

તેઓ જગતના સર્વશ્રેષ્ઠ સાહિત્યસ્વામી હતા. તેમણે વેદોની સંકલના કરી; અને જગતનું જે પ્રાચીનતમ શબ્દબદ્ધ સાહિત્ય હતું તે માનવજાતિ માટે સાચવી રાખ્યું. તેમણે મહાભારતની 'શતસાહસ્રી સંહિતા' રચી. એ મહાકાવ્ય વિશાળ છે, સમૃદ્ધ છે, પ્રેરણાદાયી છે, 'કવિઓનો પરમ આધાર' (परं कवीनामाधारम्) છે. 'જે અહીં નથી તે બીજે ક્યાંય નથી,' (यन्नेहास्ति न तत्क्वचित्) એમ એને વિષે સકારણ ગર્વપૂર્વક કહેવામાં આવ્યું છે. 'તે મહાન અને ભારવાળું હોવાથી મહાભારત કહેવાય છે.' (महत्त्वाद् भारवत्त्वाच्च महाभारतमुच्यते). 'એમાં ચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદનો અર્થ સમાયો છે......પહેલાં દેવોએ એને તોળ્યું ત્યારે ચારે વેદથી એ અધિક થયું!' એ મહાકાવ્યમાં પાત્રરૂપે આવતાં સ્ત્રીઓ ને પુરુષોનાં હૃદયરૂપી કુરુક્ષેત્રમાં માનવસહજ વિકારો અને ધર્મના શાશ્વત આદર્શો વચ્ચે સનાતન સંગ્રામ ચાલી રહેલો જોવામાં આવે છે.

મહાભારત કેવળ વીરોનાં પરાક્રમોની કીર્તિકથા નથી. એ મહાજીવનનું મહાકાવ્ય છે. એ આર્યોની જીવનસંહિતા છે. ભારતીય સંસ્કૃતિને ઘડવામાં, ને તેમાં યુગે યુગે નવો પ્રાણ રેડવામાં, તેણે સંજીવનીનું કામ કર્યું છે; ને એની એ સર્જનશક્તિ અપૂર્વ ને અજોડ રહી છે. મહાભારતનાં પાત્રો — પુરુષો તેમજ સ્ત્રીઓ — ભારતવાસીઓની કલ્પનામાં સેંકડો વરસ સુધી વસી ને રમી રહ્યાં છે. ભારતની વિશિષ્ટ વિચારસરણી એનાં વચનોને આધારે ઘડાઈ ને પોષાઈ છે. એના શબ્દપ્રયોગો ને અલંકારો ભારતની સર્વ ભાષાઓમાં વણાઈ ગયા છે. જીવનની પ્રત્યેક અવસ્થાને, જીવનના પ્રત્યેક ક્ષેત્રને, સ્પર્શ કરે એવી વિપુલ સામગ્રી એમાં ભરેલી છે; તેનાં કથાનકો, તેના પ્રસંગો, તેના આદર્શો ને તેનું જ્ઞાન એવાં વાસ્તવિક ને આબેહૂબ છે કે કાળના અનેક સૈકા વહી ગયા છતાં એના ઔચિત્ય કે સૌન્દર્યમાં જરા પણ ક્ષતિ આવવા પામી નથી; એટલું જ નહીં પણ તેમણે પેઢીએ પેઢીએ પ્રત્યેક કલા, સાહિત્ય, વિચાર અને મતમાં પ્રેરણા ને પ્રાણ પૂરવાનું કામ અસ્ખલિતપણે કર્યું છે.

'વિશાલબુદ્ધિ' વ્યાસની આ વિરાટ સંહિતાને પ્રતાપે ભારતીય સંસ્કૃતિ આજ સુધી જીવતી રહી છે, ફૂલીફાલી છે, અને હજુ પણ જીવશે ને પાંગરશે.

ભગવાન વ્યાસ જીવનસ્વામી હતા; જીવનના પરમ કલાધર હતા; સર્વવ્યાપી, સર્વશક્તિમાન, સનાતન શબ્દના અવતારરૂપે તે જગતમાં વિચર્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા બે જીવનસ્વામીઓ, જે સેંકડો વરસથી ઈશ્વરી અવતારરૂપે પૂજાતા આવ્યા છે ને જેમનાં જીવન પૂર્ણપણે યોગયુક્ત હતાં, તે બુદ્ધ અને મહાવીર. એમની સર્જનકલા વ્યાસના જેવી જ ઢબે ને એ જ આદર્શો નજર સામે રાખીને ચાલે છે; માત્ર તેમણે કેટલીક જુદી વસ્તુઓ પર ભાર મૂક્યો છે ને જુદા શબ્દો વાપર્યા છે એટલું જ. તેમનાં આયુષ્યની અવધ જેને 'ઐતિહાસિક યુગ' કહી શકાય, એટલે કે જે સમયનો ઈતિહાસ એક યા બીજા રૂપમાં નોંધેલો મળે છે, તેમાં પડે છે; અને એ પરમ અર્હંતોના શિષ્યોને ચરણે જે માણસો બેઠેલા તેમણે જિનેન્દ્ર અને તથાગતની જીવનકલા શબ્દબદ્ધ કરી રાખી છે. આત્મશિલ્પના દરેક અભ્યાસીએ માનવમાત્રને આત્મોદ્ધારનો રસ્તો બતાવનાર આ બે જ્યોતિર્ધરોનાં જીવનનું અધ્યયન કરવું જ જોઈએ.

માનવજીવનમાં નૈતિક કાર્યકારણનો નિયમ સર્વોપરી ને અવિચળ છે, એ વસ્તુ આ વીતરાગ મહાપુરુષોએ સ્વીકારી હતી. રાગ, ભય અને દ્વેષરૂપી ત્રણ મૂલગત દોષો પર વિજય મેળવવામાં જ સાચી જીવનકલા સમાયેલી છે, એ સત્ય તેમણે સ્વીકાર્યું ને ઉપદેશ્યું હતું. યોગમાર્ગમાં જે મનોનિરોધ અને આત્મજય ગર્ભિતપણે રહેલાં છે તેને પણ તેમણે અપનાવ્યાં હતાં; અને માનવના વ્યક્તિત્વમાં આંતરબાહ્ય એકરાગ સ્થપાય, અર્થાત્ મન વચન કર્મની સંપૂર્ણ એકતા આવે, એને તેમણે આત્મશિલ્પનું અન્તિમ ધ્યેય માન્યું હતું.

બુદ્ધનું જીવન મૂર્તિમંત કરુણારૂપ હતું; મહાવીરનું મૂર્તિમંત અહિંસારૂપ.

પણ સંપૂર્ણ એકરાગ અથવા એકતાનતાવાળા અર્થાત્ 'યોગયુક્ત' જીવનનું સર્વોત્તમ પ્રગટ રૂપ કયું, એ વિષયમાં આ જીવનસ્વામીઓ વચ્ચે કેટલોક મતભેદ દેખાય છે. એકે એક લક્ષણ પર ભાર દીધો છે; બીજાઓએ બીજાં ઉપર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારના સર્વ સંબન્ધોમાં સ્નેહ, સ્વાર્પણ, સૌંદર્ય ને આત્મ-વિલોપનનું દર્શન કરાવવું એમાં શ્રીરામચન્દ્રે જીવનની પરમાવધિ જોઈ.

મનુષ્યના વ્યક્તિગત સ્વભાવને જગન્નિયંતા પરમેશ્વરના હાથમાં 'નિમિત્તરૂપ' બનવા દઈ, એની મારફતે ઈશ્વરેચ્છાને કામ કરવા દેવું, અને એ રીતે માનવના કર્મને અમોઘ ને અપ્રતિહત બનાવવું, એમાં શ્રીકૃષ્ણે જીવનનું પરમ સાફલ્ય માન્યું.

મનુષ્યસ્વભાવમાં રહેલા મૂલગત દોષો પર વિજય મેળવી, અર્થાત્ 'વીતરાગભયક્રોધ' બની, સમાધિ — અર્થાત્ સર્જનશીલ એકાગ્રતા — સિદ્ધ કરવી, એને વ્યાસે જીવનનો પરમ પુરુષાર્થ ગણ્યો.

માનવસ્વભાવનું પરિવર્તન કરી તેને '**आत्मनो हिताय जगतः सुखाय च**' નિરંતર પ્રયત્નશીલ બનાવવામાં બુદ્ધને પુરુષાર્થની પરિસીમા દેખાઈ.

કોઈ પણ જીવને લવલેશ ઇજા ન કરવા જેટલું અહિંસાનું બળ કેળવી વીતરાગ થવામાં મહાવીરે પરમ ગુણોત્કર્ષ જોયો.

આ દષ્ટાન્તો તપાસીને જોઈએ, તો એ દરેકમાં આત્મ-શિલ્પની કલાનાં ત્રણ અંગો દેખાશે — પહેલું: જીવનશક્તિને એક સક્રિય વિચારની દોરવણી તળે આણી તેને છિન્નભિન્ન થઈ વેરાઈ જતી અટકાવવી; બીજું: લોભ રાગ ભય અને દ્વેષ પર વિજય મેળવીને, તથા દુઃખના સર્વથા અભાવવાળી મનની વિશાળ શાન્તિ પ્રાપ્ત કરીને, વ્યક્તિત્વ એકતાનતાવાળું અર્થાત્ યોગયુક્ત બનાવવું; ત્રીજું: પરમાત્મા સાથે તદાકાર થઈને સ્પંદન કરનારા પૂર્ણત્વમાં પોતાના વ્યક્તિત્વને લીન કરી દેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

અર્વાચીન જીવનસ્વામીઓ

સર્જનશીલ જીવનની આ સર્વોત્તમ કલા ભારતવર્ષમાં એક દૂરવર્તી કલ્પનારૂપે રહી નહોતી. ભારતના ઋષિઓ, તપસ્વીઓ ને સાધુસંતો, કવિઓ ને પરિવ્રાજક ગાયકોએ તેનાં સર્વ અંગોને પ્રત્યક્ષ આચરણમાં ઉતારી બતાવ્યાં હતાં. ધર્મ અને તત્ત્વજ્ઞાન, તેમજ સાહિત્ય, લોકગીતો, તથા રાજાઓની આજ્ઞાઓ વાટે એ કલાનો ઉપદેશ કરવામાં આવ્યો હતો. રાજદરબારો, વિદ્યાપીઠો, દેવાલયો તથા વિદ્વત્પરિષદોમાં અને કાવ્યરસિકો તેમજ નિરક્ષરોમાં, શહેરોમાં તેમજ ગામડાંમાં સર્વત્ર જુદે જુદે નામે, આત્મશિલ્પની આ કલાને જીવનના પરમ પુરુષાર્થરૂપે સ્વીકારવામાં આવી હતી. પ્રજાની આખી જીવન-દૃષ્ટિ એના પ્રભાવથી અંકિત થઈ હતી; છેવટે એમાંથી ભારતીય સંસ્કૃતિનો આકાર ઘડાયો, ને એ સંસ્કૃતિ આ કલાનાં શિક્ષણ તથા પ્રચાર માટેની સુવ્યવસ્થિત સંસ્થારૂપ બની ગઈ. આજે જેવો ‘પશ્ચિમવાદ’ છે તેવી પ્રાચીન ભારતમાં ચાર્વાકોની જડવાદી ફિલસૂફી હતી; પણ દેશના વિચારશીલ માણસોના મનમાં એને વિષે તિરસ્કાર ને અરુચિ હતાં. — છેવટે, જ્યારે પશ્ચિમની પ્રજાએ આ દેશમાં પગરણ માંડ્યાં, ત્યારે ચાર્વાકમતને પ્રતિષ્ઠા મળી; એ મત ‘સુધારા’ને રૂપાળે નામે ઓળખાવા લાગ્યો; અને એ મત પ્રમાણેનું આચરણ લોકોને રુચિકર થઈ પડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાજ્ઞવલ્કયથી માંડીને સ્વામીનારાયણ સુધીના જે જ્યોતિર્ધરોએ જીવનની આ સર્જનકલાની પ્રણાલિકા જીવતી રાખી તેમને વિષે અહીં કશું કહેવાની જરૂર નથી. પણ આત્મશિલ્પની આ કલાનું જે પ્રથમ પાઠ્ય પુસ્તક ભગવદ્‌ગીતા, તેનો પ્રભાવ તો સદીએ સદીએ જોઈ શકાય છે — પાછળથી થયેલા ઉમેરામાં; મહાભારત, પુરાણો, રામાયણ, ભાગવત, રામચરિતમાનસ, તુકારામના અભંગો, અને ગ્રંથસાહેબમાં. ભારતનાં અનેકાનેક ગ્રન્થો, કાવ્યો, લોકગીતો, શબ્દો, રૂઢિપ્રયોગો ને કહેવતોમાં પણ ગીતાના ઉપદેશો વણાઈ ગયા છે.

ગયાં સો વરસમાં પશ્ચિમવાદની અસર પ્રજાના માનસ ઉપર પડી છે ખરી; છતાં દેશમાં આત્મશિલ્પની આ કલાનું અનુશીલન ઘણા પ્રમાણમાં ચાલી રહ્યું છે, અને તેણે પાંચ એવા મહાપુરુષો પેદા કર્યા છે જેમણે આપણી સંસ્કૃતિમાં નવો પ્રાણ રેડ્યો છે ને નવી પ્રણાલિકાનો પ્રવાહ વહેવડાવ્યો છે.

આ અર્વાચીન જ્યોતિર્ધરોનાં કાર્યો ને વચનો વિષે વિસ્તારથી કંઈ કહેવાનો આજે પ્રસંગ નથી. માત્ર એમણે જીવનની આ કલાને આચરણમાં કેવી રીતે ઉતારી એટલું જ હું અહીં બતાવવા માગું છું.

આ અર્વાચીન જ્યોતિર્ધરોમાં, કાલક્રમની દૃષ્ટિએ, સ્વામી દયાનંદ સરસ્વતી સૌથી પહેલા આવે છે.

તેમનામાં કશી આસક્તિ નહોતી; તેમને પોતાના અંગત ખાનગી જીવન જેવું કંઈ નહોતું; તેમના મનમાં ભયને લવલેશ સ્થાન ન હતું. વિષ, વિષધર, અને ખૂનીનો છરો એ સહુને તેમણે નીડરતાથી સામે આવવા દીધાં હતાં. ગાળ, નિન્દા અને હિંસાનો તેમણે સામનો કર્યો હતો — અખૂટ ધીરજ અને નિષ્કલંક જીવન વડે; અને પોતાના કાર્યને જીવન સર્વાંશે સમર્પણ કરીને એના એકાગ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળ વડે નિંદકોને નિરુત્તર બનાવ્યા હતા. તેમના મનમાં દ્વેષ કે ઝેરવેર નહોતાં. પણ તેમનો અગ્નિશિખા સમો પુણ્યપ્રકોપ જ્વાળામુખીના લાવારસ જેવો દાહક હતો; અને અસત્યો તેમજ ભારતના આત્માને રૂંધનારી બીજી વસ્તુઓ એ ક્રોપાગ્નિમાં બળીને ભસ્મ થઈ જતી.

સ્વામીજીની અદ્‌ભુત શક્તિઓનો ઉપયોગ એક જ કાર્યની સિદ્ધિ અર્થે થયો. એ કાર્ય તે ભારતીય સંસ્કૃતિમાં વેદકાલીન આર્યત્વનાં અસલી જોમ અને પરાક્રમ ફરી સજીવન કરવાનું. સ્વામીજીની વિદ્વત્તા અસાધારણ હતી. મેઘગર્જના જેવું વાક્‌પાટવ સરસ્વતીએ તેમની જિહ્વાગ્રે મૂક્યું હતું. તેમણે અવિરત અવિશ્રાન્ત કાર્ય કર્યું; હિંદભરમાં પ્રવાસો ખેડ્યા; ને જ્યાં ગયા ત્યાં અતુલ સર્જનશક્તિનો સંચાર કર્યો; શરીર, મન અને આત્મા ત્રણેમાં તેઓ પ્રચંડ માનવા વિદ્યુદ્‌-યન્ત્રરૂપ હતા. જે અર્વાચીન મહાપુરુષોએ આપણી સંસ્કૃતિનાં સનાતન આદર્શો ને ભાવનાઓ અનુસાર પોતાનું જીવન ઘડ્યું ને બીજાઓને તેમ કરવાનો બોધ આપ્યો તેમાં દયાનંદ સૌથી પહેલા હતા. સંસ્કૃતિની નવરચનાનો પ્રથમ કાર્યક્રમ તેમણે આપણને આપ્યો — એમાંનો ઘણો ભાગ હવે આજના રાષ્ટ્રવાદી કાર્યક્રમમાં સમાવી લેવાયો છે. એ કાર્યક્રમ તે અસ્પૃશ્યતાનિવારણ; સ્ત્રીઓની સમાનતા; મૂળ ભારતીય એવી કેળવણી સાથે જોડેલું, ભૌતિક વિજ્ઞાનનું, ઊંચામાં ઊંચું શિક્ષણ; રાષ્ટ્રભાષાનો ઉપયોગ, અને સંસ્કૃતની રાષ્ટ્ર પર પ્રભાવ પાડવાની ભારે શક્તિ જોઈ તેના અધ્યયન પ્રત્યે સવિશેષ ધ્યાન; 'પશ્ચિમવાદ' અથવા પશ્ચિમી દૃષ્ટિસ્વરૂપનો ત્યાગ; વેદકાળના જેવું, સ્વતંત્રતાના ધોરણ પર રચાયેલું, જીવન ફરી પાછું આ દેશમાં રચવાનો પ્રયાસ; અને પરદેશી અમલ તથા વિજાતીય સંસ્કૃતિ સામે પ્રબળ પ્રતિકાર. મૅડમ બ્લેવેટ્સ્કીએ કહેલું કે શંકરાચાર્યની પછી સ્વામી દયાનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા વિદ્વાન, તત્ત્વચિન્તક, વક્તા, ને બૂરાઈના વિરોધી બીજા કોઈ થયા નથી.

જીવનની સર્જનાત્મક કલાના — આત્મશિલ્પના — પ્રતિનિધિ તરીકે અર્વાચીન સમયમાં તેમનું સ્થાન સર્વશ્રેષ્ઠ છે; તેમના વિરાટ આત્મા દ્વારા, પ્રચંડ સર્જનશક્તિવાળું એક બળ આ દેશમાં કામ કરી ગયું છે.

બીજા એક જ્યોતિર્ધર દયાનંદના સમકાલીન હતા. તેમણે પોતાની જીવનકલાનો વિસ્તાર સાવ જુદા જ સંજોગોમાં કર્યો. રામકૃષ્ણ બંગાળના કોક ખૂણામાં આવેલા એક નાનકડા ગામના નિરક્ષર બ્રાહ્મણ હતા; અને તેમણે ગંગાતટે દક્ષિણેશ્વરના કાલિમંદિરમાં પૂજારીના મદદનીશ તરીકે જીવન વ્યતીત કર્યું.

આપણે પાછળ જોઈ ગયા તેમ, ભારતીય સંસ્કૃતિનો ધ્યાનમંત્ર એક તો હતો: જડ ભૌતિક તત્ત્વ કરતાં આત્માની શ્રેષ્ઠતા; અને બીજો હતો: જીવનમાં આંતરબાહ્ય એકરાગ સ્થાપનારી જીવનકલા. પણ આપણે અત્યારે જે સમયની વાત કરીએ છીએ તે સમયે આ સંસ્કૃતિનો આંક આ દેશના લોકોની નજરમાં ઊતરી ગયો હતો. સુશિક્ષિત ભદ્રલોકો પર પશ્ચિમવાદે એવી મોહની ફેલાવી હતી કે તેઓ એ વાદને સર્વાંશે અધીન થઈ ગયા હતા. તેમણે પશ્ચિમ પાસેથી શુષ્ક બુદ્ધિવાદ ઉછીનો લઈ અપનાવ્યો હતો. તેને આધારે સંશયવાદને — અશ્રદ્ધાને નવા ધર્મનું પ્રતિષ્ઠિત પદ આપવામાં આવ્યું હતું. પ્રાચીન કાળમાં યોગેશ્વરે સર્જનશીલ જીવનશક્તિ ખીલવવાની જે સર્વોત્તમ કલા સિદ્ધ કરી હતી ને જેનો ઉપદેશ તેમણે ઇતર જનોને આપ્યો હતો તે જીવનકલા વિષે આ નવા ભણેલાઓમાં, આ નવા સંશયવાદને પ્રતાપે, લવલેશ શ્રદ્ધા રહેવા પામી નહોતી.

પણ જે જીવનકલા શ્રીકૃષ્ણ અને વ્યાસે સિદ્ધ કરી હતી તે આ નિરક્ષર યુવકે હસ્તગત કરી. તેઓ ગીતાનો સાર એક શબ્દમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ગીતા' શબ્દને ઉલટાવીને આપતા : તાગી. 'તજો — તજીને ભોગવો : तेन त्यक्तेन भुञ्जीथाः' એ ઉપનિષદ-મન્ત્રનો ધ્વનિ તેમના આખા જીવનમાંથી ગુંજી ઊઠતો હતો. મન્દિરના પ્રાંગણમાં આવેલી તેમની સાદી, સગવડ વિનાની ઓરડીમાં બેઠાં બેઠાં તેમણે હિંસા ને અસત્ય, સ્તેયવૃત્તિ ને કામવૃત્તિ, તેમજ પરિગ્રહવૃત્તિ પર વિજય મેળવ્યો. માણસના અંતરમાં જડાયેલા મૂલગત દોષો — લોભ, રાગ, ભય અને દ્વેષ — તેમના મનમાંથી ખરી પડયા. તેઓ ઈશ્વરમાં વાસ કરતા હતા. ઈશ્વર એમનામાં વાસ કરતો હતો. તેમણે જીવભાવના — અહંતા મમતાના — અંતરાયો તોડી નાંખ્યા હતા; સમાધિદશામાં તેમને એ સર્વેશ્વરનો સાક્ષાત્કાર થતો જે ભૂતમાત્રમાં વસે છે ને જેનામાં ભૂતમાત્ર વસે છે. પ્રાણીમાત્ર એમને મન પરમેશ્વરનાં સ્વરૂપ હતાં અને એ સર્વની પ્રત્યે તેમના મનમાં અનુરાગ હતો.

તેઓ ઘણીવાર સમાધિમાં ઊતરી જતા, ને તેમને કાલિ તથા શ્રીકૃષ્ણનું દર્શન થતું. કેટલીક વખત તેમણે ધર્મનિષ્ઠ મુસ્લીમ તરીકે સાધના કરેલી, ને ત્યારે તેમને પેગંબર સાહેબનું દર્શન થતું. તેમણે ખ્રિસ્તી ધર્મની સાધના કરી, ત્યારે તેમને ઈસુ ખ્રિસ્તનું દર્શન થતું. આ જીવનકલાની સાધના કરતાં તેમણે જોઈ લીધું કે જગતના સર્વ જ્યોતિર્ધરો ભલે જુદી જુદી જાતિના ને જુદા જુદા દેશના હોય, પણ તેમણે સહુએ અનુશીલન તો એક જ કલાનું કર્યું છે, એ સિવાય બીજી એકેનું નહીં.

આ કલાકારે જે કંઈ પરિણામો મેળવ્યા તેમાં તેમણે પોતાના જીવન વાટે કામ કરી રહેલી સર્જનશક્તિનો જ ઉપયોગ કર્યો. તેમનું મન શિષ્યોની ઝંખના કરવા લાગ્યું, ત્યાં શિષ્યો આવી ચડયા. પોતાને જડેલું સત્ય જગતને શીખવાય એવી આતુરતા તેમને થઈ આવી; અને ખરેખર એ સત્યનો ઉપદેશ જગતને થવા પામ્યો. જે જીવનકલાની ઉપાસના ભારતવર્ષે કરી હતી તેને સાચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધ કરવાની તેમની ઇચ્છા હતી; અને એ તેમણે ભારતવર્ષની જ નહીં પણ જગત આખાની નજર આગળ સાચી સિદ્ધ કરી બતાવી.

સ્વામી વિવેકાનંદ અને રામકૃષ્ણ મિશન, તથા શ્રીઅરવિન્દ અને તેમના ઉપદેશ એ તો રામકૃષ્ણે મૂકેલો ખાસ વારસો કહી શકાય. પણ તેમણે ભારતને તેમજ જગતને ધર્મશ્રદ્ધાનો વારસો તો એ આપ્યો કે તેમણે સનાતન ધર્મની સત્યતા સપ્રયોગ સિદ્ધ કરી બતાવી; અને પશ્ચિમવાદના પડછામાંથી અંધારે ઘેરાયેલી દુનિયાને નવો જીવનસંદેશ આપ્યો. અર્વાચીન મહાપુરુષોમાં સૌથી અધિક અંશે તેમણે ઈશ્વરને ફરી શોધ્યો; ઈશ્વરમાં વાસ કરી તેનામાં જ નિરંતર રમમાણ રહ્યા; અને મનુષ્યની સૌથી અધિક મૂલ્યવાન સંપત્તિરૂપે ઈશ્વર આપણને પાછો સોંપ્યો.

શ્રીરામકૃષ્ણના પટ્ટશિષ્ય સ્વામી વિવેકાનંદ તે આ પછીના જ્યોતિર્ધર. તેઓ અર્વાચીન વિદ્યાપીઠમાં કૉલેજના વિદ્યાર્થી હતા, ને તેમની આસપાસ પશ્ચિમી સંસ્કારોનું જ વાતાવરણ હતું. પણ તેઓ શ્રીરામકૃષ્ણના સમાગમમાં આવ્યા, ને એ ગુરુએ તેમનો જીવનની આ સર્વોત્તમ કક્ષામાં પ્રવેશ કરાવ્યો. આગળ જતાં વિવેકાનંદ સંન્યાસી થયા; અને ગુરુના સ્વર્ગવાસ પછી, તેમણે ભારતીય સંસ્કૃતિનો સંદેશો આખી માનવજાતિ સમક્ષ રજૂ કરી એ પ્રચારકાર્યને પોતાનું શેષ જીવન સમર્પણ કર્યું.

૧૮૯૩માં અમેરિકાના શિકાગો શહેરમાં, કોલંબસના વિશાળ સભાગૃહમાં જગતના ધર્મોની ભવ્ય મહાસભા ભરાઈ હતી. ત્યાં પશ્ચિમી ધર્મોના મોટામાં મોટા ધર્માચાર્યો બેઠા હતા — એમની પાસે ધન અને વૈભવ હતાં, અને તેમની પ્રજાની પ્રતિષ્ઠાનું બળ તેમની પાછળ હતું. પુરુષો ને સ્ત્રીઓ ત્યાં સાંભળવા મળ્યાં હતાં આ ધર્મધુરંધરોને — જેમને મન હિંદ એ એક અંધારો, અણસુધરેલો ખંડ હતો, જ્યાં બ્રિટન ‘સુધારો’ ફેલાવી રહ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગત આખામાંથી આવેલી આ મેદનીમાં એક અજાણ્યો જુવાન બેઠો હતો : અકિંચન ને અજ્ઞાત; એની પાસે લોકસંમત આચાર્યપદનો ઝળહળાટ નહોતો; તેનાં ગેરુઆં વસ્ત્ર જોઈ શ્રોતાઓનાં મુખ પર ઉપહાસભર્યા સ્મિતની રેખા ફરકી ગઈ; જાહેર ભાષણો કરવાનો એને મહાવરો નહોતો. એની પાસે એક જ બળ હતું : ગુરુનો વારસો; એની પાસે એક જ પ્રેરણા હતી : ભારતીય સંસ્કૃતિના સંદેશની.

આ અજ્ઞાત યુવક બોલવા ઊભો થયો : તેને સભાએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધો નહીં. પણ એના અંતરમાં શ્રદ્ધા હતી કે હું તો અહીં ઈશ્વરનું 'નિમિત્તમાત્ર' છું. એણે ભાષણ કર્યું ભારતના સનાતન સર્વદેશી સંદેશ વિષે — શ્રીકૃષ્ણ, વ્યાસ અને બુદ્ધની સર્વોત્તમ જીવનકલા વિષે : 'મનુષ્યે બ્રહ્મનો સાક્ષાત્કાર કરી બ્રહ્મ બનવું રહ્યું છે.' જગતમાં જે ધર્માંધતા ચાલે છે, તલવાર કે કલમ વડે જે જુલમ ચાલે છે, તેનો મૃત્યુઘંટ એને વગાડવો હતો. વેદધર્મની આત્મદર્શનની ભાવના અને બૌદ્ધધર્મની માનવસેવાની ભાવનાનું એકીકરણ થાય; અને જે ભાવના ધર્મમાત્રના અન્તઃસ્તલમાં સ્ફુરી રહી છે તેનો સાક્ષાત્કાર કરવામાં આવે; એવી ભલામણ એણે આ પરિષદ આગળ કરી.

બીજી પળે આ વિશાળ સભા એને ચરણે ઝૂકી રહી. એક અગ્રેસર અમેરિકન અખબારે બીજે દિવસે લખ્યું તેમ, આ જુવાન 'એ સર્વધર્મપરિષદની મહાનમાં મહાન વ્યક્તિ બની ગયો.'

અમેરિકાના લોકો આ નવજુવાન પર ફિદા થઈ ગયા, ને તેમને અમેરિકામાં જ રહી જવા વીનવવા લાગ્યા. પણ એમનું હૃદય તો હિંદમાં હતું. તે બોલી ઊઠ્યા : 'હે મા ! મારી માતૃભૂમિ જ્યાં દારિદ્ર્યમાં ડૂબેલી છે ત્યાં મને નામના ને કીર્તિની શી પરવા હોય ?'

એમણે પશ્ચિમી ઢબની કેળવણી લીધી હતી. જે સર્વોચ્ચ કલ્પનાની આસપાસ ભારતીય સંસ્કૃતિ ફૂદડી ફરી રહી છે તે કલ્પના-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની — આત્મસાક્ષાત્કારની — સાક્ષાત્ મૂર્તિરૂપ જે મહાન ગુરુ અર્વાચીન સમયમાં થઈ ગયા તેમનાં ચરણ આ જુવાને સેવ્યાં હતાં. એ ગુરુ પાસેથી તેમણે આત્મશિલ્પના કલાના પાઠ લીધા હતા. એ કલા હસ્તગત કરી તેમણે એનું વિવરણ પશ્ચિમના લોકો આગળ કરી બતાવ્યું. અને યુરોપ અમેરિકાના ઉત્તમ અંશો જોયા પછી તેમણે ભારતને તેની પોતાની સંસ્કૃતિ પાછી આપી — નવા કલેવર ને નવા પ્રાણવાળી.

અમૂર્ત વિચારોના ક્ષેત્રમાં સફર કરીને સંતોષ પામે એવા તેઓ નહોતા. આર્ય સંસ્કૃતિનો આત્મા પ્રજાના રોજરોજના જીવનમાં પ્રવેશીને વ્યાપી જાય એવી એમની ઇચ્છા હતી. એમને દેવદેવીઓની કલ્પિત કથાઓનું કામ નહોતું; અટપટી યોગપ્રક્રિયાઓમાં રચ્યાપચ્યા રહેનાર સંપ્રદાય સ્થાપવો નહોતો. યોગની પ્રક્રિયાઓનો ઉપયોગ વહેવારુ માનસશાસ્ત્રમાં થાય એવી તેમની તો ઇચ્છા હતી.

તેમણે કહ્યું : 'આપણે, પ્રજા તરીકે, આપણું વ્યક્તિત્વ ગુમાવી બેઠા છીએ; અને હિંદની ઘણી ઉપાધિનું મૂળ કારણ એ છે. આપણે પ્રજાને તેનું ખોવાયેલું વ્યક્તિત્વ પાછું આપવાનું છે, અને જનસમૂહને ઊંચે લાવવાનો છે.' નવા પ્રગટેલા ભારતના રાષ્ટ્રવાદમાં એમને તો નવો અવતાર પામેલી ભારતીય સંસ્કૃતિના જ અર્વાચીન રૂપનું દર્શન થતું હતું.

તેઓ હવે કેવળ 'યોગી' રહ્યા નહોતા. પોતે જે જીવનકલાનો ઉપદેશ ને પ્રચાર કરી રહ્યા હતા તેનું અન્તિમ સાફલ્ય તો સમાજસેવા ને લોકોન્નતિના કાર્યમાં જ છે, એ દર્શન તેમને થઈ ચૂક્યું હતું. અને છેવટે તેઓ ઈશ્વરનું 'નિમિત્તમાત્ર' બના ગયા. તેમણે કહ્યું : 'મેં જ્યારથી ઈશ્વરનો સાદ સાંભળ્યો છે ત્યારથી મેં યોજનાઓ ઘડવી છોડી દીધી છે. જગન્માતાની જેવી ઇચ્છા હશે તે પ્રમાણે કામ ચાલ્યા કરશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

બે જીવન્ત જ્યોતિર્ધરો

શ્રીઅરવિન્દ અને મહાત્મા ગાંધી વિષે હું ઝાઝું બોલવા માગતો નથી. એમાંના પહેલા મહાપુરુષે મને જુવાનીમાં દૂરથી પ્રેરણા આપી હતી; બીજા મને અત્યારે નજીકથી પ્રેરણા આપી રહ્યા છે.* તેમના ઉપદેશો તેમજ તેમનાં કાર્યો વિષે હું કંઈ નહીં કહું. આ બંને જ્યોતિર્ધરો આર્ય સંસ્કૃતિના સર્વોત્તમ જીવન્ત પરિપાકરૂપ છે; અને બંને, પોતપોતાની ઢબે, એ સંસ્કૃતિની અર્વાચીન નવરચનાના સ્થપતિ બનેલા છે.

શ્રીઅરવિન્દ જીવનકલાના મહાન પારંગત છે. તેઓ રાગ ભય ક્રોધ આદિ આન્તર રિપુઓ પર વિજય મેળવી ઈશ્વરેચ્છાના વાહનરૂપ બન્યા છે — તેઓ પરમ જ્ઞાની ને દીર્ઘદર્શી છે. ગાંધીજીએ પણ આન્તર રિપુઓ પર લગામ મૂકી છે, અને ઈશ્વરના સાધનરૂપે કામ કરી રહ્યા છે — સર્જક ને ઉદ્ધારક એવા સાધનરૂપે.

શ્રીઅરવિન્દ શ્રીરામકૃષ્ણ અને વિવેકાનન્દને પગલે ચાલનારા યોગી છે — યોગની આ સર્વોચ્ચ કલાના તેઓ પારંગત છે; મહાન અને જીવન્ત. ગાંધીજી, દયાનંદની નજીક હોઈ, કર્મયોગી — 'કુશળ કર્મના નિષ્ણાત' છે; વસ્તુતઃ જગતમાં સર્વ કાળે થઈ ગયેલા શ્રેષ્ઠ કર્મયોગીઓમાંના તેઓ એક છે. આ બંને મહાપુરુષો નૈતિક વિશ્વ-

* આ વ્યાખ્યાનો ૧૯૪૬માં, ગાંધીજીની હયાતી દરમ્યાન, અપાયાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યવસ્થાના મોટામાં મોટા જીવતા વિવેચકો છે; બંને પશ્ચિમવાદના તિમિરને હઠાવવા મથી રહેલી પ્રચંડ શક્તિઓ છે. આજે જો કોઈને આત્મશિલ્પની આ કલાનો અભ્યાસ કરવો હોય, તો તેને માટે સારામાં સારો રસ્તો એ છે કે આ બે જ્યોતિર્ધરો પુરુષાર્થો, પ્રયત્નો, ને આત્મનિયમનની જે સાધના કરીને પૂર્ણત્વ તરફ આગળ વધી રહ્યા છે તે સાધનાનું અવલોકન કરવું ને તેનો અભ્યાસ કરવો.

શ્રીઅરવિન્દના ગ્રન્થોમાં નવરચના પામેલી ભારતીય સંસ્કૃતિનું સૌથી વિશેષ સર્વગ્રાહી વિહંગાવલોકન આપેલું છે. સનાતન ધર્મનું રૂપાન્તર કરી તેમાંથી સક્રિય, સમર્થ ને વેગવાન હિંદી રાષ્ટ્રવાદ પેદા કરવાના જે પ્રયાસો વિવેકાનન્દે કર્યા હતા તેને શ્રીઅરવિન્દે ચાલુ રાખી આગળ વધાર્યા. કલા અને સાહિત્યને, ધર્મ અને તત્ત્વ-ચિન્તનને, જીવનકલા અને ભારતીય સંસ્કૃતિને તેમણે નવું જોમ ને નવી દૃષ્ટિ આપ્યાં છે.

આ બંને જ્યોતિર્ધરો જે કલ્પનાના મૂર્તિમંત અવતાર છે તે ભારતીય સંસ્કૃતિની કેન્દ્રવર્તી કલ્પના છે — માનવ-વ્યક્તિત્વની સંપૂર્ણ એકતાનતા સાધવાની; જીવનમાં 'પરમ યોગ' સિદ્ધ કરવાની.

સંસ્કૃતના અભ્યાસ પાછળ ખ્યાલ એ છે કે આ જે સર્વોચ્ચ કલ્પના છે તેને વાણીમાં પ્રગટ કરવાનું સંપૂર્ણ સાધન શોધી કાઢવું; અને આ બંને મહાનુભવોએ સંસ્કૃતનો અભ્યાસ કર્યો છે.

ચાતુર્વર્ણ્યની વ્યવસ્થા પાછળ ખ્યાલ એ છે કે જન્મને આધારે નહીં પણ સ્વભાવ અને નિયત કર્મોને આધારે રચાયેલા સામાજિક વર્ગોનો કાયમી સમન્વય શોધી કાઢવો — એટલા માટે કે જેમના જીવનમાં એ સર્વોચ્ચ કલ્પના મૂર્તિમંત થઈ હોય કે જેઓ એની સિદ્ધિના પ્રયાસમાં રચ્યાપચ્યા હોય તે જ સમાજના શિક્ષક ને માણસોના માર્ગદર્શક બને. આ બે મહાપુરુષોએ ચાતુર્વર્ણ્યની આ કલ્પના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્વાચીન યુગને અનુકૂળ બને એવી રીતે એને નવું રૂપ આપ્યું છે ને નવી દિશાએ વાળી છે.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રત. એની પાછળનો ખ્યાલ એ છે કે નૈતિક વિશ્વવ્યવસ્થાને કાર્યકારણના અટળ નિયમના અવિચળ આધાર ઉપર મૂકવી. એ મહાનિયમનું આ બે જ્યોતિર્ધરોએ સમર્થન કર્યું છે.

એમના પ્રયાસોની પાછળ પડેલો છે યોગ. એ ક્રિયાને ભલે અમે તે નામે ઓળખો, એના વડે મનુષ્યનું વ્યક્તિત્વ સંપૂર્ણ ને કાયમની એકતાનતા — અથવા એકરાગ — પ્રાપ્ત કરી શકે છે, અને માણસ રાગ ભય અને દ્વેષ પર વિજય મેળવે છે. આ એકતાનતા એ તર્કથી સમજાય એવી વસ્તુ નથી; તેમજ જે ગર્વિષ્ઠ અજ્ઞાનને પશ્ચિમવાદે 'બુદ્ધિ'નું નામ આપી ઊંચે આસને બેસાડ્યું છે તેનું પણ એ સમજવાનું ગજું નથી. આ મહાપુરુષોને મન એ એકતાનતા શ્રદ્ધાનો, તથા શ્રદ્ધાજનિત અનુભવનો, વિષય હતી. એમનામાં એ એકતાનતા આવી, કેમકે તેમણે ઈશ્વરની શરણાગતિ સાધી; અને પોતાનાં જીવનની દોર ઈશ્વરના હાથમાં સોંપી તેનાં સાધનરૂપે જ જીવ્યા ને હર્યાફર્યા. માનવ-વ્યક્તિત્વની સંપૂર્ણ એકતાનતા એ એમના જીવનનું અન્તિમ ધ્યેય છે.

ભારતીય સંસ્કૃતિ હજુ જીવતીજાગતી છે એનું કારણ એ છે કે સર્વ યુગોમાં ભારતના આવા મહાપુરુષોએ આ સર્વોચ્ચ કલ્પના અનુસાર પોતાનું જીવન ઘડ્યું છે, જીવનના આ પુરુષાર્થની સિદ્ધિ માટે પ્રયાસો કર્યાં છે. તેમણે એ રીતે પોતાનાં જીવન રચ્યાં છે માટે જ તેઓ ખરેખરા મહાન બનવા પામ્યા છે.

ગાંધીજી આજે મહાન હિંદી રાષ્ટ્રના વિશ્વકર્મા — રચપતિ છે. તેઓ એકલા જ કહી શકે એમ છે: 'હિંદ, રાષ્ટ્ર — હું એ રાષ્ટ્ર છું.' એમ હોવાનું શું કારણ? કારણ એ કે એમનાં વચનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને કાર્યો કરોડો હિંદીઓના હૃદયમાં એમના પ્રત્યે નિષ્ઠા ઉત્પન્ન કરે છે. આ શક્તિનો મૂળ ઝરો એ છે કે હિંદીઓના સામુદાયિક હૃદયનાં ઊંડાણ પર જેવું પ્રભુત્વ એમણે પ્રાપ્ત કર્યું છે તેવું ઘણા ઓછા હિંદીઓએ એમના પહેલાં મેળવ્યું હશે.

આ શક્તિનું રહસ્ય શામાં છે એ જો પૃથક્કરણ કરીને જોઈએ, તો એમ જણાશે કે એ શક્તિનું કારણ કેવળ રાજકાજની કુનેહ કે બુદ્ધિનું કૌશલ નથી. આ બંને પ્રકારની આવડતમાં ગાંધીજીને ભલે ટપી ન જાય તોયે તેમની તોલે આવે એવા કેટલાક માણસો તો હિંદમાં છે. પણ એ શક્તિની ચાવી તો પડેલી છે સર્જનાત્મક જીવનશક્તિ પ્રાપ્ત કરવાની કલામાં — જે કલામાં ગાંધીજી પારગામી છે, પારદ્રષ્ટા છે, નિષ્ણાતોના પણ નિષ્ણાત છે. એ શક્તિની ચાવી છે એમનાં જીવન તથા દષ્ટિમાં, જેને એમણે અવિરત પ્રયત્નો વડે રગેરગે ભારતીય બનાવ્યાં છે; એ ચાવી છે એમના ઊંચા ને અવિરત નૈતિક પ્રયાસમાં, જ્યાં તેઓ ગીતા ને રામાયણથી સુવાસિત થયેલું પવિત્ર વાતાવરણ પોતાની આસપાસ નિરંતર ટકાવે છે; એ ચાવી છે સનાતન વિશ્વનિયમ અનુસાર જીવવાના તેમના આજીવન પ્રયાસમાં, જેનાથી તેમના વ્યક્તિત્વમાં યોગસિદ્ધિ અર્થાત્ એકતાનતા આવી છે તે ઈશ્વરપ્રણિધાનની — શરણાગતિની ભાવનામાં.

સૂર્યની પેઠે તેઓ પહેલાં તો ભારતીય સંસ્કૃતિનો અદૃશ્ય ભેજ ચૂસી લઈ આત્મસાત્ કરે છે; અને પછી એ ભેજને તાજો ને સ્ફૂર્તિદાયક બનાવી આપણને ધૂમસ ને વૃષ્ટિરૂપે પાછો આપે છે. આ જે વસ્તુ તેઓ ચૂસી લઈને પાછી આપે છે, અને જે વસ્તુ આપણામાં તેમજ ભૂતકાળના હિંદી મહાપુરુષોમાં સમાન તત્ત્વરૂપે છે, તે છે ભારતીય સંસ્કૃતિનાં સર્વદેશી ને ચિરસ્થાયી મૂલ્યો — તેનાં આદર્શો ને ભાવનાઓ. એ મૂલ્યો તે આપણી અને ગાંધીજી વચ્ચેનું, તેમજ સમગ્ર ભૂતકાળના તથા ભાવિના હિંદીઓ વચ્ચેનું સમાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્ત્વ છે. ગાંધીજી ને આપણી વચ્ચે આ જે ગ્રંથી છે તેને લીધે ભારતનું રાષ્ટ્રત્વ સંગીન અને સબળ બનવા પામ્યું છે.

આ જ્યોતિર્ધરોએ આ જે કલાની ઉપાસના કરી છે અને એ કલાએ જે જીવનપથ બતાવ્યો છે તે સનાતન છે; કેમકે તે કોઈ એક દેશ, પ્રાંત કે યુગનો નથી, પણ નિત્ય, સનાતન, અવિચળ ને અનિવાર્ય છે. એ માર્ગમાં જાતિ કે દેશના ભેદ નથા. તેની રચના મનુષ્યસ્વભાવમાં ધરમૂળથી રહેલી કોઈ વસ્તુ પર થયેલી છે. એ 'ધર્મ' છે, કેમકે તે સમગ્ર જીવનનું ધારણ કરે છે — વ્યક્તિગત તેમજ સામાજિક ઉભય પ્રકારના જીવનનું. એ આર્ય સંસ્કૃતિ છે. કેમ ?

પહેલું કારણ એ કે આખી માનવજાતિમાં એકલા આર્યોએ જ એને શોધી, એને અમુક ઘાટ આપી એમાં અમુક અર્થનું આરોપણ કર્યું, અને એને અમર અવિનાશી શક્તિના સંદેશરૂપે મૂકી ગયા;

બીજું કારણ એ કે એનો પ્રયોગ પહેલવહેલો આર્યાવર્તમાં થયો, ને ત્યાં જ એને પૂર્ણ રૂપ પ્રાપ્ત થયું.

એ ભારતીય સંસ્કૃતિ છે — એટલા માટે કે ભારત તે આર્યાવર્ત છે; અને એ સંસ્કૃતિ અહીં જ ઊગી, ફૂલીફાલી ને સચવાઈ રહી છે. આ ભૂમિ પર તેણે પ્રજાજીવનને અમુક રીતે ઘડ્યું છે, અને સમાજની પ્રવૃત્તિઓને અમુક દિશાએ વાળી છે. અહીં જ મહાપુરુષોએ એ સંસ્કૃતિના આદર્શો અનુસાર પોતાનાં જીવન ઘડ્યાં છે; અને એની અંતર્ગત કલ્પનાઓ પ્રગટ કરવામાં ને તેના આદેશ અનુસાર પ્રજાકીય સંકલ્પને ઘડવામાં આત્મસિદ્ધિની પરાકાષ્ઠા માની છે.

આ જ્યોતિર્ધરોએ સાધેલી ને ખીલવેલી કલા ભારતીય છે એ અર્થમાં કે એ સહુ ભારતમાં જન્મ્યા હતા; તેમણે આર્ય સંસ્કૃતિનાં મૂલતત્ત્વોમાંથી પ્રેરણા મેળવી હતી; અને તેઓ પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગમાં ભારતનાં જીવન તથા સંસ્કૃતિના નિર્માતા ને સ્થપતિ હતા. એ કલા ભારતીય છે — એટલા માટે કે ભારત એ કલા સોળે કળાએ ખીલેલી બતાવી શકે તો જ તેનું ભાવિ ઉજ્જ્વલ છે, નહીં તો નહીં.

પણ આ કલા જે કોઈ શીખે તે સહુને માટે એનાં દ્વાર ઉઘાડાં છે.

સર્વ પ્રકારની કેળવણી સર્જનાત્મક કલારૂપ હોઈ તે આ સર્વોચ્ચ કલામાંથી જ નિષ્પન્ન થાય છે. માણસ જ્યાં સુધી શ્રદ્ધા ને ઉત્સાહપૂર્વક એને અનુસરે ત્યાં સુધી તે માણસને ઘડવાનું ચાલુ રાખે છે.

ગીતાની શરૂઆતમાં અર્જુન નમ્ર શિષ્ય છે — જાણે મૂર્તિમંત નમ્રતા જોઈ લો. તેનામાં આત્મશ્રદ્ધા નથી, તે સાશંક છે — સર્વ વિદ્યાર્થીઓ તેમની કારકિર્દીની શરૂઆતમાં એવા હોય છે, ને હોવા જોઈએ. ગુરુ એને કહે છે કે 'તારામાં આ જે વિષાદ આવી ગયો છે તે આર્ય પુરુષને શોભે એવો નથી.' પછી ગુરુ એને શીખવે છે — કેમ જ્ઞાન મેળવવું, કેમ કર્મ કરવું, ને કેમ 'આત્મવાન થવું' તે. જાતે સાધના કરીને સંસિદ્ધિ મેળવવાની પ્રક્રિયા ભગવાન અર્જુનને આપે છે; એ પ્રક્રિયાનો વિનિયોગ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં કરી શકાય એવો છે.

આ કલાનો ઉદ્દેશ પરલોકનાં સુખ મેળવવાનો નથી. તે કેવળ ધાર્મિક કે આધ્યાત્મિક લાભ અપાવતી નથી. તે આ ભવમાં, ઇહલોકના જીવતરમાં જ, એવું સર્વોચ્ચ તત્ત્વ આણે છે — જેને લીધે જીવન સરસ ને સાર્થક બને છે. એ તત્ત્વ તે આત્મસિદ્ધિનો આનન્દ.

ગીતાના સંવાદને અન્તે ગુરુ શિષ્યને કહે છે: 'મેં તને જે કંઈ કહ્યું તે બધાને વિષે વિચાર કરી જો; અને પછી તારી મરજીમાં આવે તેમ કર.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિષ્ય ઉત્તર આપે છે: 'હે અચ્યુત! તમારી કૃપાથી મારો મોહ નાશ પામ્યો છે; મને સત્ય પ્રાપ્ત થયું છે; હું નિઃસંદેહ બનીને દઢતાથી ઊભો છું. તમે જે આજ્ઞા કરશો તે પ્રમાણે હું કરીશ.'

આ કલા ઊગતી પ્રજાને શીખવવી એ સર્જનાત્મક કેળવણીનો — અને, વસ્તુતઃ, સર્વ સાચી કેળવણીનો — ઉદ્દેશ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

સંસ્કૃતિનો સચોટ આવિર્ભાવ

'ભારતીય શિક્ષા' અર્થાત્ ભારતીય કેળવણીએ વિદ્યાર્થીને દરેક પ્રકારના વૈજ્ઞાનિક ને યાન્ત્રિક શિક્ષણરૂપી સામગ્રી પૂરી પાડવી જોઈએ એ ખરું. પણ તેણે વિદ્યાર્થીને વધારામાં એમ પણ શીખવવું જોઈએ કે ફેરફારો કરવાના અબુદ્ધિવાળા આવેશને અધીન થઈ તેણે પ્રાચીન આચાર કે વિચાર એકદમ જતા કરવા ન જોઈએ; તેમજ કોઈ નવા આચાર કે વિચાર દ્વારા, વર્તમાન યુગના સંજોગોમાં, ભારતીય વિદ્યાનો આત્મા વધારે સાચી કે વધારે સચોટ રીતે પ્રગટ થઈ શકતો હોય, તો તે બાબતના જૂના આચાર કે વિચારને — તે જૂના છે એ કારણે જ — વળગી પણ ન રહેવું જોઈએ; એટલું જ નહીં પણ તેમણે એ વિદ્યાના આત્માને પેઢી દર પેઢી નવેસર શોધી, ગ્રહણ કરી જગત આગળ તે રજૂ કરવો જોઈએ.

આ વ્યાખ્યાનોમાં અગાઉ જે સિદ્ધાન્તો ગણાવાઈ ગયા તેમાંથી ફલિત થતા ચાર જુદા જુદા ઉપસિદ્ધાન્તો પર આ ઉદ્દેશમાં ભાર મૂકેલો છે.

પહેલો ઉપસિદ્ધાન્ત તે આ: ઘડતરની કેળવણી પર ભાર મૂકવા જતાં શિક્ષકે વૈજ્ઞાનિક ને યાન્ત્રિક શિક્ષણ પ્રત્યે દુર્લક્ષ ન કરવું જોઈએ. કેળવણી એ જેમ આત્મશિલ્પની સર્જનાત્મક કલા છે, તેમ તે સામાજિક સુવ્યવસ્થા સ્થાપવાનું સાધન પણ છે. તેથી એ કેળવણીએ તૈયાર કરેલા યુવકો પાસે છેલ્લામાં છેલ્લી ઢબની સાધન—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામગ્રી ને કુશળતા હોવી જોઈએ; તો જ તેઓ પોતાના યુગના સવાલોને પહોંચી વળવા સમર્થ થાય. તેમણે એમના પોતાના યુગમાં જીવવાનું છે, અને સારામાં સારાં જે સાધનો મળી શકે તે મેળવીને સ્વદેશની તથા જગતની સેવા કરવાની છે. કેળવણી સર્જનાત્મક કલારૂપે માણસને ઘડીને સંપૂર્ણ બનાવે છે; પણ સંપૂર્ણ માણસને સુદ્ધાં કામ તો એની આસપાસના વાતાવરણ જોડે લેવાનું છે. એમ કરવા જતાં આપણા જુવાનો ભૌતિક સાધનસામગ્રીની બાબતમાં બીજાઓ કરતાં પાછળ રહી જાય એ આપણને પોસાય નહીં.

બીજો ઉપસિદ્ધાન્ત નવાં પરિવર્તનો વિષે કેવી વૃત્તિ ધારણ કરવી એ બતાવે છે. પશ્ચિમવાદ તો માને છે કે પરિવર્તન એ જીવનનું પ્રધાન તત્ત્વ છે. સર્જનાત્મક કેળવણી પાસે પરિવર્તન પરત્વે પોતાની વિશિષ્ટ દૃષ્ટિ છે. આપણી સંસ્કૃતિની જે કેન્દ્રવર્તી કલ્પના છે તેણે નવા નવા અનેક કોશોની પરંપરામાં થઈને પસાર થવું જ રહ્યું; તો જ તેની જીવનશક્તિ ટકી રહે. જીવોને પણ અનેક જીર્ણ શરીરો તજીને નવાં નવાં ધારણ કરવાં પડે છે. પણ કેવળ બહારનો વેશ બદલવાથી મુક્તિ મળતી નથી. સાથેસાથે એ પણ ખરું કે બહારનો વેશ બદલવાની ના પાડવા જતાં ગુંગળાઈ મરવાનો જ વખત આવે.

આત્મસિદ્ધિની સમતોલ યોજનામાં પ્રણાલિકા અને પરિવર્તન બંનેને સ્થાન છે. પ્રણાલિકા — અર્થાત્ રૂઢિઓની સ્થિરતા, અને સામુદાયિક જીવનનું સાતત્ય — એ જીવનની અનિવાર્ય જરૂરિયાત છે. બીજી બાજુ, સંસ્કૃતિનું નવસર્જન ચાલુ રાખવું હોય તો પરિવર્તન અપરિહાર્ય થઈ પડે છે — તેમ બને તો જ સંસ્કૃતિમાં નવી સ્ફૂર્તિ ને નવું જોમ નિરંતર ઉમેરાતાં રહે.

છતાં સાથે એ પણ જોવાનું છે કે વટોળ કે વાવાઝોડા જેવા, હચમચાવી નાંખનારા ને વાયુવેગી પરિવર્તો જે પેલી કેન્દ્રવર્તી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્પનાને દબાવી દે કે ધસડીને ફેંકી દે અથવા સંસ્કૃતિના એકધારા પ્રવાહને છિન્નભિન્ન કરી નાંખે, તે પણ મૃત્યુરૂપ છે.

એટલે, સર્જનાત્મક કેળવણી પરિવર્તન અને પ્રણાલિકા વચ્ચેના સંબન્ધ પરત્વે નીચેના નિયમો ઘડે છે:

પહેલો: ફેરફાર કરવાના નર્યા આવેશને અધીન થઈ પ્રાચીન આચાર કે વિચારને ફગોળી દેવા ઉચિત નથી;

બીજો: જેના દ્વારા સંસ્કૃતિનો આત્મા વધારે સાચી ને વધારે સચોટ રીતે પ્રગટ થઈ શકે એવો કોઈ નવો આચાર કે વિચાર મળતો હોય તો એ જગાએ પડેલા જૂના આચાર કે વિચારને વળગી રહેવાનો આગ્રહ રાખવો એ ભૂલ છે.

જૂની દુનિયા અવશ્ય બદલાવી જોઈએ; પણ નવી દુનિયામાં આપણી સંસ્કૃતિનો સચોટ આવિર્ભાવ અટકી ન જાય એટલી સાવચેતી પણ રખાવી જ જોઈએ.

નવરચના કહો કે નવસર્જન, તેનું રહસ્ય આ છે. જે જીવન-સ્વામીઓએ પાકા પાયા પર જીવનની ઈમારત રચી છે તે સહુએ શીખવેલા કીમિયાનું રહસ્ય આ છે; દયાનંદ, રામકૃષ્ણ, વિવેકાનન્દ, અરવિન્દ અને ગાંધીજીના જીવનસિદ્ધિનું રહસ્ય આ છે.

ચોથો ને છેવટનો ઉપસિદ્ધાન્ત તે આ: સંસ્કૃતિને સંપત્તિની પેઠે આપમાલિકીની વસ્તુ ગણી સંઘરી શકાતી નથી, તેમજ તે પેઢીઉતાર વારસામાં આપી શકાતી નથી. દરેક માણસે જાતે સાધના કરીને સંસ્કૃતિનો એ જીવનમન્ત્ર, પોતાને માટે તેમજ પોતાની પેઢીને માટે, નવેસર સિદ્ધ કરવો રહ્યો. વિવેકાનન્દ, અરવિન્દ અને ગાંધીજીની પેઠે દરેક તરુણે ભૂતકાળનો અભ્યાસ કરવો જોઈએ, ભારતીય સંસ્કૃતિને આત્મસાત્ કરવી જોઈએ, અને અર્વાચીન યુગની જરૂરિયાતો ને સાધનસામગ્રીનો વિચાર કરી તેને પણ અનુકૂળ થાય એવી રીતે પોતાનું જીવન ઘડવાનો પ્રયાસ કરવો જોઈએ. આવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષાર્થ થાય, તો ભારતીય સંસ્કૃતિ એ કેવળ સ્થાનિક પ્રણાલિકા ન રહે; નરી રાષ્ટ્રવાદી દૃષ્ટિ ન રહે; પણ જગદ્વ્યાપી શક્તિ બની જાય, અને માનવજાતિનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય દાખવે.

આપણી સંસ્કૃતિના પ્રાણરૂપ તેની જે કેન્દ્રવર્તી કલ્પના છે તેમાંથી ફલિત થતાં સ્થાયી મૂલ્યો — અર્થાત્ આદર્શો ને ભાવનાઓ — ને બદલવાની આપણી ઇચ્છા હોય તોયે તેમ કરવાનું આપણું ગજું નથી. કેમકે અવનતિને પંથે ચડેલા પશ્ચિમવાદનું જે બળ જગતને સતાવી ને રંજાડી રહ્યું છે તે બળનો કસીને સામનો ભારતવર્ષે કર્યે જ છૂટકો છે. માનવજાતિને આત્માના અધિક ઊંચા, અધિક ઊંડા, ને અધિક વિશાળ જીવન તરફ દોરી જવી એ મહાકાર્ય પણ ભારતને માટે જ નિર્માયેલું છે.

એશિયાનું નવનિર્માણ પણ કરવું રહ્યું છે. પશુબળ, છળકપટ, અને માનવી ગૌરવના ઇનકાર પર રચાયેલી, સહુને એક લાકડીએ હાંકવાની રાજનીતિ, એ સહુના પંજામાં આજે માનવજાતિ ભીંસાઈ રહેલી છે. તેને પશ્ચિમવાદના મોહપાશમાંથી છોડવવાનું કામ કરવાનું પડેલું છે.

આ કામ કરી શકે એવો એક જ દેશ છે: ભારતવર્ષ — બંધનમાંથી મુક્ત થયેલું, મહત્તાને શિખરે પહોંચેલું, અને પોતાની સંસ્કૃતિના મૂર્તિમંત અવતારરૂપ: પુણ્યશાળી ને પ્રોજ્જ્વલ.

ભારતીય કેળવણીએ આ કામ કરવાને લાયક એવાં સ્ત્રીપુરુષો નિર્માણ કરવાં જોઈએ. એ કેળવણી લઈને તેઓ થવાં જોઈએ આત્માથી ને દૃષ્ટિથી ખરેખરાં ભારતીય; માતૃભૂમિ વિષે અડગ અવિચળ નિષ્ઠા ધરાવનારાં; પોતાના જીવનને એકતાન અર્થાત્ યોગયુક્ત બનાવવાનો અવિરત અવિશ્રાન્ત પુરુષાર્થ કરનારાં; અને ભારતના જ્યોતિર્ધરો જીવનશક્તિની જે સર્વોત્તમ કલા શીખવી ગયા તેનાં મૂલતત્ત્વો શીખવા જગત ભારત પાસે આવે એ શુભ દિવસ માટે તૈયાર અને સુસજ્જ બનીને બેસનારાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. ક. મા. મુનશી કૃત નીચેની ચોપડીઓની
નવી આવૃત્તિઓ બહાર પડી ચૂકી છે.

કોનો વાંક? [સામાજિક નવલકથા] ૫-૦
સ્નેહસંભ્રમ [વાર્તા] ૨-૦
પીડાગ્રસ્ત પ્રોફેસર [નાટક] ૧-૮

—: તાકીદે વસાવી લો :—

પ્રાપ્તિસ્થાન

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરસ્તો : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar